श्री जैनानन्द पुस्तकालय
३०३१

વિવિધગ્રંથમાળા-મણકો ૧૨.

અક્ષરમાળા.

એટલે

આર્યધર્મનું અક્ષરદ્વારાએ કાંઈક જ્ઞાન આપનારી પોથી

રચનાર-
રા૦ કવિ છોટાલાલ કાળીદાસ (છોટમકવિ.)
મુ. મલાતજ.

આવૃત્તિ બીજી—પ્રત ૫૩૦૦.

છપાવી પ્રસિદ્ધ કરનાર—
સસ્તું સાહિત્ય વર્ધક મિત્રમંડળ
નો "મંત્રી"—અખંડાનંદ. ઠે૦ કાલબાદેવી રોડ, મુંબઈ.

આશ્વિન માસ, સં. ૧૯૬૭. (પ્રથમ વર્ષ.)

કિં. કાચું પૂઠું ૦-૨-૬, પાકું ૦-૫-૦.
સોનેરી ૦-૧૦-૦ (પોષ્ટેજ દરેકનું માફ.)

અમદાવાદમાં ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરિખ દેવીદાસ છગનલાલે છાપી.

શ્રી જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા, સુરત-૨.

Scanned by CamScanner

સૂચના–(૧) ઉપલા દરેક પુસ્તકનું પોષ્ટેજ એક આનો જૂદું સમજવું. (૨) ઉપર લખેલી કિંમતે માત્ર મુંબઈમાંથીજ મળશે. (૩) અમદાવાદમાં આ ખાતાની શાખા ઑફીસમાંથી એ દરેક પુસ્તક અર્ધો આનો વધુ કિંમતે મળશે. (૪) ભાવનગર, રાજકોટ, સુરત, ભરૂચ, વડોદરા, નડીયાદ, ઈ૦ બહારગામના વેચનારાઓ પાસેથી અકેક આને વધુ કિંમતે મળશે, અને તોપણ વી. પી. ખર્ચનો બચાવ થશે. (૫) કોઈ પણ એક યા વધુ જાતનાં મળીને ઓછામાં ઓછાં છ આનાનાં પુસ્તકો મંગાવ્યાં હશે તોજ વી. પી. થી મોકલાશે. ઓછાના જોઇયે તેમણે પોતાને જોખમે કિંમત તથા પોષ્ટેજ જોગી ટિકીટો ટપાલમાં મોકલી બુકપોષ્ટથી મંગાવી લેવાનાં છે. આ ધોરણ ગીતા અને તે સિવાયનું આ ખાતાનું દરેક પુસ્તક મંગાવતી વખતે પણ ધ્યાનમાં રાખવાનું છે.

વ્યવસ્થાપક, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય–મુંબઈ.

ઠે. કાલબાદેવી રોડ, ભાંગવાડીને નાકે, હાથી બિલ્ડીંગ, ત્રીજે માળે.

Scanned by CamScanner

નિવેદન.

સ્વર્ગસ્થ કવિ છોટાલાલ કાળીદાસ ઉર્ફે છોટમ કવિ. એમનું નામ ત્હેમનાં બનાવેલાં અનેક પદોના સંગ્રહરૂપ "છોટમકૃત કીર્તનમાળા" નામે પુસ્તકથી પ્રસિદ્ધ છે. આ પુસ્તક પણ ત્હેમનું રચેલું છે. અને તે ચાળીસ વર્ષ પર સં. ૧૯૨૭ ના અષાઢ માસમાં, તેમના બાઈશ્રી બ્રહ્મચાર્યે નાગરી લીપીમાં મુંબઈના ગણપત કૃષ્ણાજીના છાપખાનામાં છપાવી રૂ. ૧) ની કિંમતે પ્રસિદ્ધ કર્યું હતું. આ પુસ્તક ત્હેમણે સ્વ. ઑન. સર મંગળદાસ નથુભાઇને અર્પણ કર્યું હતું.

આ પુસ્તકમાં આવેલા ધાર્મિક વિચારોની ઉત્તમતા સ્પષ્ટજ છે.

ગયા શિયાળામાં આ પુસ્તક વડોદરામાં સંતરામના મંદિરના મહંત શ્રી માધવદાસજી—મહારાજ પાસે જોવામાં આવતાં તે ઉપયોગી જણાવાથી, તેમજ હાલ તે મળી શકતું પણ ન હોવાથી **વિવિધ ગ્રંથમાળાના** પ્રથમ વર્ષના છેલ્લા મણુકા તરીકે તે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ પુસ્તકની પ્રત ઉક્ત મહંતજીએ છપાવવા સારૂ આપવા બદલ ત્હેમનો ઉપકાર માનવામાં આવે છે.

જોઇયે તે સમયે ચાલુ જાતના કાગળો ન મળી શકવાથી આ મણુકા માટે બીજી જાતના કાગળોની પસંદગી કરવા જરૂર પડી હતી, અને ચાલુ કરતાં ડબલ કિંમતના કાગળો થોલ પડતા સહજ વધુ કિંમતે મળી આવવાથી, આ પુસ્તક તેનાપરજ છપાવવામાં આવ્યું છે. વાંચનારાઓને કાગળો સંબંધી આવો લાભ અનાયાસે જ્યારે પણ આપવા બને તેમ હશે ત્યારે અપાશેજ.

વિવિધ ગ્રંથમાળાની પ્રથમ વર્ષની તથા બીજા વર્ષની હકીકત હવે પછી નિવેદન કરાય છે તે તરફ દરેક વાંચકનું ખાસ ધ્યાન ખેંચી સચ્ચિદાનંદ સ્વરૂપ સર્વેશ્વરના સ્મરણપૂર્વક ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

મુંબઈ શરદપૂર્ણીમા, **અખંડાનંદ.**
સંવત, ૧૯૬૭. 'મંત્રી' સ૦ સા૦ વ૦ કાર્યાલય.

Scanned by CamScanner

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
૧ મંગળાચરણ દોહા.	૧
૨ ઉત્પત્તિ વિષે ચોપાઈ.	૨
૩ વેદની ઉત્પત્તિ વિષે.	૫
૪ નરદેહની શ્રેષ્ઠતા વિષે.	૭
૫ ત્રિવિધ કર્મ વિષે...	૧૦
૬ પૂર્વજન્મ વિષે.	૧૨
૭ ધર્મ વિષે.	૧૪
૮ વર્ણાશ્રમ ધર્મ વિષે.	૧૭
૯ વિષય સુખની અનિત્યતા વિષે.	૧૯
૧૦ દશધા ભક્તિ વિષે.	૨૨
૧૧ અષ્ટાંગ યોગ વિષે.	૨૫
૧૨ બ્રહ્મનિરૂપણ વિષે.	૨૭
૧૩ ઉપાસના કુતૂહળ વિષે	૩૦
૧૪ અશરીરી ઈશ્વર વિષે.	૩૩
૧૫ અશરીરી ઈશ્વર કર્તા વિષે.	૩૫
૧૬ વેદ મહિમા વિષે.	૩૮
૧૭ ષટ્શાસ્ત્ર વિષે.	૪૦
૧૮ પાખંડ વિષે.	૪૩
૧૯ ઠગ ગુરુ વિષે.	૪૫
૨૦ ચાર પુરુષાર્થ વિષે.	૪૭
૨૧ પંચકર્મ ગતિ વિષે.	૪૯

Scanned by CamScanner

વિષય.	પૃષ્ઠ.
૨૨ સ્વર્ગ વિષે.	૫૧
૨૩ નરક વિષે.	૫૩
૨૪ સ્થૂલાદિ ચાર દેહ વિષે.	૫૫
૨૫ સત્સંગ મહિમા વિષે.	૫૮
૨૬ કુસંગ વિષે.	૬૧
૨૭ ભક્તના એકવીસ નિયમ વિષે.	૬૩
૨૮ ભક્તના એકવીસ નિયમ વિષે.	૬૬
૨૯ ચાર પ્રલય વિષે.	૬૮
૩૦ બ્રહ્મસંબંધ વિષે....	૭૦
૩૧ મુમુક્ષુ વિષે.	૭૨
૩૨ ભવતરણ વિષે.	૭૪
૩૩ અવિનાશી સુખ વિષે.	૭૬
૩૪ મુક્તાત્મા વિષે.	૭૮
૩૫ દોહા (ઉપસંહાર)	૮૦

Scanned by CamScanner

લવાજમ વધશે?

"વિવિધ ગ્રંથમાળા" દ્વારા જેટલા અલ્પ મૂલ્યે ઉપયોગી વાંચન અપાય છે, તે જોતાં ત્હેનો લાભ લેનારાઓની સંખ્યા, લોકોને જાણુ પડતી જશે તેમ તેમ પાંચ હજાર તો શું, પણુ દસ, વીશ કે પચ્ચીસ હજારની, અને તેથી પણુ વિશેષ થાય તો આશ્ચર્ય જેવું નથી; પરંતુ શરૂઆતમાં ઓછા ગ્રાહકોને લીધે જે નુકશાની ખમવી જોઇએ ત્હેને માટે આ ખાતાની સ્થીતિ અનુકૂળ ન હોવાથી ઓછામાં ઓછાં પાંચ હજાર ગ્રાહકો પ્રથમ વર્ષની આખર સુધીમાં થઇ જવાની ખાસ આવશ્યકતા હતી; જે ગયા નવમા મણુકામાં વિદિત કરવામાં આવી હતી. તે પછી મણુકા ૧૦-૧૧ રવાના થતાં સુધીમાં એ સંખ્યા ૧૭૦૦ ઉપરથી વધીને ૨૫૦૦ ઉપર ગઇ હતી, અને તે પછી અત્યાર સુધીમાં તે ત્રણુ હજારપર આવી છે.

ઉપલી સંખ્યા પણુ હજી અધુરીજ હોવાથી બીજા વર્ષથી લવાજમ વધારી લેવું, એજ વ્યવહારિક માર્ગ કહી શકાય; પરંતુ અનાવૃષ્ટિનો સમય છતાં છેલ્લા બે ત્રણુ માસમાં ગ્રાહકોની વૃદ્ધિનું જે પ્રમાણુ જણુાયું છે, તે ઉપરથી આશા રાખવાને કારણુ મળ્યું છે કે-અને તેથી ગ્રાહકોના શુભ પ્રારબ્ધ, પ્રયત્ન અને પ્રભુકૃપામાં શ્રદ્ધા છે કે-બીજા ચાર છ માસમાં પાંચ હજારની સંખ્યા પૂરી થઇ જશેજ.

ઉપલી માન્યતાને આધારે "વિવિધ ગ્રંથમાળા"નું મૂલ્ય જેનું તે કાયમ રાખીને, તેના દરેક પુસ્તકની આવતા (સં. ૧૯૬૮ ના) વર્ષમાં પણુ ૫૩૦૦ પ્રત છપાવવા ગોઠવણુ કરી છે.

એક બીજી મુશ્કેલી.

વિના ગ્રાહકે અને ખાતાના ફંડની યોગ્ય સ્વતંત્ર સગવડ વિના ઉપલા કારણુસર દરમાસે જે બબે હજાર વધુ પ્રતો છપાવવાની તે ખાતે,

Scanned by CamScanner

અને ચાલુ (સંવત ૧૯૬૭ ના) વર્ષમાં પણ દરેક મણકાની શિલક રહેલી બબ્બે હજાર પ્રતો ખાતે, દ્રવ્યના રોકાણની જે મુશ્કેલી વેઠાઇ છે, અને વેઠવી પડશે, તે બાબત વિષે અહિં લંબાણ કરવા ઇચ્છા નથી.

અહિં વાંચનારને કદાચ તુરતજ કહેવાનું મન થઇ આવશે કે તેમજ છે તો શા માટે સંસ્થાનું જાહેર બંધારણ બાંધીને સારૂં જેવું ફંડ ઉઘરાવવાનો પ્રયાસ કરતા નથી?

ઉપલી સૂચના વ્યવહારૂજ છે, પરંતુ યોજનાની બાબતમાં પૂરતા જાતિઅનુભવથી કે મહેનતથી કાર્ય કરવાની યોગ્યતા કે અવકાશ વિનાના, અને માત્ર કીર્તિલોભ, સત્તાલોભ, આડંબર કે ઉપલકીયા લાગણીથી આકર્ષાઇને નાણાંની રકમો ભરાનારાઓની દ્રવ્યસત્તાને આધીન, પોતાની શારીરિક અને માનસિક શક્તિને મૂકવાનું બંધારણ હજી સુધી તો આ લખનારની આવડત અને રૂચિની બહારજ રહ્યું છે, તે બાબતમાં અન્ય નવિન કારણો અને સંયોગો નીકળી આવીને વિશેષ હિતનું ભાન અને રૂચિ ઉપજાવે નહિ, ત્યાં સુધી ત્હેનાથી તેમ બનવું મુશ્કેલ છે.

અહિં ઘણાને પ્રશ્ન થશે કે "ત્યારે અત્યાર સુધી આ બધું કેમ ચાલે છે?" આનો ટુંક ખુલાસો આ પ્રમાણે છે કેઃ—

આ સંસ્થાનું હાલનું બંધારણ અને તેનું કારણઃ—

સસ્તા સાહિત્યના કાર્યમાં થોડું કે ઘણું બહારનું ઉછીનું દ્રવ્ય રોકાયું હોય અને રોકાય, ત્હેને શરીરની ક્ષણભંગુરતા જોતાં અવ્યવસ્થાજન્ય બાધ ન લાગે, અને સર્વ કાર્ય રૂડી રીતે આરોપી લેવાય; તથા આ લખનારની સર્વ મુખત્યારી નીચે સોંપાયલી છસો રૂપિયાના ફંડની માલિકી ત્હેની અંતરરૂચિ અને બહારના વેષને અનુચિત થઈ પડે તેમ હતી, તેમ ન થાય; એવા હેતુને લીધે ટ્રસ્ટના ધોરણને

Scanned by CamScanner

મળતી આ સંસ્થા, એક સાદા લેખને આધારે, ત્રણેક વર્ષપર રચાઈ છે. જેમાં આ લખનાર, વૈદ્ય અમૃતલાલ સુંદરજી પઢીયાર, અને બીજા એક ગૃહસ્થ, મળીને કુલ ત્રણ સભ્યોની હાલ આ સંસ્થા બનેલી છે.

આ સંસ્થાના નિયમોની મતલબ આ છે કે—સંસ્થાની સર્વ વ્યવસ્થાની મુન્સફી મંત્રીને; અને કોઇ પણ કારણે મંત્રીને યા અન્ય મેમ્બરને વધુ મતે દૂર કરવાની, તથા બીજો નીમવાની, અને ફંડ વિગેરેની સર્વોપરી સત્તા સંસ્થાને રહેલી છે. જરૂર પડે તેમ સંસ્થાના બંધારણને વધારવા બાબત અને ત્હેને કાયદેસર રજીસ્ટર્ડ કરાવવાની બાબત ધ્યાનપરજ છે.

આ સંસ્થાનો હિસાબ અને રિપોર્ટ પ્રસિદ્ધ કરતા રહેવાની ઇચ્છા છતાં ખર્ચની અને માણસોની તંગી તથા અન્ય કારણો અને રોકાણોને લીધે ત્રણેક વર્ષ થવા આવ્યાં છતાં હજી તેમ બની શક્યું નથી.

અત્યાર સુધીમાં નીકળેલાં પુસ્તકો, તથા તે ખાતે રોકાયલા દ્રવ્યની સગવડ.

અત્યાર સુધીમાં **શ્રીમદ્ ભગવદ્ ગીતાની ચાર આવૃત્તિઓ** (ચોથી આવૃત્તિ થોડાં અઠવાડિયામાં બહાર પડશે તે સાથે) પ્રત ૫૨૦૦૦, **શ્રીમદ્ ભાગવતનો એકાદશસ્કંધ** બે આવૃત્તિ પ્રત ૧૪૦૦૦, **દશમસ્કંધ** પ્રત ૪૦૦૦, **યોગવાસિષ્ઠનાં વૈરાગ્ય મુમુક્ષુ પ્રકરણ** પ્રત ૪૦૦૦, **સદ્ગુણી બાળકો** બે આવૃત્તિ પ્રત ૪૪૦૦, **નશીબ ફેરવવાની કુંચી** પ્રત ૨૦૦૦, **બાળસદ્બોધ** પ્રત ૨૦૦૦, **સુબોધરત્નાકર** પ્રત ૨૦૦૦, **બાળકોની વાતો** બે આવૃત્તિ મળીને પ્રત ૪૦૦૦, આટલાં મળીને કુલ ૮૮૪૦૦. પુસ્તકો પડતર સસ્તી કિંમતે આ ખાતાદ્વારા અત્યાર સુધીમાં જે બહાર પડયાં છે, તેમાંનાં કેટલાંક આ ખાતાના ઉપર જણાવેલા ફંડવડે, ને બાકીનાં દસેક સદ્ગૃહસ્થોએ (ઉછીના જેવી જવાબદારી રહિત) ઉછી દાખલ સ્વ-

Scanned by CamScanner

ઇચ્છાએ રોકેલા દ્રવ્યવડે નીકળેલાં છે. જેમાંના પાંચેક જણુને ત્હેમના પૈસા તે તે પુસ્તકનું વેચાણુ થઈ જઇને પાછા મળી ગયા છે; એકાદ બે જણુને વેચાણુના પ્રમાણુમાં અધૂરા મળ્યા છે, અને ત્રણુ જણુના છેક ચાલુ વર્ષમાં અને ત્હેના પણુ છેલ્લા ભાગમાં રોકાયેલા છે, તે હજી રોકાણુમાંજ છે.

જેઓ સારાં પુસ્તકો એવી રીતે પોતાના પૈસા ઉછી દાખલ રોકીને આ ખાતાદ્વારા યા બીજી કોઇ રીતે સસ્તી કિંમતે ફેલાવવા ઇચ્છતા હોય, તેમને માટે હજી ઉપયોગી ન્હાનાં તેમજ મ્હોટાં અનેક પુસ્તકો પડેલાં છે; તેમજ માત્ર ઉછી દાખલ આવા કામમાં નાણું રોકી શકે એવા સમજુ શ્રીમંતો પણુ કંઇ એક પડેલા છે; પરંતુ ત્હેમને ત્યાં જઇને વિના પૂછયે અમુક પરોપકારની બાબત સમજ સૂચના આપવા જતાં સ્હામા માટે સ્વાર્થનો વ્હેમ ન લે, અને ખુશામત તથા કીર્તિનાં વચનો વિનાજ એક રૂડી વાતની યથાર્થતા સમજી શકે એવા સદ્‌ગૃહસ્થો તો હજી આ દેશમાં વિરલજ હોવાથી તેમ કરવા તરફ યોગ્ય રૂચિ પ્રકટતી નથી.

વળી "વિવિધ ગ્રંથમાળા" અને આવાં બીજાં પુસ્તકોની વ્યવસ્થા ખાતે ખર્ચની સગવડની ન્યૂનતાને લીધે રાત દિવસ જે જાતિ રોકાણુ વેઠવી પડે છે, તેને લીધે એવી બાબત ખાતે અવકાશ મળવો પણુ મુશ્કેલ છે.

વ્યવસ્થાની બાબતમાં જોઇતા પ્રમાણિક, ખંતિ, વિદ્વાન્, અને તે સાથે પોતાની યોગ્યતાની વાત બાજુ રાખી આત્મભોગના ધોરણે સાદી આજીવિકાથી ચલાવી લેનારા સજ્જનોની પૂરતી સગવડ નીકળી આવે તો કેટલોક અવકાશ મળી શકે; અને ઉપર જણાવેલી તેમજ આ ખાતાદ્વારા અને બીજી રીતે બની શકે એવી ઉન્નતિને લગતી બીજી કંઈ એક બાબતો તરફ ધ્યાન આપી શકાય.

Scanned by CamScanner

છેક આત્મભોગના ધોરણથી નહિ તો કંઇક મધ્યમ ધોરણથી આ ખાતાના કાર્યમાં જોડાઈ શકે એવા કોઈ કોઈ સજ્જનોની પ્રતિતી હવે થવા લાગી છે, અને કેટલાક વખતમાં એ ખાતે કંઇક સારા પરિણામની આશા રહે છે. સર્વેશ્વરની ઇચ્છા હોય તેમ થાઓ!

આ સંસ્થાના ફંડની વૃદ્ધિ ખાતે પ્રયાસ ન થવાનું કારણ.

આ ખાતાના ફંડની વૃદ્ધિ કરવા ખાતે કરવો જોઇતો ખાસ પ્રયાસ પણ ઉપર જણાવ્યું તેમ મુખ્ય કરીને રૂચિ–પ્રકૃતિની વિચિત્રતાને લીધે, અને વ્યવસ્થાની વિશેષ રોકાણને લીધે બની શકતો નથી. વળી ચાલુ કાર્યમાં ક્ષતિ આવે તેમ કરીને એવા પ્રયાસમાં રોકાવું, એ પણ ઠીક ભાસતું નથી. માટે જે સર્વેશ્વરની સત્તા સ્ફૂર્તિથી આ યોજના ઉદ્ભવી છે, હેને આધારે અનાયાસે જ્યારે જે અને જેમ બનવું હોય તેમ બનો, એવી શ્રદ્ધા રાખવાનુંજ હાલ તો બની શકે તેમ છે.

ખરૂં છે કે જેઓ તન મન અને ધન ત્રણેમાં સર્વથી ઉતરતી માત્ર ધનનીજ મુખ્ય સંપત્તિવાળા, અને ખુશામત પ્રિય ધનપતિઓ હોય, તેઓ ગમે તેવી ઉત્તમ પરોપકારની બાબતો પણ સ્વબુદ્ધિથી નજ સ્હમજી શકે; અને તેથી પૂજ્ય પ્રભુનાં એ ન્હાનાં છતાં લાડકડાં બાળકોને જનસેવાર્થે મન મારીને પણ પ્રિયવાણી અને નમનથી રાજી કરવાં જોઇએ; અને તેમ કરીને ગાડરીયા પ્રવાહમાંથી વાળીને દેશકાળને અનુસરતા યોગ્ય પરોપકારને માર્ગે તેમના દ્રવ્યની વિશેષ સાર્થકતા થાય તેમ કરવું જોઇએ; પરંતુ ઉપર જણાવેલ કારણોને લીધે, અને અંતર્યામિની દૃઢ પ્રેરણાને અભાવે, હાલ તો તેવું કશું બની શકતું નથી.

ફંડ બાબત હાલની ગોઠવણ.

ઉપલાં કારણોથી હાલમાં તો જેઓ સ્વરૂચિથી સ્વદ્રવ્યની સાર્થકતા સ્હમજીને વા સ્વકલ્યાણ કે ફરજ સ્હમજીને આ સંસ્થાના કાર્યમાં

Scanned by CamScanner

પોતાનો થોડો યા ઘણો આર્થિક હિસ્સો જોડવા ઇચ્છતા હોય, જેઓ કાર્યનો પ્રત્યક્ષ વિસ્તાર, ઉપયોગીતા અને પરિણામ સ્હમજી શકતા હોય, અને જેઓ સંસ્થા પ્રત્યે કાંઇ પણ સકામતા શિવાય મદદ કરવા ઇચ્છતા હોય, ત્હેમને માટે તેમ કરવાનો માર્ગ ખુલ્લો રાખવા ઉપરજ સંતોષ રાખવો પડયો છે. ગયા ૧૦-૧૧ મા મણુકામાં તેમજ આ પુસ્તકમાં **સાભારસ્વીકાર** એવા મથાળા નીચે આવેલી હકીકત ઉપરથી દરેક વાંચનારને તે સ્પષ્ટ થશેજ.

ફંડનો ઉપયોગ.

ઉપલા પ્રકારે જે કાંઇ સહાય મળેલી છે તથા મળશે; તેમજ આ સંસ્થા પાસે અગાઉનું જે મૂળ ફંડ છે; તે સર્વની ગણના આ સંસ્થાના ફંડ તરીકેજ છે. આ ફંડનો ઉપયોગ બનતે પ્રકારે સારાં પુસ્તકો છપાવવામાં, ગ્રંથમાળાઓ શરૂ કરવામાં તથા ચલવવામાં, અને ત્હેને લગતું જોખમ ખેડવું પડે ત્યારે ખેડવામાં, અને પુસ્તકો તથા ગ્રંથમાળાઓ ખાતે ખોટ ખમવાની આવે ત્યારે ખમવામાં, સસ્તા સાહિત્યને લગતી અથવા બીજા કોઇ પણ રૂડા પ્રકારની જનસેવાની યોજના શરૂ કરવામાં, ચલવવામાં તેમજ તે ખાતે ખોટ ખમવી પડે ત્યારે તેમ કરવામાં થયો છે, થાય છે, અને થશે.

ઉપલા ફંડ ખાતે જે કાંઇ મદદ મળે તેનો "વિવિધ ગ્રંથમાળા" દ્વારા સ્વીકાર કરવામાં આવે છે.

આ ખાતાની હાલની સ્થીતિ અને ભવિષ્ય માટેના વિચારો, સ્હમજુ વાંચકોથી હવે અજાણ્યા નથી. સહજ સ્વભાવે જે કાંઇ બન્યું તે થયું છે, થાય છે, અને થશે.

દરેક પગલું ત્હેમાં રહેલા જોખમ, ખર્ચ, અને સગવડનો અગાઉથી બનતો વિચાર કરીનેજ ભરાય છે; અને બહારથી જે કાંઇ સહાય સંસ્થાને મળતી જાય તેના પ્રમાણમાં ખાતાની સાહસ-

Scanned by CamScanner

શક્તિમાં, નવિન યોજનાઓ સત્વર અમલમાં મૂકવામાં, અને વ્યવસ્થામાં વિશેષતા અને સુગમતાજ થાય તેમ છે. એમાં કાંઇ નવું કહેવાનું નથી.

વિશેષ સ્હમજુ પુરૂષોજ આમ સ્વઇચ્છાએ સહાય કરવા નીકળી આવે તેમ છે, અને તેવા થોડાજ હોય છે, પરંતુ જનસમાજનું પ્રારબ્ધ અને સ્વઉપાધિના હિતને અનુસરીને સર્વેશ્વર રાખે તેમ રહેવા ઇચ્છનાર આ લખનારના મનરૂપી વિદ્યાર્થિ બાળકને એ વાતની શી ચિંતા ?

'મંત્રી'

વિવિધ ગ્રંથમાળાનું પ્રથમ વર્ષ.

સર્વેશ્વરની કૃપાથી આ બારમા મણકાની સાથે "વિવિધ ગ્રંથમાળા" નું પહેલું (સંવત ૧૯૫૭ નું) વર્ષ ભવિષ્યનાં શુભ ચિન્હો સાથે સમાપ્ત થાય છે. હવે પછીના તેરમા મણકાથી ત્હેનો બીજા વર્ષમાં પ્રવેશ થશે.

આ વર્ષમાં નીકળેલાં પુસ્તકોની પ્રાપ્ત સાધનોને અનુસરીને યથામતિ કરાયલી પસંદગીને ગુણગ્રાહી વાંચક બંધુઓએ સંતોષકારક માની છે. દિવસે દિવસે પસંદગીના ક્ષેત્રમાં અને અન્ય સંયોગોમાં થવા માંડેલી વૃદ્ધિને લીધે આવતાં વર્ષોનાં પુસ્તકોની પસંદગી, છપાઈ, સંશુદ્ધિ, ઇ૦ બાબતોમાં વિશેષતા આવવી સંભવિત છે.

ચાલુ વર્ષમાં પુસ્તકો રવાના કરવામાં કોઈ કોઈ વખતે નિયમિત સમય કરતાં મોડું થયું છે, અને કોઇક વખત અગાઉથી આપેલો ઢીલનો સમય પણ સચવાઇ શક્યો નથી. જે સમાજમાં નિય-

Scanned by CamScanner

મિતપણાનો ગુણ જોઇએ તેવો ન હોય, અને વ્યવસ્થાનો મુખ્ય આધાર એ સમાજમાંનીજ વિવિધ વ્યક્તિઓપર રહેલો હોય, વળી ઓછા ખર્ચે અને થોડાં માણસે કામ લેવાનું હોય, ત્યારે તેમ થાય એ સંભવિતજ છે. દિવસે દિવસે સંયોગો સુધરવા સાથે આ બાબતમાં પણ સુધારો થવા સંભવ છે.

નિયમિત સમય કરતાં કોઈ કોઈ પુસ્તક વહેલું પણ મોકલી શકાયું છે. આવતા વર્ષમાં એવા પ્રસંગો વિશેષ બને તેમ છે. જલદી રવાના કરવાથી વ્યવસ્થામાં પણ કેટલીક સુગમતાજ થાય છે. નિયમિત સમય કરતાં વહેલું મળે તોપણ ન રૂચે એવા કેટલાક વાંચકબંધુઓ પાસે એટલી છૂટ માગવાની કે ખાતાની સુગમતા અર્થે એ પ્રકાર ચલાવી લેવો પડશે.

આ પ્રથમ વર્ષનાં બાર પુસ્તકો (મણુકાઓ) મળીને તેમાં કુલ લખાણ ૯૫ ફૉર્મ જેટલું અને ૬૨ ફૉર્મનાં સોળ પૃષ્ટ મુજબ કુલ ૧૫૨૦ પૃષ્ટ જેટલું હતું. જેમાંથી નિયમ પ્રમાણે બહારની મૂલ્ય લઈ દાખલ કરેલી જાહેરખબરો શુમારે પચ્ચીસેક પૃષ્ટની બાદ થતાં નક્કી પૃષ્ટ ૧૪૯૫ રહે છે, જેમાં નિયમાનુસાર આ ખાતા તરફની શુમારે ૨૫ પૃષ્ટની તેમજ બહારનાં માસિકો ૪૦ ની બદલામાં લીધેલી તથા અનાથાશ્રમની મુફત લીધેલી શુમારે ૨૫ પૃષ્ટની જાહેરખબરો પણ આવી જાય છે.

જે જે પુસ્તકો બીજી વખત છપાવવાં પડેલાં તેની તે બીજી આવૃત્તિ ઉપરથીજ ઉપલી સંખ્યા આપેલી છે; પહેલી આવૃત્તિની પ્રતો પ્રમાણે ગણતાં તેમાં ખાતા તરફની તથા બદલાની જાહેરખબરો વધુ હોવાથી ઉપલી સંખ્યામાં શુમારે ૭૫ પૃષ્ટનો વધારો થશે.

ઉપર જણાવેલી ૧૪૯૫ પૃષ્ટની નક્કી સંખ્યા ઉપરાંત આ વર્ષમાં બે છબી આપવામાં આવી છે; જેના ખર્ચના બદલા જોગી પૃષ્ટ સંખ્યા નિયમ પ્રમાણે દોઢ હજાર પૃષ્ટમાંથી ઓછીજ અપાવી જોઇએ.

Scanned by CamScanner

નિયમ કરતાં આમ કંઇપણ વિશેષ રજુ કરી શકાય એ આનંદની વાત છે; છતાં કોઈ વર્ષે સહજ ઓછી સંખ્યા આવે, તો વાંચનારે આવી વિશેષતા યાદ લાવીને નારાજ થવું જોઇએ નહિ.

પુસ્તમાં "વિવિધ ગ્રંથમાળા"ના બેહજાર ગ્રાહકો અડસટ્ટી ત્હેની ૨૩૦૦ પ્રત દરમાસે છપાવવાનું રાખ્યું હતું, પરંતુ સમાજની તેના તરફ જે અસાધારણ રૂચિ થોડાજ માસમાં પ્રતિત થઈ તે ઉપરથી એટલી પ્રતો થોડી પડવા સંભવ જણાતાં પાંચમાથી નવમા પુસ્તક સુધી ત્હેની ૩૩૦૦ પ્રત છપાવવાનું રાખ્યું હતું; અને તે પછી ઉપલા વર્ગનાં ગ્રાહકોની અછતને લીધે લવાજમ વધારવું પડવાનો પ્રશ્ન જાગતાં તે માટે આવશ્યક પાંચહજાર ગ્રાહકોને પહોંચી વળાય તે સારૂ ૫૩૦૦ પ્રત છપાવવાનું રાખ્યું હતું; તથા પાછલાં પુસ્તકોની ખૂટતી પ્રતો ફરીથી છપાવી લેવામાં આવી હતી.

આ પ્રમાણે છપાવવાની વ્યવસ્થાનો બોજો વધી જવાથી તેમજ અજમાયશ તથા તાકીદને ખાતર જુદાં જુદાં પ્રેસો અને માણસોદ્વારા કામ લેવું પડતાં પુસ્તકોની છપાઇ, ફોલ્ડીંગ અને બંધાઇ બાબતમાં કેટલેક અંશે ન્યૂનતા વેઠવી પડી હતી. શરૂઆતનાજ વર્ષમાં એવી ન્યૂનતા આવી અરૂચિના કારણરૂપ થઇ પડે; એ અઠીક છતાં નવિન કામોમાં સાવચેતી રાખવા ઉપરાંત બીજું પરિણામ ત્હેનું નહતું. પ્રભુ કૃપાએ હવે એ બાબતમાં પણ સુવ્યવસ્થા આવવા માંડી છે.

"વિવિધ ગ્રંથમાળા" ના પહેલા વર્ષમાં અનેક સજ્જનો અને ગ્રાહકોની મહેનત છતાં પાંચહજાર ગ્રાહકો પુરાં ન થવાથી દરમાસની શિલકે રહેલી વધારાની અબેહજાર પ્રતો ખાતે દોઢથી બેહજાર રૂા. ની ભીડ, અને બને તેટલી મહેનત તથા કરકસરથી કામ લેવાયા છતાં હજારેક રૂપિયા સુધીની ખોટ આ સંસ્થાને ભોગવવી પડશે; જેનો વિગતે હિસાબ અવકાશે તેયાર થયે પ્રસિદ્ધ થશે.

Scanned by CamScanner

પુરતાં ગ્રાહક થઈ શિલક પ્રતો ખપી જતાં સુધીને માટે એ ભીડને પહોંચી વળવા સારૂ જૂદા જૂદા સજ્જનોની રકમો ઉછી દાખલ રોકવામાં આવી છે.

અત્યાર સુધીમાં જે થોડી ઘણી મદદ મળી ચૂકી છે, તે આ તેમજ આગલા પુસ્તકમાં જણાવેલી છે; જેવડે ઉપલી ખોટનો અમુક ભાગ પુરાશે, અને ઇશ્વરેચ્છાએ વધુ મદદ નીકળી આવશે તો સઘળો ભાગ પણ તેવડેજ પુરાશે. છતાં ખુટશે તો આ સંસ્થા પાસેના ફંડનો ત્હેમાં ઉપયોગ થશે.

આમ વિના માગ્યે મદદ મોકલનારાઓ માટે અમને ઘણુંજ માન ઉપજે છે. ખુશામતપ્રિય મનુષ્યો જેટલા ઉપેક્ષાને પાત્ર છે, તેટલાજ આ મનુષ્યો ધન્યવાદને પાત્ર છે.

હાલના ગ્રાહકોના પ્રયાસથી પાંચ હજાર ગ્રાહકોની સંખ્યા પુરી થઇ જતાં સંસ્થાને આ ગ્રંથમાળા બાબત હાલ જે તંગી ભોગવવી પડે છે, તેમજ આવતા વર્ષમાં ભોગવવી પડે તેમ છે, તેનો પણ અંત આવશેજ.

વિશેષ હકીકત.

આ "વિવિધ ગ્રંથમાળા"ની શરૂઆત સંસ્થા પાસેના ફંડના જોખમે, અને છેક મધ્યમ સ્થીતિના એવા બે મિત્રોના રૂ. ૬૦૦) ઉછીના મેળવીને કરવામાં આવી હતી, અને લવાજમની આવક શરૂ થતાં થોડાજ માસમાં ત્હેમનું દ્રવ્ય પાછું મોકલી આપવામાં આવ્યું હતું.

એક સસ્તું મળતું હોય તેજ પુસ્તક સારા કાગળો અને બાઇંડીંગવાળું વધુ કિંમતનુ મળતું હોય તે ધનવાનોએ ખરીદવુંજ, એવા આગ્રહથી નહિ, પરંતુ તેવાં પુસ્તકોના શોખીનો હોય ત્હેમને માટે, "વિવિધ ગ્રંથમાળા"ના વાર્ષિક રૂા. બાર અને છના મૂલ્યવાળા ઉપલા બે વર્ગો રાખવામાં આવ્યા હતા. અને જેમને આ કાર્યે સારૂં

Scanned by CamScanner

જણાય ત્હેમની પાસેથી વાર્ષિક રૂા. ૧૨-૦-૦ ની મદદ મેળવવાના હેતુથી સહાયક વર્ગની ગોઠવણ કરવામાં આવી હતી.

ઉપલી ગોઠવણુમાં વાર્ષિક મૂલ્યની યોજના એવા ધોરણુથી યોજી હતી, કે જેથી વ્યવસ્થાખર્ચનો સારોજેવો હિસ્સો ઉપલા વર્ગના લવાજમમાંથી વસુલ થાય, અને નીચેના બે વર્ગોને શિર તે બોજો ઓછો રહે.

ઉંચા વર્ગોના સંબંધમાં સંતોષકારક પરિણામ ન જણાય તો વ્યવસ્થાખર્ચ નિભાવવાની મુશીબત સ્પષ્ટજ હતી; પરંતુ તેમજ થાય તો પ્રથમ વર્ષની ખોટમાં આ ખાતાના ફંડને જતું કરી, બીજા વર્ષથી લવાજમ વધારવું, અથવા તો અન્ય કોઈ માર્ગ અનુભવથી દેખાય તે લેવો, એવો વિચાર રાખીને ગરીબ અને મધ્યમ વર્ગને બને તેટલા ઓછા મૂલ્યે ગ્રંથમાળા પૂરી પાડવાની અજમાયશ શરૂ કરવામાં આવી હતી.

અત્યાર સુધીમાં એમાંના સહાયક વર્ગમાં માત્ર એકજ નામ હડાલાના દરબારશ્રી વાળા વાજસુર મહાશયનું આવેલું છે. અને પુત્રના પગ પારણામાંથીજ સ્હમજાતાં પહેલા વર્ગનાં પુસ્તકો તૈયાર કરવાનું તો ત્રીજા મણુકાથીજ બંધ રાખવામાં આવ્યું હતું.

બીજો વર્ગ જેનું વાર્ષિક મૂલ્ય રૂા. ૬-૦-૦ છે, ત્હેનાં ગ્રાહકો અત્યાર સુધીમાં ૨૦ થી ૨૫ થએલાં છે, જ્યારે પ્રતો તે વર્ગને લગતી દર માસે સો સો તૈયાર કરાવવી પડી છે; આથી શિલક રહેલી પ્રતો બદલ ત્રણુસો યા વધુ રકમની ભીડ સંસ્થામાં પેઠી છે.

આ વિગેરે કારણોથી આ બીજા વર્ગનાં ગ્રાહકો વધે તેમ કરવા જરૂર સ્હમજી, એ વર્ગપરનો ખર્ચનો વધારાનો બોજો કમી કરીને તથા તેમાં કાગળો હવેથી ૫૦ રતલી ગ્લેજ અથવા એન્ટીક પેપર વાપરવાનું, અને પૂઠાં જેવાં ને તેવાં સોનેરી કરાવવાનું કાયમ રાખીને, વાર્ષિક લવાજમ રૂ. ૬-૦-૦ ને બદલે રૂ. ૪-૮-૦ એટલે કે રૂ. ૧-૮-૦ આવતા વર્ષથી ઓછો લેવાનું ઠરાવવામાં આવ્યું છે. બીજા વર્ષની આખર

Scanned by CamScanner

સુધીમાં સો ગ્રાહકો પણ આ વર્ગનાં નહિ થાય તો તે પછી તે ચાલુ રહેવો મુશ્કેલ છે.

સહાયકવર્ગ, પહેલો વર્ગ, અને બીજા વર્ગનાં ગ્રાહકો માટે યોજનાની શરૂઆતમાં સારો સંભવ ધારેલો તેમાં એક આવી પણ ગણતરી હતી કે, જે શ્રીમાનો ખુશામતપ્રિય હોય ત્હેમને પણ જનહિતને ખાતર તે પ્રકારવડે ગ્રાહક થવા સ્હમજાવી તે વર્ગોનાં ગ્રાહક વધે તેમ કરવું.

જો આવો યત્ન બની શક્યો હોત તો કબૂલ કરવું જોઇએ કે તે વર્ગનાં વિશેષ ગ્રાહકો મેળવી શકાયાં હોત; પરંતુ ગ્રંથમાળાની શરૂઆત થતાંજ ખાતાનો એક અગત્યનો માણુસ બિમાર પડી જવાથી અને તે સ્થાતિ અદ્યાપી સુધી આખું વર્ષ પહોંચવાથી, તદ્દન નવિન બિન અનુભવી માણુસોથી,–અને તે પણ ખર્ચની સગવડના અભાવે ઓછા પગારના માણુસોથી–કામ લેવું પડવાને લીધે, તથા વ્યવસ્થાનો બોજો મ્હોટા ભાગે જાતેજ ઉઠાવી લેવો પડવાને લીધે, તેવા પ્રયાસ ખાતે કશુંજ કરી શકાયું નહિ; અને વર્ષ પુરૂં થઈ ગયું. બીજા હાથપર ત્રીજા અને ચોથા વર્ગના ગ્રાહકોનું પ્રમાણ ઠીક વધતું જોઇ ત્હેમનીજ મદદવડે તે વર્ગોનાં પાંચહજાર ગ્રાહકો સત્વર પૂરાં કરી શકાવાની –અને તેમ થતાં ઉપલા વર્ગો વિના પણ ચલાવી શકાવાની–આશા ઉત્પન્ન થઈ આવી; જેથી તે પ્રકારનો પ્રયાસ કરવાનો મૂળ વિચાર આપો આપ–ફરી તેનો અમલ થવા જરૂર ન જણાય ત્યાં સુધીને માટે–શાન્ત થયો.

અત્યાર સુધીમાં ત્રીજા વર્ગનાં (વાર્ષિક રૂ. ૩–૦–૦ વાળાં) ત્રણસો આશરે ગ્રાહકો થયેલાં છે. આ વર્ગનાં પુસ્તકો પાકા પૂઠાનાં હોય છે; પણ કાગળો તેમાં ચોથા વર્ગના જેવાજ વપરાતા તે હવેથી (આવતા કારતક માસથી) ઉંચી જાતના એટલે કે ૫૦ રતલી ગ્લેજ અથવા તો તે વજનના એન્ટ્રીકપેપર વાપરવા ગોઠવણ કરી છે. એન્ટ્રીક

Scanned by CamScanner

પેપરનો નમુનો આ બારમા પુસ્તકની છેવટના સફેતાઈપર જણાતા ફૉર્મરૂપે આવેલો છે; જેથી ચોથા વર્ગના ગ્રાહકો પણ તે જોઈ શકે.*

ચોથા વર્ગમાં (વાર્ષિક રૂા. ૧–૮–૦ વાળા) ૨૭૦૦ ગ્રાહકો થઈ ચૂક્યાં છે. જેમાં ઉપલાં ૩૦૦ ઉમેરતાં ગ્રાહકોનો સરવાળો ત્રણ હજારનો થયો છે.

નવ માસમાં ત્રણ હજાર ગ્રાહકો !

પહેલા નવ માસમાંજ આ પ્રકારે ત્રણ હજાર ગ્રાહકો નીકળી

---

* **ત્રીજાવર્ગ માટે ખાસ ભલામણ**–ચોથાવર્ગ કરતાં ત્રીજા વર્ગનું લવાજમ રૂ. ૧–૮–૦ વધુ છે એ વાત ખરી, છતાં એટલું વધારે ખર્ચવાના બદલામાં ખાસ ઉંચી જાતના સુશોભિત અને ટકાઉ કાગળો મળવા ઉપરાંત પૂઠાં પણ પાકાં કપડાની બાંધણીનાં મળે છે. ચોથાવર્ગનું કાગળના પૂઠાંવાળું પુસ્તક એક બે હાથે વંચાતાં થોડા સમયમાંજ મેલું થઇ ફાટી જાય છે; જ્યારે ત્રીજાવર્ગનાં પુસ્તકો વધારે માણસોના ઉપયોગમાં આવવા છતાં પણ ઘણાં વર્ષ સુધી ટકી રહીને ઘરમાંની હમેશાની ચીજ તરીકે થઈ પડે છે; માટે ખરૂં જોતાં બેવડા પૈસા ખર્ચીને સુશોભિત ઉપરાંત દશથી વીશ ગણાં ટકાઉ પુસ્તકો મેળવવાં એજ ડહાપણનું કામ છે. સોઘું તે મોઘું અને મોઘું તે સોઘું, એ સિદ્ધાંત જેઓ સમજી શકતા હોય, તેમને આવી બાબતમાં થોડોક વધુ ખર્ચ વેઠવાનું ભારે નજ લાગવું જોઇએ./ પુસ્તકો એ કાંઈ માસિકો અથવા તો વર્તમાનપત્રો જેવી તત્કાળના ઉપયોગનીજ વસ્તુ નથી, જીંદગીભર પોતાને તેમજ મિત્રો અને પડોશીઓને વાંચનનો આનંદ આપનાર એક અતિ અગત્યની વસ્તુરૂપ તે છે, એટલુંજ નહિ પણ પેઢી દરપેઢી સુધી પણ તેને જાળવીને વાપરવાથી તે ઉપયોગમાં આવતાં રહે છે. પુસ્તકોના વાંચનની ખરી કિંમત સ્હમજનારા યૂરોપ અમેરિકાના લોકો તો ઘરમાંના ઘરેણાં ગાંઠાં અને બીજી ખાસ ઉપયોગી વસ્તુઓ કરતાં પણ પુસ્તકોને વધારે અગત્યનાં માનીને, તે બને તેટલા વધારે ટકાઉ પ્રકારનાંજ ખરીદે છે; અને પોતાના વારસોને બીજા બધી જાતના વારસાઓ કરતાં ચ્હડતી જાતના વારસા દાખલ તે આપતા જવાની હોંશ રાખે છે. જેમનાથી બની શકે તેમ હોય, તેમણે ઉપલી ભલામણપર અવશ્ય ધ્યાન આપવું.

Scanned by CamScanner

આવવાનો અસાધારણ બનાવ, ગુજરાત તો શું, પણ આખા હિન્દુસ્થાનના સાહિત્યના ઇતિહાસમાં કોઇ પણ માસિક કે ગ્રંથમાળાના સંબંધમાં બન્યો છે? અમારી જાણમાં તો તે નથી.

આ બનાવ શું સૂચવે છે, તેનો કાંઇ વિચાર અમારા ગાડરિયા પ્રવાહે વ્હેતા પરોપકારી પુરૂષોને આવશે?

ગ્રાહકોને ધન્યવાદ.

પ્રિય વાંચક બંધુઓ! આ બનાવમાં દર્શાવેલા ઉત્કટ ઉત્સાહ બદલ ત્હમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે. આ ઉત્સાહથી ત્હમે દર્શાવી આપ્યું છે કે અત્યાર સુધી ત્હમારી સ્થીતિને બંધબેસ્તી કિંમતે ઉત્તમ વાંચન પૂરૂં પાડવામાં ન આવવાથીજ ત્હમે ત્હેનાથી ઘણે ભાગે વિમુખ રહ્યા છો. ઉત્તમ વાંચન માટેની આતુરતા દર્શાવી આપવાને માટે ત્હમારા તરફનું આથી વિશેષ જ્વલંત અને અસાધારણ દૃષ્ટાંત બીજું કયું હોઇ શકે?

દેશમાંના પરોપકારીઓ માટે આશ્ચર્ય.

દેશમાં બીજા અનેક પ્રકારના પરોપકારની ચર્ચાઓ અને શરૂઆતો થવા છતાં, આવી એક અતિ અગત્યની બાબત અત્યાર સુધી બાજુપર રહી ગઇ, એમાં વિશેષ વાંક કે અજ્ઞાનતા તો આપણા પરોપકારી વર્ગની છે. સમાજને દોરવનારામાં ગણાતા વર્તમાનપત્રકારો અને લેખકોમાંના જેઓ ધંધાદારી ગ્રંથકારો કે ગ્રંથ પ્રકાશકો પણ હોય, તેવાઓ તો પોતાની કમાણીમાં ક્ષતિ પહોંચવાના સ્વાર્થી અને મિથ્યાભયને લીધે આવી અગત્યની બાબત તરફ પરોપકારી લોકોનું ધ્યાન ન ખેંચતાં ઉલટા એક યા બીજી રીતે તેની વિરૂદ્ધમાં પણ ભાગ લે એ દેખીતુંજ છે, પરંતુ પરોપકારી મનુષ્યોની સમક્ષ તો બાઇબલ સોસાઇટીનો, તેમજ યૂરોપના વ્હેપારીયોદ્વારા સસ્તી કિંમતે પ્રસિદ્ધ થતાં પુષ્કળ ઉત્તમ પુસ્તકોનો દાખલો સ્પષ્ટ છતાં તેઓની દૃષ્ટિ અત્યાર અગાઉ અને હજી પણ આ બાબત તરફ કેમ પહોંચી શકી

Scanned by CamScanner

નહિ, અને પહોંચી શકતી નથી, એ ખરેખર તેમની વિચારશક્તિ માટે આશ્ચર્ય ઉપજાવનારૂં છે!

ઓ ભારતના પરોપકારી મહાશયો! અત્યાર સુધી તો માત્ર સદાવ્રતો કહાડવામાં અને ભોજનો જમાડવા જેવી બાબતોમાંજ મુખ્ય કરીને તમારી ધર્મબુદ્ધિ આવી રહી હતી; હવે કંઇક વધારે સ્હમજણ આવતાં ત્હમે સ્કૂલો, કૉલેજો, યુનિવર્સિટીઓ, હોસ્પીટલો, અને સેનીટેરીયમો ઇત્યાદિ સત્‌કાર્યો તરફ ધ્યાન આપવા માંડયું છે ખરૂં, અને તે ધન્યવાદનેજ પાત્ર છે; પરંતુ બંધુઓ! કૉલેજોમાં ગયા વિનાજ પોતાનું જીવન ગાળનારા અને કૉલેજો છોડયા પછીની જીંદગી શરૂ કરી ચૂકેલાઓ તથા અસંખ્ય ગામડાંના ઓછું ભણેલાઓ માટે, આ દેશની ગરીબાઇને બંધબેસ્તા અતિ અલ્પ મૂલ્યે અને વિના મૂલ્યે ઉમદા વાંચન ફેલાવવાની અગત્ય હજી પણ ત્હમને કેમ સ્હમજાતી નથી? જે દેશોને ત્હમે અનેક પ્રકારે ઉન્નત જોઇને ત્હેમનું અનુકરણ કરવા માગો છો તે દેશોની ઉન્નતિમાં ઉત્તમ વાંચને કેટલો બધો અગત્યનો ભાગ બજાવ્યો છે અને બજાવ્યે જાય છે, તથા ત્યાંના લોકોની ભારે આવક છતાં ઉત્તમ વાંચન ત્યાં કેટલું બધું સસ્તું-વહેપારીયો અને પરોપકારી સંસ્થાઓદ્વારા-મળી શકે છે, એ વાત સ્વયં ત્હમારી બુદ્ધિથી નથી સ્હમજાતી? ખરેખર તેમજ હોય તો ત્યાંના લોકોને જરા પૂછી તો જુઓ? અને ઓ ભલા માણસો! એટલા પૈસા અને એટલા સસ્તા વાંચનની સગવડો છતાં પણ અમેરિકા જેવા ઉન્નત દેશમાં પણ હજી તદ્દન મફત વાંચન પુરૂં પાડવાની યોજનાઓ કરવાની જરૂર ત્યાંના મહાન્ પરોપકારી ધનવાનોને લાગે છે, અને તેથી સરકારની પુરતી મદદ ઉપરાંત તે ખાતે ત્યાં કરોડો રૂપિયા દર વર્ષે પરોપકાર દૃષ્ટિએ ખર્ચવામાં આવે છે; આ બધું ત્હમને કંઇ વિચારવા જેવું લાગશે ખરૂં? પ્રભુ ત્હમારાપર દયા કરો!!

Scanned by CamScanner

વાંચકોને સામાન્ય સૂચના.

ફિકર નહિ, વાચક બંધુઓ! હવે જમાનો બદલાવા લાગ્યો છે. તમારી શુભેચ્છાઓ રદ કરતા નહિ, એટલે બાર નથી કે ક્યાંઈ કે અજ્ઞાનજન્ય કોઇ પણ અંતરાય હવે ટકી શકે!

ને તમે પોતેજ સમજણું અને પ્રયત્નશાળી હશો તો પેલા દોરનારા સ્વાર્થી બરવાડો અને દોરવાનારા ભાગ્ય પિટાંઓની પરવા તમારે થોડીજ કરવી પડે એવો સમય તો કૃપાળુ પ્રભુએ આ સંસ્થાના થોડાક કામ-ચલાઉ કાર્યદ્વારાજ તમારે માટે આણી મુકયો છે! તમે—યોગ્ય સમજૂતિ કરતાં વાંચનનો લાભ લેવા તૈયાર થાય તેવા, તથા તૈયાર છતાં અજાણપણાને લીધે લાભ ન લઇ શકતા હોય એવા—તમારી આસપાસ જે અનેક મનુષ્યો પડેલા છે, તેઓમાં વાંચનના લાભો અને આ ગ્રંથમાળા જેવી ત્હેમના હિતની યોજનાઓ વિષે કાળજીથી માહીતિ ફેલાવો, અને તમારા જેવા બીજા પુષ્કળ વાંચકોને તૈયાર કરો! અને પછી જુઓ કે શુભવસ્તુઓના ભોકતાઓનું પ્રમાણ પુષ્કળ વધતાં—કદાચ અમે આ કાર્ય વધુ સમય ન કરી શકીયે તોપણ—વ્યાપારી નિયમોને અનુસરીને સ્વાર્થને ખાતર પણ આવાં કામો ઉઠાવી લેનારા કેટલા બધા નીકળી આવે છે? ઇંગ્લાંડમાં અનેક ઉત્તમ પુસ્તકો એજ ધોરણને અનુસરીને વ્યાપારીઓ હસ્તે એવાં તો સસ્તાં થઈ ગયાં છે કે તેવું સસ્તાપણું હજી આ ખાતું પણ લાવી શકયું નથી! આપણાજ દેશમાં તુલશીકૃત રામાયણની વધુ ખપત હોવાથી વ્યાપારીઓ હસ્તેજ તે પુસ્તક કેટલું બધું સસ્તું થઇ પડયું છે! માટે દેશમાં વાંચનના લાભોની સમજૂત ફેલાય, અને વાંચકવર્ગ વધે, તેવો દરેક જણ યત્ન કરો; અને પછી જુઓ કે ત્હમારે માટે શું શું હિતાવહ માર્ગો સર્વનો સહાયક પ્રભુ ખોળે છે?

આ "વિવિધ ગ્રંથમાળા" નાંજ દશવીશ હજાર ગ્રાહક થવા આવશે તો જોઇ લેજો કે વહેપારી ધોરણપર તેવાં કામો ઉઠાવીને

Scanned by CamScanner

ચાલુ કરનારા કંઇ કંઇ મનુષ્યો નીકળી આવશે ! અને હાલ આ સંસ્થાને પરોપકારના ધોરણ છતાં જે મુશ્કેલીઓ વચ્ચે કામ લેવું પડે છે, ત્હેને બદલે તે સમયે વહેપારી-દૃષ્ટિથી કાર્ય થવા છતાં લોકો કદાચ વધુ સ્હેલાઇથી, વધારે સારૂં અને વધારે સસ્તું વાંચન મેળવવાને ભાગ્યશાળી થશે !

વિશેષ સૂચના.

પ્રિય વાંચનાર ! એ તો બધું થશે ત્યારે ખરૂં, પણ ત્હને પેલી અગાઉ બે વખત સૂચવાઇ ચૂકેલી એક આવશ્યક અને સાદી ફરજ ત્હેં બજાવી છે કે ? જો નજ બજાવી હોય તો ભલા માણુસ ! હવે આ ત્રીજી વખત ત્હેની યાદી આપવા ફરજ પડે છે, ત્હેનું કંઇક તો વજન રાખજેજ ! હવે તો એ ફરજ બજાવવાને તું જલદીથી તત્પર થા; અને જો સહજ પણ સુયોગ્યતા ત્હારામાં હોય તો તે દર્શાવી આપવાને માટે એક ન્હાના બાળક માટે પણ રમત જેવી ગણાય તેવી તે બાબત ધ્યાનપર લે ! "વિવિધ ગ્રંથમાળા" ના સસ્તાપણા અને ઉપયોગીપણા બાબત જો ત્હને કાંઈ પણ સદ્‌ભાવના ઉપજી હોય, અને ત્હેના ગ્રાહક થવામાં કાંઈ પણ લાભ ત્હને સ્હમજાયો હોય, તો જરા વિચારી જો કે તે બાબતથી ત્હારી આસપાસના કેટલા બધા મનુષ્યો અજાણ્યા છે ? માત્ર અજાણપણાને લીધેજ તેઓ એક સારી વસ્તુનો લાભ લેવાને આકર્ષાયા નથી, એ વાતની ત્હને શું કશીજ લાગણી થતી નથી ? શું દરરોજ માત્ર બેચાર મિનિટ પણ ત્હેવા એકેક જણને તે લાભો સ્હમજાવવાખાતે રોકવા જેટલી ઉદારતા તું બતાવી શકે તેમ નથી ? ઉત્તમ વાંચનના લાભો બીજાઓને સ્હમજાવીને તે શોખ ત્હેમનામાં જાગૃત કરવો, એ શું થોડા પુણ્યની વાત છે !

આભાર.

શ્રીયુત્ પુરૂષોત્તમ શામલદાસ બ્રહ્મભટ્ટ, મુ. ભરૂચ;

તથા શ્રીયુત્ કરૂણાશંકર ભવાનીશંકર ભટ્ટ, મુ. ભાવનગર; ઉપલા બેઉ ગૃહસ્થોએ, પોતે ધનવાન ન છતાં આ વિવિધ ગ્રંથ-માળાના કાર્ય માટે વખતો વખત યથાશક્તિ રકમો ઉછી દાખલ આ સંસ્થાને આપીને ત્હેના કાર્યમાં જે અગત્યની સહાયતા આપી છે તે બદલ એ બેઉ સજ્જનોને પ્રેમપૂર્વક ધન્યવાદ આપવામાં આવે છે.

લોકોમાં આ ગ્રંથમાળા વિષેની માહીતિ ફેલાવી તેનો લાભ લેનાર ગ્રાહકોની સંખ્યામાં વૃદ્ધિ કરવા ખાતે જે જે સજ્જનોએ છેવટ સુધી પરિશ્રમ લીધો છે, અને હજી પણ લે છે, તે બદલ તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

આવા સજ્જનોની નામાવલી અગાઉના પુસ્તકમાં અપાઇ ચૂકી છે, તોપણ તેઓમાંના વિશેષ પરિશ્રમ કરનાર સજ્જનોનાં નામ આ વાર્ષિક ઉલ્લેખને પ્રસંગે આપવાનું યોગ્ય ધારવામાં આવે છે. જે નીચે પ્રમાણે છેઃ—

ભાવનગર	શ્રીયુત	કરૂણાશંકર ભવાનીશંકર ભટ્ટ.
સોનગઢ	,,	દલપત્તરામ હરિરામ ભટ્ટ.
પેટલાદ	,,	પુરૂષોત્તમ ઝીણારામ પાઠક.
વડોદરા	,,	અંબાઇદાસ બાબરભાઇ.
નડિયાદ	,,	ચુનીલાલ બોધાભાઇ.
વળા	,,	કાળીદાસ જેચંદ ઘોળકિયા.

ઉક્ત દરેક મહાશયને ત્હેમના સ્તુત્ય પરિશ્રમ બદલ અત્ર પુનઃ ધન્યવાદ આપવામાં આવે છે.

મંત્રી કે વ્યવસ્થાપક જેવી આગળ પડતી વ્યક્તિઓ દરેક સદ્કાર્યમાં મોખરે દેખાવા છતાં ત્હેમાં મુખ્ય ભાગ તો આવી અનેક વ્યક્તિઓની સદ્ભાવના અને સહાયતાજ ભજવતી હોય છે.

"વિવિધ ગ્રંથમાળા" શરૂ થવા અગાઉ તેની લંબાણ યોજનાને પોતાના લોકપ્રિય પત્રમાં પ્રસિદ્ધ કરીને તથા શરૂ થવા પછીથી તે

Scanned by CamScanner

વિષેની લંબાણ સમાલોચના (રીવ્યુ) લઇને મુંબઈના દૈનિક "સાંજ-વર્તમાન" પત્રના માલિક અને વ્યવસ્થાપક મહાશયે આ કાર્યમાં જે સહાયતા કરી છે, તે બદલ ત્હેમનો અત્રે ખાસ ઉપકાર માનવામાં આવે છે.

લુહાણામિત્ર, વડોદરાવત્સલ, ગુર્જરબ્રાહ્મણ, સત્ય, કેળવણી, ભારતજીવન, આનંદ, મોઢશુભેચ્છક, શિક્ષક, પટેલબંધુ, કડવાવિજય, વૈદ્યકલ્પતરૂ, વનિતાવિજ્ઞાન, ધન્વન્તરી, કૉરેનેશનએડવરટાઈઝર, સુંદરીસુબોધ, જ્ઞાનસુધા, માસિકમિત્ર, ઉનેવાળઅભ્યુદય, દિગંબર જૈન, જૈનસમાચાર, ઈત્યાદિ સાપ્તાહિક અને માસિક પત્રોમાં ત્હેના સુયોગ્ય અધિપતિઓએ "વિવિધ ગ્રંથમાળા"ની તથા અન્ય પુસ્તકોની સમાલોચના લેવા સાથે જે શુભેચ્છાઓ અને સદ્ભાવ ગ્રંથમાળાના શરૂઆતના સમયમાં દર્શાવ્યો છે, અને જે સૂચનાઓ કરી છે, તે બદલ તે દરેક મહાશયનો પણ ખાસ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

બુદ્ધિપ્રકાશ, મેવાડાબ્રહ્મનાદ, નાગરવિજય, ગદ્યપદ્યસંગ્રહ, ધર્મ-પ્રદીપ ઇત્યાદિ માસિકપત્રોના તંત્રી મહાશયોએ પણ યોજનાનાં હેંડ-બીલો વિનાખર્ચે વહેંચીને આ કાર્યમાં ઉપકાર કર્યો છે.

ઉપર જણાવ્યામાંનાં ઘણાંખરાં પત્રોએ તથા વૈષ્ણવધર્મપ્રકાશ, લોકહિતાદર્શ, ચંદ્રપ્રકાશ, સત્યવિજય, લોકપ્રિયવાર્તામાળા, બ્રાહ્મણધર્મ, જીજ્ઞાસુ ઇત્યાદિ પત્રોના અધિપતિઓએ જાહેરખબરો તથા હેન્ડબીલો અરસપરસ વિના ખર્ચે લેવા આપવાની ઉત્તમ અને આવશ્યક રૂઢી આ ગ્રંથમાળા પ્રત્યે અંગીકાર કરીને જે સહાનુભૂતિ દર્શાવી છે તે બદલ તે દરેક મહાશયનો પણ આભાર માનવા જોઇએ.

સર્વના પ્રેરક અને અનેક મહદ્ ગુણૈશ્વર્ય સંપન્ન છતાં સર્વથી પર, નિર્લેપ, અકર્તા મહેશ્વરના પુણ્યપ્રદ સ્મરણપૂર્વક ૐ शान्तिः शान्तिः शान्तिः

સ્થળ-મુંબઇ, શરદપૂર્ણિમા સંવત્ ૧૯૬૭.

ભિક્ષુ—અખંડાનંદ 'મંત્રી', સ. સા. વ. કાર્યાલય'

Scanned by CamScanner

મુખ્ય સૂચના.

સંવત ૧૯૬૮ નું પહેલું એટલે વિવિધ ગ્રંથમાળાનું તેરમું પુસ્તક થોડાજ દિવસમાં દરેક ગ્રાહકપર વી. પી. થી રવાના થનાર છે; માટે મુંબઈ, અમદાવાદ, ભાવનગર, નડિયાદ તેમજ દરેક સ્થળના ગ્રાહકોમાંથી જેમને પણ હરકોઈ કારણે ગ્રાહક તરીકે ચાલુ રહેવા મરજી ન હોય તેમણે તુરતજ તે વિષેની ખબર આ સાથે મોકલેલા છાપેલા કાર્ડપર નીચેને શિરોનામે લખી જણાવવી. જેઓએ એકજ વર્ષ માટે ગ્રાહક થવા લખ્યું હોય તેમણે પણ બીજા વર્ષ માટેની ના આ પ્રસંગે લખવા તસ્દી લેવી.

જેમને ચોથા કે ત્રીજા વર્ગમાંથી બદલીને ત્રીજા કે બીજા વર્ગમાં ગ્રાહક થવું હોય તેમણે પણ તુરતમાં લખી જણાવવું.

જેમને પોતાનું શિરોનામું નવા વર્ષથી બદલવાનું હોય તેમણે પણ તુરતમાં લખી જણાવવું.

આ સાથેના કાર્ડમાં ઉપલી દરેક બાબત આપેલી છે, માટે એમાંની એક યા વધુ જેટલી બાબતો જેમને લખવાની હોય તેમણે તેટલી કાયમ રાખી બાકીનો ભાગ છેકી નાખીને કાર્ડ સત્વર રવાના કરવું. જેમને એમાંનું કશું લખવાનું ન હોય, અને ગ્રાહક ચાલુ રહેવું હોય તેમણે આ કાર્ડ મોકલવા જરૂર નથી.

આ ગ્રંથમાળા રવાના થયેથી દસ દિવસ સુધીમાં જેમના તરફથી નાનો કે બીજો, કાંઇ પત્ર નહિ મળે તેમની આવતા વર્ષમાં ગ્રાહક રહેવા સંમતિ સમજીને સંવત ૧૯૬૮ નું પહેલું પુસ્તક ત્હેમનાપર તુરતમાં વી. પી. થી રવાના થશે. જે અવશ્ય તેમણે સ્વિકારવું જોઇશે.

વ્યવસ્થાપકઃ—સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની શાખા અમદાવાદ.

Scanned by CamScanner

॥ श्रीगणेशाय नमः ॥

अक्षरमाळा ग्रंथ.

मंगलाचरण. (दोहा)

સચ્ચિદસુખમય દેવને, પ્રણુમી વારંવાર;
મૂલાક્ષર માંહિ કહું, વેદધર્મનો સાર. ૧
કર્તાએ સૃષ્ટી કરી, વળતી ભાખ્યા વેદ;
જેથી સહુ જાણ્યો પડે, ધર્મ બ્રહ્મનો ભેદ. ૨
જીવ જાતિયો માત્રમાં, મોટો માનવ દેહ;
તેને સુખ સારૂં થવા, કહ્યો ઈશ્વરે તેહ. ૩
ચાર વર્ણ પ્રભુએ રચ્યા, વિધિયો કહી વિશેષ;
વેદ સાંપિયા વિપ્રને, એજ કરે ઉપદેશ. ૪
મોટો માનવ વંશનો, વેદ ધર્મ છે એક;
ધર્મ અને પરબ્રહ્મનો, જેમાં કહ્યો વિવેક ૫
મતવાદી જે જન થયા, વઢ્યા વૈદિકો સાથ;
કલ્પિત પંથ નવા કરી, કર્યા લોકને હાથ. ૬
પૂર્વે આર્યજનો તણો, વેદ ધર્મ છે સાર;
ભેદ પડી કાલાંતરે, તેના થયા વિકાર. ૭
આર્યાવ્રતમાં એકલો, રહ્યો વેદનો ધર્મ;
તેમાં પણ ફાંટા પડ્યા, કરતાં કલ્પિત કર્મ. ૮
કેટલાક ફાંટા વિષે, વેદતણો આચાર;
પણ અંતર એકેકથી, પડિયા ભિન્ન વિચાર. ૯

પ્રકટ કરેલી પ્રભુજિયે, સંસ્કૃત ભાષા સાર;
તેમાં પુસ્તક વેદનાં, છે સઘળાં નિર્ધાર. ૧૦
જ્યાં જ્યાં છે આ જગતમાં, આર્યજનોનો વંશ;
ભાષાઓ છે તેમની, સંસ્કૃતના અપભ્રંશ. ૧૧
ભરતખંડ મધ્યે થયા, પાખંડીના પંથ;
ભિન્ન મતાંતર તેમણે, કરી કર્યા બહુ ગ્રંથ. ૧૨
તેથી ઢંકાયું ઘણું, ખરૂ વેદનું જ્ઞાન;
ખરા પ્રભુને પરહરી, અન્ય ગણે ભગવાન. ૧૩
માટે તેને ટાળવા, કહું વેદનો સાર;
શ્રદ્ધાથી વાંચે સુણે, પ્રકટે વિમલ વિચાર. ૧૪
સમજે નહિ સંસ્કૃત વિષે, પ્રાકૃતના જે જાણ;
માટે પ્રાકૃતમાં કહું, વૈદિક ધર્મ વખાણ. ૧૫
વ્રજાચાર્ય મમ ભ્રાતનો, સુણી ધર્મ સિદ્ધાંત;
અક્ષરમાળા ગ્રંથમાં, વર્ણું હું વેદાંત. ૧૬
ચાર વેદ ખટ શાસ્ત્રનો, સમજી સઘળો સાર;
અક્ષરમાળા ગ્રંથમાં તે, વર્ણું સુવિચાર. ૧૭
પુરૂષોત્તમ આચાર્ય મમ, છે સહુ દેવ સ્વરૂપ;
તેને પ્રણમું પ્રેમથી, જે સચ્ચિદ સુખરૂપ. ૧૮.
બ્રહ્મ સૂત્ર રચનાર જે, વેદવ્યાસ ઋષિરાજ;
પ્રણમું તેને પ્રીતિથી, સુંદર સુધરે કાજ. ૧૯

उत्पत्ति विषे चोपाई.

કર્ત્તા કર્તા બ્રહ્મઅરૂપ, શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ; ૧
તે પ્રભુ જે ઇચ્છે તે કરે, જગ ઉપજાવે પાળે હરે.

Scanned by CamScanner

ગોળાકાર કર્યાં બ્રહ્માંડ, જેમ કુલાલ કરે બહુ ભાંડ;
નિરાધાર આકાશે ફરે, અદ્ભુત રચના ઇશ્વર કરે. ૨
સહુ વસ્તુમાં વ્યાપક તેહ, ભૌતિક[1] નહિ તે પ્રભુનો દેહ;
તે છે સહુ પ્રાણીની પાસ, વદે વેદમાં સર્વાવાસ.[2] ૩
તે પ્રભુ વશી રહ્યો સહુ ઠામ, માટે વાસુદેવ છે નામ;
[3]અજ અદ્વૈત અખંડિત દેવ, તેની દેવ કરે સહુ સેવ. ૪
ખટઉર્મી ખટભાવ વિકાર, અને ખટરિપુ નથી લગાર;
દ્વેષરાગ ભય ને અજ્ઞાન, એથી રહિત ન માયા માન. ૫
સ્થૂલાદિક જે જડના ધર્મ, ઇત્યાદિકથી રહિત અકર્મ;
જાતી આયુષ સુખદુઃખ ભોગ, સદા કર્મ ફલરહિત અરોગ. ૬
દેશકાલ વસ્તુકૃત જેહ, પરિચ્છેદ પામે નહિ તેહ;
અવયવ રહિત નિરાકૃતિ નાથ, અપાણિપાદ કહે શ્રુતિસાથ. ૭
અવયવ કહિયે તો તે રૂપ, સાકર શ્રીફલ સાકર રૂપ;
વેદ વિશ્વતશ્ચક્ષુ[4] કહે, માટે વ્યાપક અવયવ રહે. ૮
કથન માત્ર અવયવ કહેવાય, અદ્વિતીય પ્રભુ એક સદાય;
ઇચ્છા જ્ઞાન ક્રિયાદિક ઘણી, સકલ શક્તિયો છે વિભુ તણી. ૯
સૃષ્ટી કરવા ઇચ્છા જેહ, પ્રભુએ પ્રથમ કરી છે તેહ;
જડચેતન ઇચ્છાથી થયાં, મળી મિશ્ર તે ભેલાં રહ્યાં. ૧૦
જડ તે પ્રકૃતી રૂપ કહેવાય, ચેતન પુરૂષો જીવ ગણાય;
ભોક્તા જીવ પ્રકૃતી ભોગ્ય, કર્તાએ સરજ્યું છે યોગ્ય. ૧૧

---

૧ પંચમહાભૂતનો. ૨ સર્વમાં જેનો વાસ એવો. ૩ જન્મરહિત. ૪ બધે જેનાં ચક્ષુ છે.

મૂલ પ્રકૃતી કેહે છે જેહ, ત્રિગુણાત્મક જડરૂપે તેહ;
ચોવિસ તત્વરૂપે તે કહી, સ્થૂલ સૂક્ષ્મ બે રૂપે રહી. ૧૨
બાળબોધ માટે વિસ્તાર, કહું છું શાસ્ત્ર પ્રમાણે સાર;
ઇચ્છાપ્રકૃતિ રૂપ જે કહ્યું, મહત્તત્વ તેનાથી થયું. ૧૩
મહત્તત્વ બુદ્ધિનું નામ, તેનું લક્ષણ વર્ણું આમ;
આતો ઘટ આતો પટ હોય, સાધે નિશ્ચય બુદ્ધિ સોય. ૧૪
અહંકાર બુદ્ધિથી થયો, તેનો નિશ્ચય આવો કહ્યો;
હું છું દર્શનીય ગુણવાન, હું છું દક્ષ [1]નૃદેવ સમાન. ૧૫
ગર્વરૂપ એવો છે એહ, તોળી રાખે છે તે દેહ;
એથી સોળ તત્વ નીપનાં, લક્ષણ નામ કહું તેહનાં. ૧૬
મન, દશ ઇંદ્રિય, માત્રા પંચ, એ સોળેનો બાંધ્યો સંચ;
સંશય લક્ષણ મનનું કહે, એતો સહુ પ્રાણીમાં રહે. ૧૭
આ તે થંભ હશે કે ચોર, એવો સંશય ઉપજે ઘોર;
એ મનનું લક્ષણ જાણિયે, અંતરમાં તેને નાણિયે. ૧૮
પાંચજ્ઞાન ઇંદ્રિય કેહેવાય, પાંચકર્મ ઇંદ્રિય લેહેવાય;
શ્રોત્ર ત્વચા દ્રગ જિંહ્વા ઘ્રાણ, જ્ઞાનેંદ્રિય એ પાંચ પ્રમાણ. ૧૯
વાણિ પાણિ પદ પાયુ ઉપસ્થ, કર્મેન્દ્રિય એ જાણો સ્વસ્થ;
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, માત્રા કેરો કહ્યો પ્રબંધ ૨૦
સોળ તત્વની ઊપજ કહી, અનુભવિજન જાણો તે સહી;
સૂક્ષ્મભૂત માત્રાઓ ખરે, તેથી સ્થૂલ ભૂત ઊચરે. ૨૧
ગગન પવન અગ્નિ જળ મહી, સ્થૂલ ભૂતની ઉપજ કહી;
સહુ મળિ ચોવી તત્વો થયાં, તે સહુ માયા રૂપી કહ્યાં. ૨૨

---

૧ રાજા.

માયા છે પ્રકૃતિનું નામ, ઉપાદાનનું સઘળે કામ;
નિમિત્ત કારણ ઇશ્વર કહે, ૨ઉપાદાન પ્રકૃતિને ગ્રહે. ૨૩
માયાનાં સરજ્યાં બ્રહ્માંડ, તેમાં સર્વ પ્રાણિના પિંડ;
ચેતનરૂપી જીવો કહ્યા, પચીસમા તેઓને ગ્રહ્યા. ૨૪
દેહોમાં વાસી તેમને, ચેતનવંત કર્યા એમને;
માયા પતિયે માયા કરી, અદ્‌ભુત સૃષ્ટી કીધી ખરી. ૨૫
કેહે છોટમ કર્ત્તા જગદીશ, તેને નિત્ય નમાવું શીશ;
પિતા સર્વનો એ છે ઇશ, પેહેલાં કીધાં તત્વ પચીશ. ૨૬

વેદની ઉત્પત્તિ વિષે.

અખાક્ષર પદ વર્ણું જેહ, ચોવિસ તત્વ જણાવ્યાં તેહ;
જીવ સકલ અક્ષર કેહેવાય, પ્રભુક્ષર અક્ષર રહિત સદાય. ૧
પેહેલી સૃષ્ટી ઇચ્છા ધરી, દિવ્ય દેહની રચના કરી;
જીવ અંશ પોતાના જેહ, દિવ્ય દેહમાં વાસ્યા તેહ. ૨
સત્ય વિચાર અમર છે કાય, જરા મરણ વ્યાધી ના થાય;
સફલ વચન ત્રૈકાલિક જ્ઞાન, ઇચ્છે તે આપે ભગવાન. ૩
ઇશ્વર ગુણ અંશોમાં ગયા, તેણે સિદ્ધિવંત તે થયા;
હીરામાં ગુણ હોયે જેહ, હીરાકણમાં આવે તેહ. ૪
દિવ્ય દેહ ધારી જન સહુ, તુલ્ય વિના ઉપમા શી કહું;
તે પ્રત્યે પ્રભુ બોલ્યા એમ, તમો માનજો કહું છું તેમ. ૫
મેં સુખિયો સરજ્યો તમ દેહ, ઝાઓ તમપર રાખી નેહ;
નથી વિષમતા મજમાં કહીં, નીચ ઊચ મેં કીધા નહીં. ૬

---

૨ મૂળકારણ.

Scanned by CamScanner

ઈંદ્રિયાદિ આપી છે અમે, સહુ સ્વતંત્ર નીપજ્યા છો તમે;
કરશો કર્મ હવેથી તમે, તેનું ફળ આપીશું અમે. ૭
કર્મ જાણવા કહું છું વેદ, ધારણ કરજો ધરી ઉમેદ;
એવું કહી પ્રભુ બોલ્યા વેદ, ધર્મ બ્રહ્મ બે પ્રકરણ ભેદ. ૮
વિધિ નિષેધનું વર્ણન કરી, બ્રહ્મ ઉપાસન બોલ્યા હરી;
સારાં કર્મ કરો જો સદા, તમે ન પામો તો દુઃખ કદા. ૯
માઠાં કર્મ થકી દુઃખ મળે, જેવું વાવે તેવું ફળે;
મારી આજ્ઞાઓ છે વેદ, તેનો કરશો નહિ ઉચ્છેદ. ૧૦
મારી આજ્ઞાઓ માનશો, તો સુખિયાના સુખિયા થશો;
મારી આજ્ઞા તજશે જેહ, પાપી જન કહેવાશે તેહ, ૧૧
દેહદુઃખ તેને આપીશ, નરકાદિક તનુમાં નાખીશ;
ચોરાશી લખ તનુઓ કરી, તેને તેમાં નાખું ફરી. ૧૨
ઈશે વેદ કાયદો કહ્યો, દિવ્યદેહિયોએ તે ગ્રહ્યો;
જેણે પ્રભુની આજ્ઞા ગ્રહી, તે જન્માંતર પામ્યા નહીં. ૧૩
તે અદ્યાપી અમર ગણાય, સુખવંતા તેઓ કેહેવાય;
બ્રહ્મલોકમાં તેઓ વસે, વેદ વચન ઉચરે ને હસે. ૧૪
સદાનંદમાં રહે છે સહી, કાયકષ્ટ તે પામે નહીં;
અમર અરોગી ઈચ્છાચાર, સદા કરે છે બ્રહ્મ વિચાર. ૧૫
સદાકાલ સુખમાં છે સોય, કલેશ લેશ પામે નહિ કોય;
એવા દેવો રહે અપાર, થોડાને સોંપ્યા અધિકાર. ૧૬
તે સૃષ્ટીમાં કારજ કરે, આજ્ઞાથી અવળા ના ફરે;
બ્રહ્મા સૃજે સર્વના દેહ, પાળે છે સહુ વિષ્ણુ તેહ. ૧૭
રૂદ્ર દેવ તેઓને હરે, ધનપતિ તે ધનસંગ્રહ કરે;
વરૂણ દેવ જળનો અધિપતિ, પાળે જળજંતુને અતી. ૧૮

Scanned by CamScanner

ઇંદ્ર પવન ને અગ્નિ જેહ, કામ કરે વૃષ્ટિનું તેહ;
સૂરજ તો અજવાળું કરે, પૃથ્વીનું જલ ગગને ધરે. ૧૯
કે'છે જમનો રાજા જેહ, જનનાં કર્મ તપાસે તેહ;
ચંદ્ર ઔષધી કરે પ્રસન્ન, ઉપજાવે છે સઘળું અન્ન. ૨૦
ઇશે સોંપ્યા જે અધિકાર, તે તે કામ કરે નિર્ધાર;
સહુને છે ઇશ્વરની બીક, તેથી તેઓ ચાલે ઠીક. ૨૧
આજ્ઞા ભંગ અમર જો કરે, ચોરાશીલખ તનુ તે ધરે;
ચાલ્યા નહિ વિધિયે જન જેહ, ભવનાં દુઃખ પામ્યા છે તેહ. ૨૨
[1]નારકાદિ બહુ દેહો ગ્રહે, આજ્ઞા ભંગ તણાં દુઃખ સહે;
ચોરાશી લખ ફરતાં નેષ્ટ, માનવ તનુ[2] જો આવે શ્રેષ્ટ. ૨૩
વેદ વચનપર શ્રદ્ધા ધરી, પાળે આજ્ઞા પ્રભુની ખરી;
તે નર પામે છે ઉદ્ધાર, વેદવ્યાસ બોલે નિર્ધાર. ૨૪
માનવ તનુ તરવાનું નાવ, વેદાચાર્ય વિષે જો ભાવ;
શ્રવણાદિક સાધન જો કરે, તે નર ભવસાગરને તરે. ૨૫
કહે છોટમ એ સાચું સહી, અન્ય આશરો કરવો નહીં;
જેને વેદ કાયદો ગમે, સદાનંદ ઘરમાં તે રમે. ૨૬

નરદેહની શ્રેષ્ઠતા વિષે.

ગગા ગુણવંતો નરદેહ, અતિ ઉત્તમ છે સહુથી એહ;
અન્ય દેહનો એ છે રાય, એમાં સાધન સઘળાં થાય. ૧
સહુ અક્ષર મુખથી બોલાય, સહુને મન આશય કહેવાય;
વેદ આદિ પુસ્તક છે જેહ, વાંચે વંચાવે છે તેહ. ૨

---

૧ નરકના. ૨ દેહ.

Scanned by CamScanner

પ્રભુ આજ્ઞાઓ સર્વ પળાય, કરી પુણ્ય નર સ્વર્ગે જાય;
પ્રભુની ભક્તિ કરે નર ખરી, તે જાયે ભવદુખને તરી. ૩
સહુ તનુમાં નરતનુ છે સાર, એમાં વળી ઉભય પ્રકાર;
આસુર દૈવ ઉભય છે ભેદ, આસુરજન માને નહિ વેદ. ૪
ધર્મ ઉપર દૃઢ પ્રીતિ ન ધરે, પ્રભુની ભક્તિ કદા નવ કરે;
પરધન પરનારીને હરે, હિંસાદિક કુકર્મ આચરે. ૫
સાધે નહિ સુકૃત તે લેશ, મિથ્યા જન્મ ખુવે કરિ કલેશ;
કુપટી કુટિલ મહાખલ તેહ, સદા ક્રોધમાં બાળે દેહ. ૬
મૂઢ અચેત અધર્મી એહ, આસુરનું છે લક્ષણ તેહ;
વેદ વચન પાળે છે દૈવ, ધર્મ બ્રહ્મ પર પ્રીતિ સદૈવ. ૭
સુકૃત સાધન કરે સદાય, જગકર્ત્તાનાં કીર્તન ગાય;
દૈવજીવ તે પરમ દયાળ, જાણો જીવ દયા પ્રતિપાળ. ૮
પરદુખ ભંજન કહિયે તેહ, પરનારી ભ્રાતા છે એહ;
માત પિતાની સેવા સજે, ભાવે કર્ત્તા પ્રભુને ભજે. ૯
વેદાચાર્ય વચન શું પ્રીતિ, પાળે મર્યાદાની રીતિ;
કરે કુકર્મ તણો તે ત્યાગ, સત્ય ધર્મ સાથે અનુરાગ. ૧૦
દૈવ જીવનાં લક્ષણ એહ, ધન્ય ધન્ય જાણો નર તેહ;
પામી ઉત્તમ નરનો દેહ, તારે નહિ આત્માને જેહ. ૧૧
નર તે ખર સમ જાણો સહી, વ્યાસ ઋષીયે વાણી કહી;
માનવ દેહ મળ્યો છે સાર, વળિ ઉત્તમ કુળમાં અવતાર. ૧૨
બહુ વિદ્યાનો કરે વિચાર, પામ્યો છે મોટો અધિકાર;
દેશ વિષે ડાહ્યો કહેવાય, શૌર્યાદિક ગુણવાન ગણાય. ૧૩
એવું છતાં બુડે નર જેહ, જાણો ખરથી ખોટો એહ;
જે નર ભજે નહિ ભગવાન, તેને કહિયે નહિ ગુણવાન. ૧૪

Scanned by CamScanner

પાપ નિવારી જે નહિ શકે, તે નર અમથો વિદ્યા બકે;
જીતે નહિ ખટ શત્રુ જેહ, શાંનો શૂરો કહિયે તેહ. ૧૫
પામીને ઉત્તમ અધિકાર, કરે નહિ નર બ્રહ્મ વિચાર;
તે કૃતઘ્ન નર કહિયે સહી, પ્રભુઉપકાર સ્મરે તે નહિ. ૧૬
સદાચારનું ન મળે ભાન, શાનો તે કહિયે કુળવાન;
એવા નરથી ઉત્તમ વૃક્ષ, પરઉપકાર કરે છે દક્ષ. ૧૭
પરપીડાકારી નર જેહ, વીંછી સર્પ સમા છે એહ;
તે નર નવિ ઉત્તમ કેહેવાય, પુત્ર ગુણો પાલણે જણાય. ૧૮
ઓ માનવ ! તું કર સુવિચાર, તારા આત્માને તું તાર;
નહિ બીજો હિતકારી કોય, તને તારશે આવી સોય. ૧૯
જે કર્ત્તા તે ભોક્તા સહી, એથી અવળું જગમાં નહીં;
આતો કર્મભૂમિ કહેવાય, કરે કર્મ તેવું ફળ થાય. ૨૦
સગાં તણું છે સુકૃત જેહ, તારે કામ ન આવે તેહ;
કરે હાથ તે આવે સાથ, એવું બોલ્યા છે જગનાથ. ૨૧
તારાં સગાં સહોદર જેહ, તારા અર્થ લગી છે તેહ;
સાચો સગો એક છે ધર્મ, તે મેળવવા કરે સુકર્મ. ૨૨
તને તેજ દુખથી તારશે, અન્ય સગાં નહિ ઉદ્ધારશે;
અન્ય સગાં જે જે તું કહે, દેહ દહીને કોરે રહે. ૨૩
સાચો સગો આવશે સાથ, લઇ મેળવશે તે જગનાથ;
આ ભવમાં જે આળસ કરે, પ્રભુનું ધ્યાન રૂદે નવિ ધરે. ૨૪
પરભવમાં તે નર પીડાય, અપરાધીને નહિ સહાય;
માટે ઓ માનવ તું ચેત, ધર્મ બ્રહ્માશું કરને હેત. ૨૫
સુકૃત સાધન સઘળાં સાધ્ય, કર્તા પરમેશ્વર આરાધ્ય;
છોટમ કહે વેદનો સાર, માનવ તું કર સત્ય વિચાર. ૨૬

Scanned by CamScanner

ત્રિવિધ કર્મવિષે.

ઘઘ્ઘા ઘટમાં કરો વિચાર, કહું કર્મના ત્રણ પ્રકાર;
મનસા વાચા કર્મે કરી, પાપ પુણ્ય ઉપજે છે ફરી. ૧
ધરે ચિત્તમાં પ્રભુનું ધ્યાન, ઇચ્છે નહિ જનનું અપમાન;
કોઇનું ભુંડુ ભાવે નહિ, સહુનું શુભ ઇચ્છે તે સહી. ૨
સર્વ જંતપર દયા જણાય, એવાં માનસ* પુણ્ય ગણાય;
પરધન પરનારીમાં ધ્યાન, મનમાંહે ખોટું અભિમાન. ૩
પ્રાણિ પીડવા કરે વિચાર, પાપ મનોરથ ધરે અપાર;
મનમાં ખટરિપુ રહે છે સદા, દ્વેષ રાગની મનમાં ગદા. ૪
દુષ્ટ મનોરથ અમથા થાય, તે માનસ પાતક કહેવાય;
બ્રહ્મનામનું કીર્ત્તન કરે, સત્યવચન મુખથી ઉચરે. ૫
ધર્મ બ્રહ્મની કરે કથાય, જેથી જનની ભ્રાંતિ જાય;
વેદ પાઠ પ્રભુ ગુણનું ગાન, જનને અભયતણું દે દાન. ૬
પ્રિયહિત મિષ્ટ વચન ઉચ્ચાર, જેથી ઉપજે પુણ્ય અપાર;
ઇત્યાદિક વાચિક સત્કર્મ, સજ્જન સાધી પાળે ધર્મ. ૭
જુઠાબોલ કુભાષણ ગાળ, કોઇને શિર દે અમથું આળ;
પર નિંદાને વચન કઠોર, વાણિ પાણિ ભયકારક ઘોર. ૮
ભાંડસમુ ભાષણ મુખ કરે, અન્યાયું મુખથી ઉચરે;
જનને પીડે ચાડી કરી, અધર્મની વાતો કહે નરી. ૯
આડી અવળી વાતો કરે, ગપો મશ્કરી બહુ ઉચરે;
શિખવે કુકર્મ કરવા કાંય, દંભ ઇર્ષા અનરથ માંય. ૧૦

---

* મનનાં.

Scanned by CamScanner

એવાં વાચિક પાપ અપાર, પાપીજન સાધે નિરધાર;
માત તાત આચારજ દેવ, સ્નેહ ધરીને સેવે તેવ. ૧૧
પાળે ધર્મ આણિને પ્રીતિ, પકડે સદા સુજનની રીતિ;
ઇંદ્રિ વશ રાખે આપણાં, સુધર્મ સાધન સાધે ઘણાં. ૧૨
દોષદૃષ્ટિયે દેખે નહીં, કર્મસાક્ષી પ્રભુ સહુમાં સહીં;
કાને સુણે બ્રહ્મની કથા, સાધન તજે હોય જે વૃથા. ૧૩
સદા કરે નરપર ઉપકાર, અંતર માંહે દયા અપાર;
નિત્ય અને નૈમિત્તિક કર્મ, કરી સાચવે જે નિજધર્મ. ૧૪
પુણ્ય એજ કાયિક કહેવાય, સદા પ્રસન્ન રહે જગરાય;
પરદારા આલિંગન કરે, પાપ સાધને પરધન હરે. ૧૫
કરે પાપમય ઝાઝાં કામ, ઘાસ અન્ન કે બાળે ગામ;
જીવતણી હીંસા આચરે, કલ્પવૃક્ષનું છેદન કરે. ૧૬
માદક વ્યસન કરે ધરી પ્રીતિ, સત્ય ધર્મની છોડે રીતિ;
ઇત્યાદિક કાયિક છે પાપ, જેથી જન પામે સંતાપ. ૧૭
મનસા વાચા ને તનુવડે, કરે પાપ તે નરકે પડે;
પુણ્યતણાં જો સાધન થાય, તરવાનો છે તેજ ઉપાય. ૧૮
ઉપજે ત્રણ પ્રકારે કર્મ, તેનો કહું સાંભળ જો મર્મ;
ક્રીયમાણ ને સંચિત સોય, તેથી ત્રીજું પ્રારબ્ધ હોય. ૧૯
દેહે કર્મ શુભાશુભ થાય, ક્રીયમાણ તેને કહેવાય;
ક્રીયમાણ પૂરૂં નીપજે, સંચિત તો તેનું ઉપજે. ૨૦
જીવતણું દેહાંતર થાય, સંચિતનું પ્રારબ્ધ ઘડાય;
જાતિ આયુષ સુખ દુઃખ ભોગ, ઉત્તર જન્મ વિષે એ જોગ. ૨૧
એને કહિયે છે પ્રારબ્ધ, મરણ લગી એ રહે છે સ્તબ્ધ;
ક્રીયમાણ કોઇ કેહેશે એહ, ઉપજી લય પામે છે તેહ. ૨૨

તેનું તે ક્યમ સંચિત થાય, સુણજ્યો ઉત્તર સંશય જાય;
કરે સુતાર કાષ્ઠનું કામ, પછી વાંસલો થાય વિરામ. ૨૩
કર્મ કરેલું સઘળું જાય, થયો ઘાટ મિથ્યા નવ થાય;
ક્રીયમાણ જઈ સંચિત રહે, દેહાંતર તેનું ફળ વહે. ૨૪
તે ફળને કહિયે પ્રારબ્ધ, ભોગવતાં ખુટે એ સ્તબ્ધ;
કર્મ તણો સાક્ષી પ્રભુ જેહ, ફળદાતા પ્રભુ જાણો તેહ. ૨૫
ભક્તતણો પ્રતિપાળક પ્રભૂ, યોગ[1] ક્ષેમ[2] ચલાવે વિભૂ;
સુકૃતવંતા એને ભજે, છોટમ તે જન પામે મજે. ૨૬

पूर्वजन्मविषे.

હુ ડ. ડ. અક્ષર છે જેહ, આવે સંસ્કૃતમાંહિ એહ;
છે સંસ્કૃતમાં ચારે વેદ, તેમાં ધર્મબ્રહ્મ બે ભેદ. ૧
પૂર્વજન્મકૃત સુકૃત હોય, ધરે વેદપર શ્રદ્ધા સોય;
કોઈ તો પૂર્વજન્મ નવિ કહે, વેદ વિહિત સિદ્ધાંત ન ગ્રહે. ૨
દેહતણી પ્રભુ રચના કરે, નવો જીવ રચિ તેમાં ધરે;
મુવા પછી ન ધરે અવતાર, એવું મત તેનું નિર્ધાર. ૩
એનો ઉત્તર કહું છું એક, ડાહ્યા નર સુણિ કરે વિવેક;
જન્માંતર જો પ્રભુ નવ કરે, તો તે ઝાઝો નિર્દય ઠરે. ૪
કોઈ બાળક છે સુખિયો સહિ, તનુમાં રોગાદિક દુઃખ નહિ;
સેવા તેની બહુજણ કરે, ખાનપાન લઇ મુખમાં ધરે. ૫
રૂપશીળ ગુણવંતો સહિ, સ્વપ્ને પણ દુઃખ દેખે નહિ;
જન્મથકી કોઈ દુખિયો બાળ, કોઈ તેની ન કરે સંભાળ. ૬

---

૧ અલભ્યલાભ. ૨ લબ્ધનું પ્રતિપાલન.

દીનઘરે અવતરિયો એહ, રોગાદિક દુખમાં છે દેહ;
બહેરો ઠુંઠો ને બોબડો, રૂપબુદ્ધિહીણો રોબડો. ૭
છે સમદ્રષ્ટિવંત કર્ત્તાર, નિર્દયતા તો નહિ લગાર;
પાપવિના દુખ આપે નહિ, દે નહિપુણ્ય વિના સુખ સહિ. ૮
તો તે પ્રભુ કયમ એવા કરે, ભિન્નભોગ બેમાં કયમ ધરે;
બાળ ન કરે શુભાશુભ કર્મ, તો પ્રભુ તે કયમ કરે અધર્મ. ૯
જ્યારે ઈશ્વર એવું કરે, ત્યારે તો તે નિર્દય ઠરે;
કહિયે વિષમપણું પ્રભુ માંહ, જીવ સમાન ઠરે છે ત્યાંહ. ૧૦
જીવસમો પ્રભુ જો કહેવાય, તેથી તો કલ્યાણ ન થાય;
બિન પાપે આપે દુખ એહ, તો અન્યાયો કહિયે તેહ. ૧૧
અન્યાયો જગકર્ત્તા હોય, ભવિજન તેને ન ભજે કોય;
જો નિર્દોષી પ્રભુને કહો, તો જન્માંતર જનના ગ્રહો. ૧૨
જન્માંતર કહેતાં નવ ગમે, પ્રભુમાં દોષ ઠરાવો તમે;
વેદ ધર્મમાં એવું નથી, જન્માંતરની વાણી કથી. ૧૩
પૂર્વ જન્મમાં જેવું કરે, ફળ દેહાંતરમાં પ્રભુ ધરે;
જાતિ આયુષ સુખ દુઃખ ભોગ, જન્માંતરમાં એનો જોગ. ૧૪
કર્મ તપાસી આપે કાય, માટે નિર્દોષી જગરાય;
કહેશો આવું જો જન કોય, પૂર્વે ઉંચ નીચ કયમ હોય. ૧૫
જ્યાં આરંભ સૃષ્ટિનો થાય, ત્યાં નવિ પૂર્વજન્મ કહેવાય;
નર તીર્યક દેવાદિક દેહ, ઉંચ નીચ કયમ રચિયા એહ. ૧૬
વિષમપણું પ્રભુમાં ના ગ્રહો, તો એનો શો ઉત્તર કહો;
એનો ઉત્તર કહું છું એક, જ્ઞાતા જન જો કરો વિવેક. ૧૭

Scanned by CamScanner

પ્રથમ દિવ્ય સૃષ્ટિ છે કરી, તેમાં શુભ સામગ્રી ધરી;
સર્જિયા દુઃખ રહિત સહુ દેહ, પિતા પુત્રવત કરી સનેહ. ૧૮
તેમાં અપરાધી જે થયા, તે દુઃખવંત તનુમાં ગયા;
એમાં પણ જીવોનો દોષ, સદા બ્રહ્મ તો છે નિર્દોષ. ૧૯
જો ઉચરશો એવું જ્ઞાન, પૂર્વ જન્મનું ક્યાં છે ભાન;
પૂર્વે અમુક હતો હું સોય, એવું જાણે નહિ જન કોય. ૨૦
તો જન્માંતર કયમ કહેવાય, હવે એહનો ઉત્તર થાય;
પૂર્વ દિનોમાં ખાધું જેહ, નર સઘળા વિસરે છે તેહ. ૨૧
એમ પૂર્વ જન્મ સ્મૃતિ જાય, વપુ ધરિને વપુને વશ થાય;
હવે કહું સાચું અનુમાન, પ્રકટે પૂર્વ જન્મનું જ્ઞાન. ૨૨
ઇંદ્રવારૂણીનું ફળ હોય, બીજું એક સિતાફળ સોય;
કડવું એક મિષ્ટ છે અન્ય, કરમાં આણી આપે વન્ય[1]. ૨૩
તે જોઇ કરે વૃક્ષનું ધ્યાન, તો ઉપજે તેનું અનુમાન;
વૃક્ષ વિના ફળ કદી ન હોય, એવું જન કે'છે સહુ કોય. ૨૪
સુખ દુખ ફળ જનમાં લહેવાય, પુણ્ય પાપ વૃક્ષો કહેવાય;
પુણ્ય પાપ વિન સુખ દુઃખ નહીં, એજ કથા સહુ ગ્રંથે રહી. ૨૫
આ ભવમાં બે બાળક જેહ, પુણ્ય પાપ આચરે ન તેહ;
માટે પૂર્વજન્મ છે સહી, વિપ્ર છોટમે વાણી કહી. ૨૬

ધર્મ વિષે.

ચચ્ચા સહુ સુધર્મ આચરો, પરમેશ્વરની ભક્તી કરો;
"ધર્મંચર[2]" એવું પ્રભુ કહે, સુજન હોય તે સાચું લહે. ૧

---

૧ ભીલ. ૨ ધર્મ આચર.

પ્રભુનાં વચન વેદ છે સહી, એ વિન અન્ય કાયદા નહીં;
પ્રભુ કહે છે જન પાળો ધર્મ, મન વચ કર્મે તજો કુકર્મ. ૨
આળસ કરશો નહીં લગાર, ઉદ્યોગી થાશે ભવ પાર;
ધર્મ કહું તમને તારવા, દુઃખ ૧પંકથી ઉદ્ધારવા. ૩
લોભે ધર્મ તજે નર જેહ, નારક તનુ પામે નર તેહ;
અધર્મ તો છે દુઃખનું મૂળ, અપરાધીને મોટું શૂળ. ૪
સુરતરૂ સુધર્મ જાણો સહી, અન્ય આશરો કરવો નહીં;
સુખ સંપત્તી ઇચ્છો જેહ, ધર્મ કને માગી લ્યો તેહ. ૫
ધર્મવંત સુખ માગે જેહ, તેને હું આપુછું તેહ;
ધર્મહીણ માગે સુખ કહી, તેને તો હું આપું નહીં. ૬
છે એવા જન જગમાં કોય, કરે પાપને ભક્તિ સોય;
તે ખળ ભક્ત જાણવા સહી, તેને સુખ ફળ આપું નહીં. ૭
તજી પાપને ભક્તિ કરે, તેને સુખ ફળ આપું સરે;
પાપી તે જન ભક્ત ન હોય, બાનું ધારે ઠગનું સોય. ૮
ઉપરથી ભક્તિ આચરે, મજપર પ્રેમ ન રાખે ખરે;
સાચું વચન ઉચ્ચારો સદા, તો ટળશે સઘળી આપદા. ૯
કરશો નહિ પરનારી સંગ, ખટ રિપુ જીતો થશો અભંગ;
પ્રજા કાજ નારી પરણજ્યો, ઋતુકાળગામી સહુ થજો. ૧૦
નારી છે સૃષ્ટીનું મૂળ, તેને સદા થવું અનુકૂળ;
પરને દુઃખ દેવું નહિ કહીં, આત્મતુલ્ય પર જાણો સહી. ૧૧
મદ્યપાન કરશો નહિ તમે, વ્યસને જનની બુદ્ધી ભમે;
કદિ ન હિંસા કરશો કોય, હત્યાથી માઠું ફળ હોય. ૧૨

---

૧ કાદવ.

Scanned by CamScanner

ઉદ્યોગે ધન ભેળું કરો, પરધન પરઇચ્છા નવ ધરો;
બાહ્યાભ્યંતર રહો પવિત્ર, થાજો માનવ સહુના મિત્ર. ૧૩
માત તાત આચારજ જેહ, સેવો પ્રીતિ કરીને તેહ;
દેવું દીનજનોને દાન, અંતરથી તજવું અભિમાન. ૧૪
શીખો સદ્વિદ્યાના ગ્રંથ, વેદ વિહુણા[1] તજો કુપંથ;
જિતશે નિજ ઇંદ્રિયને જેહ, ત્રિલોકને જિતશે જન તેહ. ૧૫
સુતા પુત્ર કરજયો વિદ્વાન, ગ્રંથોનું આપીને જ્ઞાન;
દુર્ગુણ સઘળા કરજયો દૂર, સદ્‌ગુણ સજવા થાજો શૂર. ૧૬
જાજો આચારજની પાસ, કરશે મારૂં જ્ઞાનપ્રકાશ;
મહા વાક્ય મારાં છે જેહ, ઉચ્ચારશે તમ આગળ તેહ. ૧૭
શુદ્ધ ભાવથી સુણજો સર્વ, ગુરૂ આગળ નવ કરવો ગર્વ;
કરવો વચન સુણી સુવિચાર, ટળે મનથકી મનોવિકાર. ૧૮
વળતી મારૂં ધરવું ધ્યાન, તેથી મારૂં થાશે જ્ઞાન;
જ્ઞાનદીપ અંતરનો જેહ, તમ અજ્ઞાન ટાળશે તેહ. ૧૯
જ્ઞાનથકી દૃઢ ભક્તિ થાય, ભવ તરવાનો એજ ઉપાય;
એવાં વચન બ્રહ્મનાં જેહ, શ્રુતિ સ્મૃતીમાં લખિયાં એહ. ૨૦
પ્રીત્યે તે પાળો સહુ કોય, જો તમમાં માનવતા હોય;
પ્રભુનાં વચન ન પાળે જેહ, ચોરાશી લખ પામે દેહ. ૨૧
તેમાં દુઃખ તે સહે અપાર, વધ બંધન ને રિપુનો માર;
જરા મરણ ને રોગ વિયોગ, અપરાધી પામે એ ભોગ. ૨૨
ચોરાશી લખ તનુ છે જેહ, હેડબેડી સરખી છે તેહ;
ભવસાગર તો એને ભણે, નરતનુ નાવ તુલ્ય સહુ ગણે. ૨૩

---

૧ વિનાના.

Scanned by CamScanner

ધર્મ પવન તેમાં જો વાય, તરે જીવ જો એને સહાય;
સહુ સુખદાયક સેવો ધર્મ, મનથી માનવ તજો કુકર્મ. ૨૪
આયુષ બળ ધન વિદ્યા સાર, યશ ગુણ ઉત્તમ કુળ અવતાર;
રોગરહિત તનુ સુભગ સદાય, ધર્મથકી ઇત્યાદિ થાય. ૨૫
જગમાં જે જન ધાર્મિક હોય, તેને સરસ કહે સહુ કોય;
માનવમાં પામે સન્માન, છોટમ ધરો ધર્મનું ધ્યાન. ૨૬

વર્ણાશ્રમ ધર્મ વિષે.

છીછા છળ છાંડી કર કર્મ, સમજી વેદ વદે તે ધર્મ;
ચારવર્ણ આશ્રમ છે ચાર, તેનો ભિન્ન ભિન્ન આચાર. ૧
છે સ્વધર્મ સુખદાયક સહી, મરણાંતે તે તજવો નહીં;
સત્ય સ્વધર્મ તજે જન જેહ, પાપી પાખંડી નર તેહ. ૨
નિંદી ધર્મ કથે બહુ જ્ઞાન, જાય નરકમાં તે નિધાન;
પ્રથમ વર્ણ બ્રાહ્મણ કહેવાય, તીર્થરૂપ છે જેની કાય. ૩
તેણે કાંય ન કરવું પાપ, કરવો વેદમંત્રનો જાપ;
ભણવી ભણાવવી વિદ્યાય, અપાય દાન અને લેવાય. ૪
કરે કરાવે યજન અપાર, એ ખટ કર્મ વિપ્રનાં સાર;
સાચો ધર્મ સદા આચરે, સહુ જનને તારે ને તરે. ૫
ચાર વર્ણને દે ઉપદેશ, આગમ ધર્મ પળાવે બેશ;
મહા વિપ્ર આચારજ હોય, ધર્મ બ્રહ્મ બતાવે સોય. ૬
ગુરૂપદ કેરો જે અધિકાર, અન્ય વર્ણને નહી લગાર;
ક્ષત્રિય ભણે કરે તે યાગ, આપે દાન ધરી અનુરાગ. ૭
આયુધશાસ્ત્ર તણો અભ્યાસ, પ્રજા પાળવી બારે માસ;
બ્રાહ્મણ સજ્જન અબળા ગાય, તેને ક્ષત્રિય થાય સહાય. ૮

Scanned by CamScanner

વૈશ્ય ભણે વિદ્યા દે દાન, કરે યાગ સેવે ભગવાન;
વણજ અને પશુપાલન કરે, ખેતરમાં ખેતી આચરે. ૯
શૂદ્ર કરે શિલ્પનાં કર્મ, સેવા આદિક એનો ધર્મ;
ધર્મ કહ્યો વર્ણિનો એહ, હવે કહું આશ્રમિનો જેહ. ૧૦
કહું બ્રહ્મચારીનો ધર્મ, ત્રૈવર્ણિક[1] સુત કેરૂ કર્મ;
સુતને [2]મૌંજી બંધન થાય, ગુરૂકુળમાં ભણવા તે જાય. ૧૧
બ્રહ્મચર્યવ્રત ધારે સહી, અવિહિત કર્મ આચરે નહીં;
આઠ અંગથી મૈથુન તજે, વિદ્યા વિના અન્ય ના ભજે. ૧૨
ભોજન ભિક્ષા માગી કરે, ગુરૂ આજ્ઞા મસ્તકપર ધરે;
વિદ્યા ભણિ રહે જે વાર, કરે ગૃહાશ્રમ તણો વિચાર. ૧૩
પ્રીત્યે તે પરણે પ્રેમદા, સેવે વિહિત કર્મને સદા;
અર્પણ કરે દેવને હવ્ય, તેવું દે પીત્રીને [3]કવ્ય. ૧
અભ્યાગત કોઈ આવે ઘરે, દઇ ભોજન ને સેવા કરે;
માતતાતને ગુરૂજન જેહ, અધિક પ્રેમથી પૂજે તેહ. ૧૫
યથાશક્તિ આપે તે દાન, ધરે વિશ્વકર્ત્તાનું ધ્યાન;
સુતના સુત દેખે જો ગ્રહી, ભજે બ્રહ્મને વનમાં રહી. ૧૬
નીવાર કંદ અને ફૂળ ખાય, પાવક સેવન કરે સદાય;
વાનપ્રસ્થ કહિયે જન સોય, તજે સર્વ સંન્યાસી હોય. ૧૭
સતત[4] જપે પ્રણવનો જાપ, બાળે તેહ પુરાતન પાન;
ધરે બ્રહ્મનું તે જન ધ્યાન, દેહતણું ટાળે અભિમાન. ૧૮
હવે કહું નારીનો ધર્મ, સદા કરે તે નિજગ્રહ કર્મ;
દેવસમાન જાણવો પતી, અન્ય પુરૂષ શું તજવી રતી. ૧૯

---

૧ બ્રાહ્મણ, ક્ષત્રી અને વૈશ્ય. ૨ ઉપવિત. ૩ પિંડદાન.
૪ નિરંતર.

Scanned by CamScanner

તેણે વ્રત કરવું નહિ કાંય, આવ્યું સર્વ પતિવ્રત માંય;
ઘરે પ્રાહુણા આવે જેહ, અન્નાદિકથી પૂજે તેહ. ૨૦
[1]આયથકી [2]વ્યય અધિક ન કરે, વૃદ્ધ પૂજ્ય સેવે મન ખરે;
ઠગનાં વચન સુણે નહિ કાન, તે નારી પામે છે માન. ૨૧
હવે કહું સાધારણ ધર્મ, વેદ વિહિત સેવે સત્કર્મ;
કોય જંતુ હિંસા નવ કરે, મુખથી સત્યવચન ઊચરે. ૨૨
બાહ્યાભ્યંતર રહે પવિત્ર, સહુ માનવને જાણે મિત્ર;
મન ઇંદ્રિયથી રહેવું શુદ્ધ, કદિ ન ચાલવું વેદ વિરૂદ્ધ. ૨૩
પાળી ધર્મ પોતાનો સાર, ભાવે ભજવો જગકર્ત્તાર;
ચૌર્યાદિક દુર્ગુણનો ત્યાગ, "સદ્ગુણની" સાથે અનુરાગ. ૨૪
વેદ વિરૂદ્ધ પંથ જે હોય, પંથ નકામા જાણો સોય;
સાચો ધર્મ વેદનો સહી, અન્ય આશરો કરવો નહીં. ૨૫
કહે છોટમ પાળે નિજ ધર્મ, શુદ્ધ ચિત્તથી કરે સુકર્મ;
સ્વર્ગ મોક્ષ પામે જન સોય, બંધ મટી મુક્તાત્મા હોય. ૨૬

विषय सुखनी अनित्यता विषे.

જજજા જનના દેહો માંય, પાંચે વિષય ભર્યા છે ત્યાંય;
તેમાં જીવે કીધો વાસ, ઘેર્યો વિષયોએ ચોપાસ. ૧
તે છે વિષયોમાં [3]તલ્લીન, જેવું જળમાં રહે છે [4]મીન;
વિષયી જન થઇ વર્ત્તે તેહ, પ્રભુ આજ્ઞા નવ માને એહ. ૨
જેવી સુખ માંહે રતિ રહે, તેવી પ્રભુ સાથે નવ ગ્રહે;
ભોગ ભોગવે જીવ અપાર, તૃષ્ણા તોય ન ખસે લગાર. ૩

---

૧ ઉપજ. ૨ ખર્ચ. ૩ તે રૂપ થઇ જવું. ૪ માછલું.

Scanned by CamScanner

રાજ્ય ચારખંડોનું હોય, તૃષ્ણા પૂરી ન પડે તોય;
પ્રતિદિન અધિક બધે છે તેહ, વિષયાસક્ત રહે નરદેહ. ૪
કરે કોય તેમાં અંતરાય, તેણે ક્રોધ ઘણેરો થાય;
ભોગ પામવા સહુથી સરે, કોયક દેવ ઉપાસન કરે. ૫
માગે સુખ બહુ સેવા કરી, ભોગમાટ સેવે છે હરી;
ધન દારા પશુ ને પરિવાર, માગે દેવ કને સુખસાર. ૬
કાંય ન આપે જ્યારે દેવ, તેની તરત તજે તે સેવ;
મૂર્તિ પછાડી ખંડન કરે, પ્રભુથી પ્રિય વિષયો મન ધરે. ૭
વાઘરીનું જો વાંકુ હોય, દેવીને દે જુતી સોય;
જીવ લોભિયો જાણિ અપાર, રહ્યો અદૃષ્ટ બ્રહ્મ કર્ત્તાર. ૮
સદા ગગનમાં તે પ્રભુ રહે, કર્યાં કર્મ જીવોનાં લહે;
ફળ આપે પ્રભુ છાનો રહી, પરવશ જીવ ભોગવે સહી. ૯
જો પ્રત્યક્ષ વિશ્વંભર હોય, માગણ જંપા દે નહિ કોય;
જાણો દુષ્ટ જગતમાં તેહ, પાપ કરી સુખ માગે જેહ. ૧૦
સુકૃત કરી સુખ માગે કોય, દેવોને પ્રિય લાગે સોય;
જેનાં કુકર્મ સઘળાં ટળે, તેને માગ્યાં વસ્તુ મળે. ૧૧
કોચ વાવીને કેરી ચહાય, પૂર્ણ આશા તેની ના થાય;
સુખ લોભીને સુખ બહુ મળે, અંતરથી આશા નવ ટળે. ૧૨
માણુસ લોકતણું સુખ જેહ, દુઃખે ગ્રસ્ત થયેલું એહ;
સુખ પાછળ આવે છે દુઃખ, વળી દુઃખની પાછળ સુખ. ૧૩
સ્વર્ગતણું સુખ વર્ણ્યું જેહ, ભૂમી સુખથી અધિકું એહ;
પણ નિંદ્યુ છે વેદોમાંય, તેમાં શ્રેષ્ટ પણું નહિ કાંય. ૧૪
કરે કર્મ આ લોકે જેહ, જાઈ ભોગવે સ્વર્ગે તેહ;

Scanned by CamScanner

ક્ષીણ પુણ્ય તેનાં જો થાય, ત્યારે તે પૃથ્વીપર જાય. ૧૫
નવાં કર્મ સ્વર્ગે ના થાય, ભૂતળનાં તેમાં ભોગવાય;
ભૂતળનું સુખ જેવું લહે, કપિલ સ્વર્ગનું તેવું કહે. ૧૬
વિષય સુખે કોઈ તૃપ્ત ન થાય, માટે ઝાંઝુવાં તુલ્ય ગણાય;
માટે વિષય તણું સુખ જેહ, સુખાભાસ જાણવું તેહ. ૧૭
પરિણામે સુખમાં દુઃખ લહે, ગૌતમ મુની સુખને દુઃખ કહે;
સુખ આસક્તીથી દુઃખ થાય, માટે સુખ દુઃખ તુલ્ય ગણાય. ૧૮
પ્રાલબ્ધથી સુખ દુઃખ જેહ, તજી આસક્તિ ભોગવો તેહ;
સુકૃત તમે સદા આચરો, પાપદ્વાર સહુ બંધજ કરો. ૧૯
જેમ જીવ પાપી ના થાય, એવો નિશદિન કરો ઉપાય;
પાપી આત્મા તે બંધાય, દેહાંતર તેને બહુ થાય. ૨૦
માટે સુકૃત કરો પ્રકાશ, છાંડો ફળ મુક્તની આશ;
પુણ્ય કર્મ બ્રહ્માર્પણ કરો, ફળ આશા તેમાં નવ ધરો. ૨૧
પાપ જશે ને ચોખા થશો, અંતે પરબ્રહ્મ પામશો;
વિષયાસક્ત થયેલા મંદ, જાણે વિષય એજ ગોવિંદ. ૨૨
એવું સત્ય ન માનો કોય, થોર દૂધથી ઘૃત ના હોય;
હતો રાય યયાતી જેહ, તૃપ્ત ન થયો વિષયથી તેહ. ૨૩
સત્યવચન બોલ્યો તે રાય, કોય વિષયથી તૃપ્ત ન થાય;
વિષયોમાં મન બોળ્યાં કરે, ચોળી રાખ શરીરે ફરે. ૨૪
કપડાંએ ગેરૂનો રંગ, કોઈ તો ફરે ઉઘાડે અંગ;
તેના મનની તૃષ્ણા ન જાય, ભેખ ભાંડના તુલ્ય ગણાય. ૨૫
વેદે નિંદી વિષય સુખ બહુ, નથી બાવા બનવાનું કહ્યું;
રહો ગૃહસ્થાશ્રમની માંહિ, સર્વ પુણ્ય ફળ પામે જ્યાંહિ. ૨૬

Scanned by CamScanner

ખટ શત્રુ જીતો ત્યાં રહી, વિષયાસક્તિ ધરવી નહીં;
મટે મનથકી સઘળા રાગ, તેનું નામ કહે વીતરાગ. ૨૭
યાજ્ઞવલ્કય જનકાદિ વશિષ્ટ, હતા ગૃહસ્થ પણ પામ્યા ઇષ્ટ;
ભક્તિ જ્ઞાન વૈરાગ્ય સમેત, ધર્મ બ્રહ્મશું રાખે હેત. ૨૮
શબ્દાદિક વિષયો છે જેહ, બિન આસક્તિ ભોગવે એહ;
વિધિયે પત્ની પરણે સોય, વ્યભિચાર આચરે ન કોય. ૨૯
પ્રજા ઉત્પત્તી કરવા કાજ, પત્ની પરણો કહે જગરાજ;
વિષયાસક્તિ માટે નહિ, જગકર્ત્તાએ વાણી કહી. ૩૦
અત્યાસક્ત વિષયમાં થાય, કરી કર્મ ભવમાં કૂટાય;
વિષયાસક્ત પ્રાણિ જે હોય, આ ભવમાં દુઃખ વેઠે સોય. ૩૧
હરિણ મરે છે જગમાં જેહ, જુવો નાદને લોભે તેહ;
રૂપ જોવાને લોભે કરી, જાય પતંગ દીપમાં મરી. ૩૨
હાથણીને અડવા મન ધરે, હાથી તે ખાડામાં પડે;
ગજનો ગંધ લેવાને જાય, ભમરો મરે કાન ઝપટાય. ૩૩
મીન જીભને સ્વાદે કરી, કાંટો વાગે જાયે મરી;
એક એક વિષય વશ એમ, મરે જીવ અજાણ્યો તેમ. ૩૪
નર જો પંચ વિષય વશ હોય, કયમ સંસાર તરે જન સોય;
માટે વિષયાસક્તિ તજો, આ ભવમાં રહિ ઈશ્વર ભજો. ૩૫
અનાસક્ત ભોગવે ભોગ, પરબ્રહ્મશું પામે જોગ;
છોટમ એવા વિરલા કોય, પૂર્વ પુણ્યથી પૂરા હોય. ૩૬

દશધા ભક્તિ વિષે.

ઝઝા ઝાકળના કણ જેમ, જીવ અંશ કર્ત્તાના એમ;
અંશ અંશી કર્ત્તાને ભજે, ભવ દુઃખ છોડી પામે મજે. ૧

Scanned by CamScanner

ભજવો સાચો ઈશ્વર જેહ, ભક્તિનામ કહે જન તેહ;
એવી ભક્તિ દશધા સાર, તેમાં મુખ્ય પરા નિર્ધાર. ૨
ઉપજે પ્રેમ બ્રહ્મપર બહુ, પરાભક્તિ તો તેને કહું;
અતિ પ્રેમ અંતર છલકાય, તેણે વિશ્વપતી વશ થાય. ૩
ઉપજે પ્રેમ અંગમાં બહુ, ટળે મનોમળ જનના સહુ;
રોમ રોમ ઉઠે રંકાર, પ્રેમ આંસુની ચાલે ધાર. ૪
દેહ ગેહનું ભૂલે ભાન, લાગે એક ઈશમાં ધ્યાન;
ગાતાં ગદગદ કંઠે થાય, દિવ્ય બ્રહ્મ કર્ત્તા દર્શાય. ૫
ત્રણયે લોકતણું સુખ જેહ, તરણા તુલ્ય ગણે સહુ તેહ;
દેહ ગેહમાં જે અવકાશ, તેમાં દેખે બ્રહ્મ પ્રકાશ. ૬
પરા ભક્તિ કહે છે મુની એહ, ઉગ્ર પુણ્યથી આવે તેહ;
મનમાં પરા ભક્તિ જો થાય, પુણ્ય ફળે ને પાતક જાય. ૭
પરા ભક્તિથી પ્રકટે જ્ઞાન, સતત રહે બ્રહ્મમાં ધ્યાન;
અતિ ઉત્તમ ભક્તિ છે તેહ, મોક્ષતણું સાધન છે એહ. ૮
મનની ક્રિયાવડે એ થાય, પરાભક્તિ દશમી કહેવાય;
નવધા બાહ્ય ક્રિયાથી થાય, માટે ક્રિયાભક્તિ કહેવાય. ૯
ક્રિયા ભક્તિ છે સાધનરૂપ, પરાભક્તિ જાણો ફળ રૂપ;
ક્રિયા ભક્તિ નવધા મુનિ કહે, શ્રદ્ધાવંત મહાજન ગ્રહે. ૧૦
પેહેલી શ્રવણભક્તિ કહેવાય, બીજી કીર્ત્તન ભક્તિ ગણાય;
ત્રીજી સ્મરણ ભકિત મુનિ કહે, સેવાભકિત ચોથી ગ્રહે. ૧૧
પૂજાભકિત તે પાંચમી, વંદનભકિત છઠ્ઠી ગમી;
દાસ્યભકિત કહે છે સાતમી, સખ્યભકિત ગણવી આઠમી. ૧૨
આત્મનિવેદન નવમી કહી, કહું છું અર્થ એમનો સહી

Scanned by CamScanner

સુણવો મહિમા પ્રભુનો જેહ, નામે શ્રવણ ભક્તિ છે એહ. ૧૩
પ્રભુના ગુણ ગાવા વાણિયે, બહુ કીર્ત્તન ગાવાં પ્રાણિયે;
કીર્ત્તન ભક્તિ જાણો એહ, પરમેશ્વર શું ઉપજે નેહ. ૧૪
બ્રહ્મરૂપનું ચિંતન થાય, તેને સ્મરણ ભક્તિ કહેવાય;
પ્રભુ આજ્ઞાઓ પાળે સાર, પ્રભુ રીઝે એવો આચાર. ૧૫
પતિવ્રતા પાળે છે જેમ, સેવાભક્તિ કહિ છે એમ;
પૂજા લેવા ભક્તો તણી, બહુ મૂર્તી પ્રભુજીની બણી. ૧૬
વિધિ હરિહર શક્તિ ગણનાથ, ઇંદ્ર વરૂણ સૂર્યાદિક સાથ;
ઇત્યાદિક જે જે છે દેવ, પૂજો બ્રહ્મ જાણી તતખેવ. ૧૭
શાસ્ત્ર કહે ષોડશ ઉપચાર, તેણે પૂજો જગકર્ત્તાર;
વિપ્ર વન્હિ પ્રતિમા જળ જેહ, સૂર્ય પૃથ્વી મન વાણિ એહ. ૧૮
ગંડકી ને રેવા પાષાણ, પ્રભુને પૂજે એમાં જાણ;
આવાહન એઓમાં કરે, બહુ ઉપચારે પૂજા ધરે. ૧૯
પૂજા ભક્ત કહિયે એહ, પાપહીન હોયે નર દેહ;
વારંવાર કરે નમસ્કાર, વંદન ભક્તિ એ નિર્ધાર. ૨૦
હું સેવક સ્વામી જગનાથ, ભક્ત ગણીને ઝાલો હાથ;
આરાધે પ્રભુજીને એમ, દાસ્ય ભક્તિ વર્ણું છે તેમ. ૨૧
મારો પૂર્વ સનેહી પ્રભુ, સખા અખંડિત એ છે વિભૂ;
કર્મ કરી અરપું એહને, ફળ આપે છે પ્રભુજી મને. ૨૨
એમ પરસ્પર અર્પણ થાય, મિત્ર મિત્રનો થાય સહાય;
પ્રિયવસ્તુ જગમાં છે જેહ, મિત્ર મિત્રને અરપે તેહ. ૨૩
મિત્ર મિત્ર જેમ કરે સનેહ, સખ્યભક્તિ વર્ણું છે તેહ;
અર્પે આત્મા પ્રભુને જેહ, કહિયે આત્મનિવેદન એહ. ૨૪

Scanned by CamScanner

દેહ ઇંદ્રિ આત્મા મન પ્રાણ, અર્પે પ્રભુને ભક્ત સુજાણ;
એવું બ્રહ્મ સમર્પણ હોય, નિજ અર્થે વાપરે ન કોય. ૨૫
પ્રભુ અર્થે મન વાણી કાય, પાતક રહિત ભક્ત જન થાય;
નવધા ભક્તિ કરે જે એમ, તેણે વાધે પ્રભુપદ પ્રેમ. ૨૬
ક્રિયાભક્તિ માટે તે કહી, સર્વ ક્રિયા બાહર છે રહી;
રહે અંતરમાં પ્રેમ અપાર, પરાભક્તિ તે છે નિર્ધાર. ૨૭
પરાભક્તિ ઉપજી નવ હોય, જીવ કૃતારથ બને ન કોય;
બાહ્ય ચિન્હ નવ કાંય જણાય, રહે અંતરે પ્રેમ સદાય. ૨૮
ત્યારે સફળ ક્રિયા સહુ થાય, વિના પ્રેમ સહુ વૃથા ઉપાય;
ક્રિયાભક્તિ છે નવધા જેહ, દંભી કોઇ કરે છે તેહ. ૨૯
પરા વિના ફળ પામે નહીં, સાચે પ્રભુ રાચે છે સહી;
પરાભક્તિ તો સાચી થાય, તેમાં જુઠ ન ચાલે જરાય. ૩૦
જડવત લોક અજાણ્યા જેહ, ઢાંગીને માને છે તેહ;
માળા તિલકતણો મહિમાય, કહી ભક્ત થઇને પૂજાય. ૩૧
માને લોક અજાણ્યા જ્યાંય, પણ પ્રભુ ફળ આપે નવ કાંય;
માટે સાચે રાચે રામ, પૂરે ભકત તણા મન કામ. ૩૨
કહી શાંડિલ્ય શાસ્ત્રે પ્રમાણ, કરી જાણે કોઈ લોક સુજાણ;
ભાકતયોગ છે એનું નામ, છોટમ પામે આત્મારામ. ૩૩

अष्टांग योग विषे.

ગ-ાગ-ાા યોગશાસ્ત્ર કરનાર, પતંજલી ઋષી કહે છે સાર;
જીવ બ્રહ્મનો મટે વિયોગ, તેનું નામ કહે છે જોગ. ૧
ચિત્ત બ્રહ્મ માંહે સ્થિર રહે, મુનિ જન યોગ તેહને કહે;
ચંચળ ચિત્ત વિષયમાં ફરે, યોગ વિના તે સ્થિર નવ ઠરે. ૨

Scanned by CamScanner

માટે યોગ કહે મુનિરાય, જેથી ચિત્ત વૃત્તિ સ્થિર થાય;
યોગ કેરાં છે આઠે અંગ, સજ્જન સાધો આણી ઉમંગ. ૩
યમ ને નિયમ સુખાસન સાર, પ્રાણુાયામ ને પ્રત્યાહાર;
ધ્યાન ધારણુા અને સમાધી, આઠે અંગો લેવાં સાધી. ૪
યમ સાધન દશ ભાખ્યાં જેહ, સુખદાયક સાધકને તેહ;
સહુપર કરૂણુા કરવી સહી, કોઈની ચોરી કરવી નહીં. ૫
સરલપણે સહુથી વરતવું, શાંતિ યુક્ત સ્વભાવી થવું;
બાહ્યાભ્યંતર શૌચાચાર, ધૈર્યવંત થાવું નિર્ધાર. ૬
મિતાહાર કરવો સર્વદા, સત્યવાણી ઉચરવી સદા;
પ્રાણી હિંસા કરવી નહીં, બ્રહ્મચર્ય વ્રત ધરવું સહી. ૭
યમ નામે સાધન દશ એહ, પાળે સહુ યોગેશ્વર તેહ;
હવે નિયમ કહું છું દશ વીર, પાળે ધાર્મિક ને જે ધીર. ૮
આસ્તિકત્વ ગુણ ઉપજે સાર, પ્રભુ મળવાનો હર્ષ અપાર;
ધર્મ પાળવાને તપ સહે, દેવાર્ચન માંહે સ્થિર રહે. ૯
દીન જોઇને આપે દાન, રહે અહરનિશ લજ્જાવાન;
સાચું થાય બ્રહ્મનું જ્ઞાન, હોમ કરે તે જન ગુણવાન. ૧૦
સારાં શ્રવણ કરે નિષ્પાપ, મુખડે વેદ મંત્રનો જાપ;
દશે નિયમનાં એ છે નામ, પાળે તેને ભેટે રામ. ૧૧
ચોરાશી આસન કહેવાય, પદ્માસન બહુ શ્રેષ્ઠ ગણાય;
સ્વસ્તિક ભદ્ર વજ્ર ને વીર, પાંચે આસન ભાખે ધીર. ૧૨
ત્રણ્ય પ્રકારે પ્રાણાયામ, પૂરક કુંભક રેચક નામ;
વારે ઇંદ્રિય વિષયો થકી, પ્રત્યાહાર કહ્યો તે નકી. ૧૩
નાભિ આદિ સ્થાનક જે કહે, બ્રહ્મરંધ્ર પર્યંતજ ગ્રહે;

Scanned by CamScanner

પ્રાણ ધારણા તેમાં કરે, નામ ધારણા માટે ધરે. ૧૪
ચિત્તમાં પ્રભુનું ચિંતન થાય, તેનું ધ્યાન નામ કહેવાય;
જીવ બ્રહ્મનો જે સંજોગ, તેનું નામ સમાધી જોગ. ૧૫
એ અષ્ટાંગ યોગ કહેવાય, બ્રહ્મ જ્યોતિ તેથી દર્શાય;
ફળની આશા મનથી તજે, ભાવે શ્રી પરમેશ્વર ભજે. ૧૬
સાચો યોગી તે કહેવાય, જેનાં નિર્મળ મન વચ કાય;
કોઇ હઠ જોગ કરે છે જતી, ફળ આશામાં રાખે મતી. ૧૭
યોગ ભ્રષ્ટ થાયે નિર્ધાર, ધરે ધનિક ઘેર તે અવતાર;
ભોગ માંહિ તેનું મન રહે, અંતે ચોરાશી દુઃખ સહે. ૧૮
જે જન છાંડે ફળની આશ, તે જન સુખ પામે અવિનાશ;
મોક્ષ પામી પાછો નવ પડે, ભવનાં દુઃખ તેને નહિ નડે. ૧૯
માટે જોગ કરો સહુ કોય, મોક્ષ પદારથ પ્રાપત હોય;
જોગ વિના નવ મટે વિજોગ, પામે નહિ બ્રહ્માનંદ ભોગ. ૨૦
માટે પતંજલી મુનિ કહે, સત્ય જાણી સાચા જન ગ્રહે;
છોટમ કહે જાય સંતાપ, જીવ બ્રહ્મનો થાય મિલાપ. ૨૧

બ્રહ્મનિરૂપણ વિષે.

ટટ્ટા ટેક ગ્રહે દૃઢ જેહ, પ્રભુનું ભજન કરે નર તેહ;
કર્ત્તા પ્રભુ છે એક અરૂપ, કહ્યો વેદમાં જ્ઞાન સરૂપ. ૧
જડ રૂપે પ્રકૃતિ છે માય, તેણે પ્રાણી દેહ રચાય;
વર્ણ્યો સત્ય સ્વરૂપી તેહ, અસત્ય કહિ છે માયા એહ. ૨
જન્મ નાશ માયાનો કહ્યો, અવિનાશી આકાશે રહ્યો;
ઇશ્વરનું છે આનંદરૂપ, માયા તો છે કલેશ સરૂપ. ૩
માયાનાં જે તત્ત્વો કહે, તેમાં પણ કલેશી ગુણ રહે;

તેના બનિયા છે સહુ દેહ, માટે ક્લેશવંત છે એહ. ૪
રાગ દ્વેષ અહંતા કહે, ભય અજ્ઞાન ક્લેશ એ રહે;
[૧]નશ્વરમાં સુખ વાંચ્છા જેહ, ગાઢ રાગ જાણોને એહ. ૫
અપ્રિયશું અપ્રીતિ થાય, દ્વેષ નામ તેનું કહેવાય;
મનમાં ઉપજે ઝાઝો ગર્વ, તેને કહે અહંતા સર્વ. ૬
નાશ તણો ડર મનમાં રહે, તેને ભય શાણા જન કહે.
અપ્રભુમાં પ્રભુજીનું જ્ઞાન, તેનું નામ કહે અજ્ઞાન. ૭
પંચ ક્લેશ વર્ણ્યા જે એહ, દેહવંતમાં વર્ત્તે તેહ;
પંચ ક્લેશ જેમાં નવ હોય, જગકર્ત્તા ઈશ્વર છે સોય. ૮
ભૂલ્યો જીવ પોતાનું રૂપ, વળિ ભૂલ્યો પરબ્રહ્મ સ્વરૂપ;
કર્મ કરે અજ્ઞાને એહ, પામે [૨]કર્મવિપાકજ તેહ. ૯
કર્મવિપાક બ્રહ્મને નથી, વેદાંતે એ વાણી કથી;
જીવ કરે આ જન્મે જેહ, પર જન્મે પામે છે તેહ. ૧૦
સંચિતનું પ્રારબ્ધ ઘડાય, જાતી આયુશ સુખ દુઃખ થાય;
કર્મતણું એ તો ફળ થાય, કર્મવિપાક તેને કહેવાય. ૧૧
બ્રહ્મ ન હોય જીવવત દીન, છે સર્વજ્ઞ અને સ્વાધીન;
સહુ ઉપજાવે પાળે હરે, કર્મવિપાક ન લાગે ખરે. ૧૨
સમદૃષ્ટિ સહુ ઉપર ધરે, મેઘાદિક સરજી સુખ કરે;
કર્મ તપાશી જીવોતણાં, યથાયોગ્ય ફળ આપે ઘણાં. ૧૩
નિત્ય તૃપ્ત પ્રભુ છે એકલો, તેણે ખેલ રચ્યો આ ભલો;
ઉત્પત્તિ આદિક જે થાય, તે લીલા પ્રભુની કહેવાય. ૧૪
અચિંત્ય રચના એણે કરી, પરમ ચાતુરી સહુમાં ધરી;

૧ નાશવંત. ૨ ફળ.

Scanned by CamScanner

સૃષ્ટિની રચના પરખાય, તેનો કર્ત્તા બ્રહ્મ જણાય. ૧૫
વિરાગ ગુણ છે પ્રભુની માંય, નથી લિપાતો માયા માંય;
છે ઐશ્વર્ય ઈશમાં સાર, સહુને સરજે છે કર્ત્તાર. ૧૬
મોટો ગુણ છે પ્રભુનો ધર્મ, કરે ન્યાય તપાશી કર્મ;
સહુ જન ઉપર અધિકો નેહ, કોટિ માતથી ઝાઝો તેહ. ૧૭
જેને જેવું જોઇયે તેમ, યથાયોગ્ય સરજે છે એમ;
અન્ન કપાસ આદિ સહુ વસ્ત, જીવો માટે રચ્યું સમસ્ત. ૧૮
સૃષ્ટી કેરૂં કરવા કામ, સૂર્યાદિક સરજ્યા ગુણધામ;
પાળે આજ્ઞા પ્રભુની તેહ, કામ કરે સૃષ્ટીનું એહ. ૧૯
રચ્યાં બીજમાં જેણે વૃક્ષ, બીજો કો નહિ એવો [1]દક્ષ;
બિંદુમાંથી પ્રકટે દેહ, પિતા સરીખા દીસે તેહ. ૨૦
સ્થાવરાંત બ્રહ્માદિક દેહ, ચોવી તત્ત્વોના છે તેહ;
નામ રૂપ ગુણને આકાર, પૃથક પૃથક છે સહુનાં સાર. ૨૧
પરમ ચાતુરી પ્રભુની ઘણી, દેવ અનેક શકે નહિ ગણી;
પ્રભુ અખંડ છે જ્ઞાનસ્વરૂપ, સદા સર્વને નિરખે ભૂપ. ૨૨
સહુની રાખે છે સંભાળ, પરબ્રહ્મ છે પરમ કૃપાળ;
સર્વ જીવ અલ્પજ્ઞ ગણાય, જાગૃત સ્વપ્ન સુષુપ્તિ થાય. ૨૩
જાગૃત જ્ઞાન સ્વપ્નમાં જાય, સુષુપ્તિમાં નહિ કાંય જણાય;
જડ તનુ ધારી છે સહુ જંત, દેહવિહીન રહે ભગવંત. ૨૪
બ્રહ્મ એક છે બીજો નહિ, આદ્ય મધ્ય ને અંતે સહી;
તેના જીવો અંશ અનેક, પ્રભુ આનંદ કંદ છે એક. ૨૫
અવિનાશી પ્રભુ એક સદાય, નાશવંત તે જાણો માય;

---

૧ ડાહ્યો.

જીવન જાણે પ્રભુનું રૂપ, વારંવાર પડે ભવકૂપ. ૨૬
અજાણપણથી એ બંધાય, જાણે પ્રભુને મુક્તિ થાય;
પરબ્રહ્મ પરમાત્મા રામ, ઈશ્વર ભગવત એવાં નામ. ૨૭
બહુ ગુણવંતો દેવ સદાય, માટે બહુ નામી કહેવાય;
ગુણ ઉપરથી પાડ્યાં નામ, ગ્રંથકારનું એ છે કામ. ૨૮
વિધિ હરિહર ગણનાયક એહ, શક્તિ સૂર્યાદિક છે જેહ;
તેઓમાં ઈશ્વરતા રહી, તે સહુ પરમેશ્વરની કહી. ૨૯
[1]સર [2]સરિતા સાગર જળ જેમ, જાણો મેઘતણું સહુ તેમ;
તેણે સર્વ દેવ પૂજાય, નિજ ભક્તોને થાય સહાય. ૩૦
પ્રભુ છે દેવતણો અધિદેવ, માટે તેની કરવી સેવ;
સેવે તે સાચો છે સંત, છોટમ આરાધે ભગવંત. ૩૧

उपासना कुतूहल विषे.

ઠઠા તે નર નક્કી ઠરે, જે પરબ્રહ્મ ઉપાસન કરે;
સહીનાં કરવાને કાજ, જન પૂજા લેવા જગરાજ. ૧
નિરાકાર બનિયો સાકાર, પંચ દેવ રૂપે નિર્ધાર;
સ્થૂળ બુદ્ધિવાળા જન જેહ, પ્રભુ સાકાર ઉપાસે તેહ. ૨
પરમકૃપાળ વ્યાસ મુનિ જાણ, પંચ દેવનાં કર્યાં પુરાણ;
નિરાકાર વર્ણીને એક, દેખાડ્યો સાકાર વિવેક. ૩
નિરાકાર પ્રભુ છે સુખ ધામ, પંચ તેહનાં પાડ્યાં નામ;
શિવ શક્તિ વિષ્ણુ ગણરાય, ભાનૂ નામે બ્રહ્મ ગણાય. ૪
નામો કારણ કેરાં એહ, ભિન્ન નિરૂપણ તેના દેહ;
એક તણા કલ્પ્યા આકાર, નિરાકાર સાચો કર્ત્તાર. ૫

---

૧ સરોવર. ૨ નદી.

Scanned by CamScanner

જન સાકાર ઉપાસે જેહ, નિરાકાર પદ પામે તેહ;
ઘટજળ સરિતામાં જો જાય, તે પણ સાગરમાંહિ સમાય. ૬
દેવોમાં છે દૈવત જેહ, એક બ્રહ્મનું જાણો તેહ;
એક દેવ બિન અન્ય ન કોય, વ્યાપક બ્રહ્મ ચરાચર સોય. ૭
હવણુંના પંથી જન જેહ, કરે કુતૂહલ આવું તેહ;
ભેદ વાદથી પાડે ભેદ, એક એક મત કરે ઉછેદ. ૮
જૂદા જૂદા પાડી પંથ, લડવાને બાંધ્યા બહુ ગ્રંથ;
એક બ્રહ્મમાં પાડ્યા ભેદ, કોરે મૂક્યા ચારે વેદ. ૯
વૈષ્ણવ શિવની નિંદા કરે, સહુથી શ્રેષ્ઠ વિષ્ણુ ઉચરે;
ભક્તોમાં મોટા છે ઈશ, ધરે વિષ્ણુ ચરણોદક શીશ. ૧૦
શિવજી ધરે અમંગળ વેશ, તેમાં શુદ્ધપણું નહિ લેશ;
રહે મશાણે ચોળે રાખ, ભૂત પ્રેત ગણ પાસે લાખ. ૧૧
મહા તામસી એ છે વામ, તેનું વૈષ્ણવ ના લે નામ;
શિવનો પુત્ર ગણપતી જેહ, અર્દ્ધો નર અર્દ્ધો પશુ તેહ. ૧૨
દયાહીન દેવી જાણિયે, સારી ક્યમ કહિયે વાણિયે;
ભમતો રહે રવિ નભ માંય, એને જંપ મળે નહિ કાંય. ૧૩
વિષ્ણુ વિના અન્ય જે દેવ, તેની વૈષ્ણવ ન કરે સેવ;
શિવના ભક્ત વદે છે સોય, શિવની તુલ્ય દેવ નહિ કોય. ૧૪
વિષ્ણુ આદિક જે જે દેવ, કરે નિત્ય શિવજીની સેવ;
જીવ માત્રને પશુ કહેવાય, પશુપતિ એક સદાશિવ રાય. ૧૫
વિષ્ણુ સેવક છે શિવ તણા, તેને આપ્યા વૈભવ ઘણા;
એક દિને લઈ કમળ હજાર, હરિયે શિવને અર્પ્યાં સાર. ૧૬
ઓછું એક થયું તે માંય, કાઢ્યું નેત્ર પોતાનું ત્યાંય;

થયા પ્રસન્ન એ શિવ ભગવાન, વિષ્ણુને આપ્યાં વરદાન. ૧૭
રામે સાગર બાંધ્યો જ્યાંય, થાપ્યા રામેશ્વરને ત્યાંય;
કૃષ્ણે શંકર પૂજન કીધું, તેથી ચક્ર સુદર્શન દીધું. ૧૮
દેવીભક્ત કહે છે આમ, સહુથી દેવી છે ગુણધામ;
વિધિ હરિ હર દેવીના ભક્ત, સૃષ્ટ્યાદિક કરવાને શક્ત. ૧૯
સૂરજ ભક્ત કહે સહુ ફોક, સૂર્યવડે છે સઘળા લોક;
વિશ્વમાંહિ અંધારૂં થાય, કોયે અજવાળું ન કરાય. ૨૦
ત્રિગુણ દેવ છે સૂર્યાધીન, સૃજે હરે પાળે એ [1]દિન;
કહે ગણપતિ કેરો ભક્ત, આદિ દેવ ગણનાથ અવ્યક્ત. ૨૧
સૃષ્ટિ પેહેલો એ છે દેવ, માટે પ્રથમ કરે સહુ સેવ;
પ્રથમ અન્યને પૂજે કોય, તેનું કારજ સિદ્ધ ન હોય. ૨૨
એવા દેવ ઉપાસક એહ, અન્યો અન્ય લડે છે તેહ;
ભેદ વાદમાં ભમિયા સહુ, તેથી કરે કુતૂહળ બહુ. ૨૩
સહુ ચાલે છે વેદ વિરૂદ્ધ, એકે પંથ રહ્યો નહિ શુદ્ધ;
પંચ દેવનાં સર્વ પુરાણ, તેનો અર્થ ન લહે અજાણ. ૨૪
પાંચે બ્રહ્મ તણાં છે નામ, ભિન્ન રૂપ ધરી સાધે કામ;
લીલા વિગ્રહ સઘળા દેવ, બ્રહ્મભાવથી કરવી સેવ. ૨૫
એવો મર્મ ન સમજ્યા જેહ, થયા દેવના દ્રોહી તેહ;
એક એકની નિંદા કરે, તેણે કોઈ કારજ ના સરે. ૨૬.
દેવતણી જે નિંદા કરે, રૈરવ નરક વિષે સંચરે;
સર્વદેવમય બ્રહ્મ અખંડ, ભિન્ન કહે તે છે પાખંડ. ૨૭
છોટમ શ્રુતિમત સાચો ગ્રહે, કારણ એક બ્રહ્મને કહે;
બ્રહ્મરૂપ જાણીને દેવ, કરે નિર્વિરોધથી સેવ. ૨૮

---

૧ સૂર્ય.

Scanned by CamScanner

अशरीरी ईश्वर विषे.

ડડા ડા'પણ રાખી સજો, નિરાકાર કર્ત્તાને ભજો;
અજ વ્યાપક અદ્વૈત અખંડ, કોટિકોટિ સરજે બ્રહ્માંડ. ૧
વેદ વિરૂદ્ધ પંથ છે જેહ, આકૃતિવંત કહે પ્રભુ તેહ;
કોઈ કહે નારી આકાર, કોઇ નર રૂપ કહે કર્ત્તાર. ૨
કહે અર્દ્ધનારીશ્વર કોય, કોઇયે લખ્યો નપુંસક સોય;
કોઇ દેવ જેવો પ્રભુ કહે, કોઈ તો મનુષ્ય સમો પ્રભુ લહે. ૩
કોઇ કર્ત્તાનું વર્ણે ધામ, કોઈ તો સરસ વખાણે ગામ;
વદે પરસ્પર અધિકા વાદ, લખી જણાવું થોડી યાદ. ૪
નારીથી તો જગત ન હોય, કેવળ નરથી બને ન કોય;
ન શકે કરી નપુંસક વળી, રચે જગત નારી નર મળી. ૫
માટે નારીશ્વર જગનાથ, જુગલ મલી સરજે સહુ સાથ;
દેવરૂપ નારીશ્વર સોય, મનુષ રૂપથી વિશ્વ ન હોય. ૬
એમ અનેક કલ્પના કરે, વેદ અર્થ મનમાં ના ધરે;
નિરાકાર વ્યાપક છે તેહ, અશરીરી કહે છે શ્રુતિ એહ. ૭
કણાદ ગૌતમ ને મુનિ વ્યાસ, અશરીરીનો કરે પ્રકાશ;
દેહવંત જગકર્ત્તા હોય, એકદેશી કહેવાયે સોય. ૮
જગ ઉત્પત્તિ આદિક જેહ, સર્વ દેશમાં નિપજે તેહ;
સર્વ દેશનાં જેજે કામ, એક દેશી કયમ કરશે રામ. ૯
દોડાદોડ કરે જો એહ, તોપણ પૂર્ણ થાય નહિ તેહ;
પત્થર મધ્યે મંડુક થાય, દેહવંતથી કેમ ઘડાય. ૧૦
પત્થરમાં નવ પેસે દેહ, ઘડી શકે કયમ કર્ત્તા તેહ;
ફળ કાષ્ઠાદિકમાં જે જંત, દેહી કયમ ઘડશે ભગવંત. ૧૧

Scanned by CamScanner

ઉમરડામાં મછરાં જેહ, દેહવંત ન ઘડે પ્રભુ તેહ;
એક દેશી જે વસ્તુ હોય, તેનો દીઠો કર્ત્તા કોય. ૧૨
એક દેશી ઘટ છે સાકાર, તેનો કુંભકાર કરનાર;
એક દેશી જગકર્ત્તા હોય, તો તેનો કર્ત્તા છે કોય. ૧૩
કર્ત્તાનો જે કર્ત્તા કહે, ખટ દોષોને તે શિર ગ્રહે;
આપ આપનો કર્ત્તા કહો, દોષ પ્રથમ આત્માશ્રય ગ્રહો. ૧૪
અગ્નિ અગ્નિને બાળે તેમ, આત્માશ્રયને જાણો એમ;
બે કર્ત્તા જો કહેશો તમે, અન્યોન્યાશ્રય કહિશું અમે. ૧૫
એક એકનો કર્ત્તા થાય, અન્યોન્યાશ્રય તે કહેવાય;
પેહેલાનો બીજો કર્ત્તાર, બીજાનો પેહેલો નિર્ધાર. ૧૬
બે કર્ત્તા મુખથી ઉચરો, અન્યોન્યાશ્રય આવે ખરો;
એ જે દોષ ટાળવો ગમે, કર્ત્તા ત્રણ્ય માનશો તમે. ૧૭
ત્યારે ચક્રક દોષજ થાય, તે તજવાનો નથી ઉપાય,
પહેલાનો બીજો કર્ત્તાર, બીજાનો ત્રીજો નિર્ધાર. ૧૮
ત્રીજાનો પહેલો જો કહો, દોષ તમે ચક્રકને વહો;
ફરે ઘંટીની પેરે જેહ, ચક્રક દોષ જાણવો તેહ. ૧૯
ચક્રક દોષ ટાળવા જાય, કર્ત્તા ત્રણથી અધિક ગણાય,
પહેલાનો બીજો કર્ત્તાર, બીજાનો ત્રીજો છે સાર. ૨૦
ત્રીજાનો ચોથો જો કહે, ચોથાનો પંચમ જો લહે;
એમ અનેક ગણે કર્ત્તાર, કર્ત્તા પંક્તિ થાય અપાર. ૨૧
તો અનવસ્થા દોષજ ઠરે, પંડિતજન સ્વીકાર ન કરે;
જગકર્ત્તા જ્યાં બહુ કહેવાય, મુખ્યતણો નિર્ણય નવ થાય. ૨૨
દોષ તેજ વિનિગમનાવિરહ, પંડિતથી નવ થાય પરીસહ;

Scanned by CamScanner

કર્ત્તા ના કર્ત્તા જે બહુ, સંભવતા નહિ એ તો સહુ. ૨૩
પૂર્વ પ્રભૂનો લોપજ કરી, છેલો એક ગ્રહે જો હરી;
પૂર્વ લોપ નામે જે દોષ, આવે છે કહુ છું કરી ઘોષ. ૨૪
એવા દોષ ન જાણે જેહ, એક દેશી કર્ત્તા કહે તેહ;
ઉપજેલી વસ્તુ જે હોય, એક દેશમાં રહે છે સોય. ૨૫
જગમાં જોજયો કરી વિચાર, દેહવંતમાં ભર્યા વિકાર;
દેહ સકળ પ્રકૃતિના થાય, દેહવંત શું કર્ત્તા ગાય. ૨૬
કમળાસન આદિકના દેહ, બનિયા છે પ્રકૃતિના તેહ;
આ લોક નર નારી મળી, પ્રજાકાર્ય ઉપજાવે વળી. ૨૭
તે દેખી પર લોકે કોય, નારીશ્વરવર્ણે પ્રભુ સોય;
પૃથ્વીપર ભૂપતિનું ધામ, રત્નજડિત ત્યાં દેખી કામ. ૨૮
પરલોકે પ્રભુનું ત્યમ કહે, અણુદીઠું જીવો નવ ગ્રહે;
હોય દેહધારી જન જેહ, ધામ વિષે રહે છે જન તેહ. ૨૯
આ જગમાં જે વસ્તુ કથી, તેવો જગનો કર્ત્તા નથી;
જીવધર્મ મોહાદિક જેહ, પ્રકૃતિધર્મ સ્થૂલાદિક તેહ. ૩૦
એ બે રહિત બ્રહ્મ છે પ્રભુ, નિરાકાર જગકર્ત્તા વિભુ;
સદ્ચિદરૂપ સનાતન સોય, કહે છોટમ તે કર્ત્તા હોય. ૩૧

अशरीरी ईश्वरकर्त्ता विषे.

ઢઢા ઢુંગી જગમાં જેહ, પ્રતિવાદી થઈ બોલે એહ;
દેહ રહિત જગકર્ત્તા હોય, રચના રચી શકે નહિ સોય. ૧
દેહવંત છે જે કુંભાર, ઘડે ઘટાદિકના આકાર;
હસ્તપાદ વિન વ્યાપક જેહ, રચી શકે કયમ રચના તેહ. ૨
દેહરહિત વ્યાપક આકાશ, તે કયમ ઘટનો કરે પ્રકાશ;

Scanned by CamScanner

સાંભળ ઉત્તર એનો કહું, કરી વિવેક જો મનમાં ગ્રહુ. ૩
ઉભય પ્રકારે સૃષ્ટી થાય, પેહેલી ઇશ્વરકૃત કહેવાય;
અન્ય જીવકૃત જાણો તમે, બેઉને ભિન્ન માનિયે અમે. ૪
બ્રહ્માદિક સ્થાવર પર્યંત, ઈશ્વરકૃત સૃષ્ટી કહે સંત;
ઘટપટ આદિક સૃષ્ટી જેહ, જીવો સર્વ કરે છે તેહ. ૫
દેહ રહિત ઈશ્વર છે એક, દેહવંત છે જીવ અનેક;
દેહ રહિત દેહીને ઘડે, ચમત્કાર એ કેવો જડે. ૬
રચે હસ્ત વિન કર્ત્તા જેહ, હસ્તવાનથી થાય ન તેહ;
અંડજકેરા ઈંડામાંય, કેવળ નીર ભર્યું છે ત્યાંય. ૭
તેમાં પક્ષીનો મૃદુ દેહ, રચે કર વિના કર્ત્તા તેહ;
હાથવંત કર્ત્તા સાકાર, તેમાં પેસે નહિ લગાર. ૮
તો તે કયમ પંખી તનુ ઘડે, સ્થૂળ દેહ પેસે તો અડે;
દિવ્ય દેહધારી કહે કોય, તે પણ જગકર્ત્તા નવ હોય. ૯
દિવ્ય દેહ પણ પ્રાકૃત તેહ, માટે પેશી શકે ન એહ;
સ્વસ્વરૂપનો કહેશો દેહ, દેહમાંહિ ગણવો નહિ તેહ. ૧૦
ઉદ્ભવ આદિક કામ અનેક, દેહવંત કયમ કરશે એક;
ગગનતણું દીધું દૃષ્ટાંત, તેણે નવ સાધ્યુ સિદ્ધાંત. ૧૧
ગગન અવસ્તુરૂપી જેહ, તેવો છે નહિ કર્ત્તા તેહ;
સચ્ચિદરૂપી વસ્તુ એક, વેદ શાસ્ત્રમાં કર્યો વિવેક. ૧૨
એક દેશી જેવો કુંભાર, તેવો નહિ એ જગકર્ત્તાર;
કોઈ જન એવું મુખ ઉચરે, એક દેશી છે કર્ત્તા ખરે. ૧૩
કર્તૃત્વશક્તિ સઘળે રહી, ઉદ્ભવ આદિક સાધે સહી;
એક દેશી જ્યમ રવિ કહેવાય, ભાસ સર્વ દેશમાં જાય. ૧૪

Scanned by CamScanner

ઘટપટ આદિ પ્રકાસે જેમ, કર્તૃત્વશક્તિ જાણો તેમ;
એનો અહુણા ઉત્તર થાય, સાચો ત્યાં સિદ્ધાંત જણાય. ૧૫
ઉત્પત્યાદિક શક્તિ કરે, ત્યારે કર્ત્તા શક્તિ ઠરે;
શક્તિમાનનું શું છે કામ, અમથો માનો સીદ નકામ. ૧૬
શક્તિનો એ છે સિદ્ધાંત, શક્તિ કર્ત્તા કહે છે ભ્રાંત;
કર્ત્તા કહિયે સઘળે અમે, ત્યમ શક્તિ માનો છો તમે. ૧૭
નામ ભિન્ન ને વસ્તુ એક, શાણા છો તો કરો વિવેક;
શક્તિમાનને શક્તિ જેહ, એક વસ્તુ જાણોને તેહ. ૧૮
દાહ પ્રકાશ ઉષ્ણતા રહે, ત્રણ્ય શક્તિ અગ્નિની કહે;
ત્રણ મળીને અગ્નિ એક, એમ બ્રહ્મનો કરો વિવેક. ૧૯
પૃથક કરે તો તે નવ થાય, કર્ત્તામાં અગ્નિ ઓલાય;
વિધિ હરિ હર આદિક સાકાર, એકદેશી જાણો નિર્ધાર. ૨૦
ધામવિષે તે દેવો રહે, દિવ્ય દેહધારી સહુ કહે;
નિરાકાર વર્ણેલા તેહ, બ્રહ્મ સ્વરૂપ જાણવા એહ. ૨૧
બ્રહ્મ એક જગનો કર્ત્તાર, વેદ શાસ્ત્ર વર્ણે નિર્ધાર;
નાસ્તિક જન નવ માને વેદ, જગકર્ત્તાનો કરે ઉછેદ. ૨૨
કહે સ્વભાવે સૃષ્ટી થાય, તો કર્ત્તા તે કેમ ગણાય;
એનો ઉત્તર કહુછું સાર, વાદી શ્રોતા કરો વિચાર. ૨૩
વિચિત્ર રચના જગની જેહ, કર્ત્તાવિન કયમ ઉપજે તેહ;
જુવો જીવકૃત સૃષ્ટીમાંય, કર્ત્તાવિન તો બને ન કાંય. ૨૪
ચિત્રકાર વિન ચિત્ર ન થાય, બિન કુંભાર નવ ઘડો ઘડાય;
બહુવિધ રચના ઈશ્વર કરે, જ્યાં જોઈએ ત્યાં તેવું ધરે. ૨૫
ઘટે દંત જીભ મુખમાંય, ત્યારે તે સરજ્યાં છે ત્યાંય;

Scanned by CamScanner

કર્યો ઉંટનો વૃક્ષાહાર, લાંબી ડોક રચી નિર્ધાર. ૨૬
યથાયોગ્ય રચના છે ખરી, તેને જાણ સુજે શ્રીહરી;
જાણ વિના જુક્તી નવ થાય, ઘટતા ઘાટો કેમ ઘડાય. ૨૭
કોઈ નાસ્તિક એવું મત ગ્રહે, જીવ જીવનો કર્ત્તા કહે;
પિતા પુત્રનો કર્ત્તા થાય, ઉપજે સૃષ્ટી એમ સદાય. ૨૮
એનો ઉત્તર કહુ છું એક, નાસ્તિક મતનું ખંડન છેક;
પિતા પુત્રનો કર્ત્તા કહો, દોષ પ્રથમ અનવસ્થા ગ્રહો. ૨૯
પિતા તણો જો ગણે પિતાય, પિતાપિતાની પંક્ત થાય;
અવધી વિના પિતા બહુ થાય, અનવસ્થા તે દોષ ગણાય. ૩૦
બીજો દોષ અસંભવ જેહ, આ ઠેકાણે આવે તેહ;
પિતા અજાણ જીવ કહેવાય, તેણે તનુરચના નવ થાય. ૩૧
નિજ શરીરની રચના જેહ, પિતા ન જાણે કેવી તેહ;
થયો રોગ પરખે નહિ તને, નાડી દેખાડે વૈદને. ૩૨
તો તે પુત્રદેહ ક્યમ ઘડે, દોષ અસંભવ માટે નડે;
પ્રભુને ના જાણે તે અજ્ઞ, કર્ત્તા છે છોટમ સર્વજ્ઞ. ૩૩

વેદમહિમા વિષે.

ણુણા ણ અક્ષર જે કહે, તેનો અર્થ વેદમાં રહે;
વેદ તણો મહિમા છે બહુ, ભણે વિપ્ર તે માટે સહુ. ૧
એકાક્ષર જે પ્રથમ ગણાય, પ્રણવ નામ તેનું કહેવાય;
સૂક્ષ્મ વેદ પ્રણવને કહે, શબ્દજાળનું કારણ રહે. ૨
પ્રણવ એક પ્રભુનું છે નામ, શબ્દબ્રહ્મરૂપી સુખધામ;
ચારે વેદ પ્રણવથી થયા, કર્ત્તાએ બ્રહ્માને કહ્યા. ૩
સૃષ્ટીકેરા જનને કાજ, વેદ પ્રથમ બોલ્યા જગરાજ;

Scanned by CamScanner

વેદ કાયદો જાણો આદ્ય, ધર્મ બ્રહ્મ જેમાં પ્રતિપાદ્ય. ૪
વેદ પાઠ જો દ્વિજ જન કરે, તેનાં પ્રભુ સહુ પાતક હરે;
પૂર્વે ચાલ લખ્યાનો નહિ, મુખથી મુનિજન ભણતા સહિ. ૫
ઘણો કાળ વિત્યો જેટલે, પાને વેદ લખ્યા તેટલે;
ત્યારે સહુ ઋષિ ભેગા થયા, મુખથી પાઠ શ્રુતિના કહ્યા. ૬
જેને પાઠે વચનો જેમ, તેણે તરત લખાવ્યાં તેમ;
તેથી સરળ અનુક્રમ ગયો, કહિંકહિં અધિક ઉમેરો થયો. ૭
જોતાં શાખા ગ્રંથોમાંય, એવો નિર્ણય થાયે ત્યાંય;
ધર્મ બ્રહ્મ પ્રતિપાદક જેહ; મૂળ વચન પ્રભુ મુખનાં તેહ. ૮
માટે વેદધર્મ છે જેહ, પ્રકટ ઇશ્વરે કીધો તેહ;
વેદધર્મની છાયા ગ્રહી, અન્યપંથ પ્રકટ્યા છે સહી. ૯
સાચાં વેદવચન છે જેહ, ગૂઢ અર્થ ભરિયાં છે તેહ;
મોટા આચારજ જે થયા, બીહિતા વેદ અર્થ કહિ ગયા. ૧૦
કોઇ કોઇ અર્થ ઉપરથી કહે, મૂળાશય પ્રભુનો નવ ગ્રહે;
તેથી મત પ્રકટ્યા છે ઘણા, બાંધ્યા ગ્રંથ બહુલ તે તણા. ૧૧
સંસ્કૃત વેદ વચન છે સાર, જેનો વક્તા જગકર્ત્તાર;
બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્ય સમેત, ભણવા વેદ કરીને હેત. ૧૨
શુદ્ર ભણે ભાષાંતર થયું, તેનું જા[illegible];
શાસ્ત્ર કર્યાં ખટ મુનિયે જેહ, વેદ અર્થ વિસ્તારે તેહ. ૧૩
ધર્મ બ્રહ્મ વર્ણે છે શુદ્ધ, ખટ શાસ્ત્રો નહિ વેદ વિરૂદ્ધ;
વેદ વિરૂદ્ધ ગ્રંથ જે હોય, ચારે વર્ણ સુણે નહિ સોય. ૧૪
નવા પંથ જે જગમાં હોય, છાયા વેદતણી લે સોય;
વેદ ચક્રવર્ત્તી છે રાય, સહુ પંથોમાં તેની છાય. ૧૫

Scanned by CamScanner

નવા પંથ ચાલ્યા છે જેહ, કાંય વેદનું લે છે તેહ;
બીજી ભેળે કલ્પિત વાત, વળતી પંથ કરે વિખ્યાત. ૧૬
એમ અનેક થાય છે પંથ, કલ્પિત ઝાઝા બાંધે ગ્રંથ;
ખરી વસ્ત તેથી ખોવાય, સાચ તણો નિર્ણય નવ થાય. ૧૭
ઘરમાં ચોખું ઘૃત જે હોય, કોપરેલ ભેળે જ્યમ કોય;
પંથી એમ બગાડે ધર્મ, ભેળી નિજનાં નવાં કુકર્મ. ૧૮
કોઈનું મન હિંસામાં રમ્યું, કે પરદારાલિંગન ગમ્યું;
કોઇને કેફ કર્મશું રાગ, કોઇને શૌચ ક્રિયાનો ત્યાગ. ૧૯
કોઇ નાસ્તિકને પ્રભુ નવ ગમે, કોઈનું મન ઠગવામાં રમે;
ઇત્યાદિક જે મનમાં હોય, તેવા ગ્રંથ રચે છે સોય. ૨૦
વડે જીવ સ્વારથનું એમ, રાગ દ્વેષ ભરેલા તેમ;
રાગદ્વેષ ઇશ્વરને નથી, માટે સાચી વાણી કથી. ૨૧
સાચું જીવ ન બોલે કોય, તેનાં વચન પ્રમાણ ન હોય;
રાગદ્વેષ રહિત ભગવાન, તેને સઘળા જીવ સમાન. ૨૨
માટે તે સાચું ઉચરે, ઠગવાનું મનમાં નવ ધરે;
ઈશ જીવ વચને પરખાય, સિંહ શિયાળ શબ્દને ન્યાય. ૨૩
સાચાં વચન જાણિયે જેહ, જાણો ઇશ્વરોક્ત છે તેહ;
વેદ વચન માટે માનિયે, કહે છોટમ સહુ સુખ પામિયે. ૨૪

षट्शास्त्र विषे.

તત્તા તત્વ ગ્રંથ છે વેદ, ધર્મ બ્રહ્મનો ભાખ્યો ભેદ;
ડાહ્યા ઋષિ જન જે વિદ્વાન, ઘણું વેદનું જેને જ્ઞાન. ૧
કર્યાં તેમણે શાસ્તર સહુ, વેદ અર્થ દરસાવ્યો બહુ;
કણાદ ને ગૌતમમુનિ જેહ, તર્ક શાસ્ત્રના કર્ત્તા તેહ. ૨

Scanned by CamScanner

પ્રમાણુનો લઇને આધાર, જગકર્ત્તા વર્ણ્યો નિર્ધાર;
નાસ્તિકકેરા ગ્રંથો જેહ, ખંડી નાખ્યા સઘળા તેહ. ૩
કપિલ પતંજલિ હરિ અવતાર, બે જણ યોગશાસ્ત્ર કર્ત્તાર;
જીવ બ્રહ્મનો જેહ વિજોગ, બેહુનો દરસાવ્યો છે જોગ. ૪
એવાં શાસ્ત્ર રચાયાં ચાર, પૂરો નાવ્યો વેદ વિચાર;
મળ્યા જૈમિનીને મુનિ વ્યાસ, ચાર વેદનો કરી તપાસ. ૫
મીમાંસા કીધી છે ત્યાંય, વેદ અર્થ દરસાવ્યો માંય;
વિચાર સાચો કરવો જેહ, મીમાંસા તો કહિયે તેહ. ૬
ધર્મતણાં પ્રતિપાદક જેહ, વેદ વચન જે [illegible]નાં તેહ;
જૈમિનિયે મનમાં તે ધરી, તે પર ધર્મ મીમાંસા કરી. ૭
બ્રહ્મતણી પ્રતિપાદક શ્રુતિ, વ્યાસે તેમાં કીધી મતી;
બ્રહ્મમીમાંસા સુંદર કરી, બ્રહ્મ ઉપાસન તેમાં ધરી. ૮
એમ શાસ્ત્ર ષટ્ ઉપનાં તેહ, સઘળાં વેદ મૂળ છે એહ;
વેદ અર્થ દરસાવે ખરે, ષટ્ દર્શન માટે ઉચરે. ૯
ષટ્શાસ્ત્રોમાં વાદ વિનોદ, મહાપુરૂષને ઉપજે મોદ;
વાદ રસે બહુ પ્રીતિ થાય, શાસ્ત્ર શીખવામાં મન જાય. ૧૦
વિપ્ર વર્ગ જયાં ભેગો થાય, વાદ વિનોદ કરે પરખાય;
શ્રુતિસ્મૃતિનાં દઇ પ્રમાણ, ચર્ચા કરે વિપ્ર જે જાણ. ૧૧
સંવત પંદર પછી થકી, શૂદ્ર ભેખ પ્રકટ્યા છે નકી;
કલ્પિત પ્રાકૃત જોડી ગ્રંથ, તેઓએ થાપ્યા બહુ પંથ. ૧૨
પરચા[1] જૂઠા જોડે બહુ, ભોળાંને ભરમાવે સહુ;
તે જોઇને વિપ્રોના વાદ, અંતરમાંહે ધરે વિષાદ.[2] ૧૩

---

૧ સિદ્ધિ. ૨ ખેદ.

Scanned by CamScanner

પછે શાસ્ત્રની નિંદા કરે, યે'મ ઘણા ભોળામાં ભરે;
કહે " આંધર હાથી દેખ, બધેરા બડા મચાયો " પેખ ૧૪
" જિસને પુચ્છાદિક જો ગ્રહા, તેસા તિસને હાથી કહા."
એવાં બહુ દૃષ્ટાંતો ગહે, શાસ્ત્રકારને અંધા કહે. ૧૫
શાસ્ત્રકાર તો અંધા નથી, વેદ પ્રમાણે વાણી કથી;
યોગ ધર્મ ભક્તિ ને જ્ઞાન, પૃથક કર્યું વેદે વ્યાખ્યાન. ૧૬
તેવું શાસ્ત્રકાર ઉચરે, વાદ વિનોદ કારણે કરે;
વાદે થાય તત્ત્વનો શોધ, વાદે થાય બ્રહ્મનો બોધ. ૧૭
માટે વાદ કરે વિદ્વાન, અંતરમાં ન ધરે અભિમાન;
સર્વે મળીને થાપે વેદ, નાસ્તિક મતનો કરે ઉછેદ. ૧૮
કોઇને મંદિર રચવું હોય, પટ્ શિલ્પી બોલાવે સોય;
સુંદર મંદિર થાય તૈયાર, શોભા લોક વખાણે સાર. ૧૯
કડિયો ચૂર્ણકાર કુંભાર, શિલાટ સૂત્રધાર લોહાર;
નિજ નિજકૃતિનું કરે વખાણ, તેને ખોટું ન કહે જાણ. ૨૦
શાસ્ત્રતણા છે એવા વાદ, ખોટો કેહેતાં લાગે બાધ;
દુર્મતિ નાસ્તિક પ્રકટ્યા જદા, મુનિયે શાસ્ત્ર રચ્યાં છે તદા. ૨૧
નાસ્તિકતણા કુતર્કો જેહ, કરી સુતર્કને ખંડ્યા તેહ;
ગતાનુગતિકા લોક સદાય, જતાતણી પાછળ બહુ જાય. ૨૨
માટે રચ્યા શાસ્ત્રના ગ્રંથ, ખંડી નાખ્યા નાસ્તિક પંથ;
ખટ શાસ્તરમાં કરતાં ખંડ, પ્રકટ્યાં છે છન્નુ પાખંડ. ૨૩
યથ્થામાં તે વર્ણન થશે, શ્રોતા જનના સંશય જશે;
વેદશાસ્ત્રનો મારગ જેહ, કોઇ જન ટાળી શકે ન તેહ. ૨૪

Scanned by CamScanner

પાખંડી જન વધે અપાર, તેનો નાશ કરે કર્ત્તાર;
સહુમાં મુખ્ય શાસ્ત્ર વેદાંત, પાંચે ગૌણ ગણેછે શાંત. ૨૫
ધર્મ યોગ ભક્તિ ને જ્ઞાન, ખટશાસ્ત્રે કીધું વ્યાખ્યાન;
બીજા ગ્રંથ એ થકી હેઠ, છોટમ વેદ સર્વનો શેઠ. ૨૬

पाखंडविषे.

થથા થયાં ઘણાં પાખંડ, જગવી ખરા ધર્મમાં ખંડ;
કોય કહે હું હરિ અવતાર, આવ્યો કરવા જગ ઉદ્ધાર. ૧
કો કહે હું પ્રભુ પાર્ષદ સહી, વિશ્વ તારવા આવ્યો અહીં;
પ્રથમ ભક્તને વળતી સંત, પોતે પછી બને ભગવંત. ૨
ઘણા લોક માનેછે જેમ, કરે જુક્તિયો જૂદી તેમ;
કોય બ્રહ્મ પોતાને કહે, જગકર્ત્તા પ્રભુને નવ લહે. ૩
કોઇ કે'છે ગોલોકે કોય, લીલાપુરૂષોત્તમ છે સોય;
તેનો તો હું છું અવતાર, શરણ થાય તે પામે પાર. ૪
જે ધન દારાદિ સમર્પણ કરે, ગોલોકે તે સ્ત્રી અવતરે;
કરે કૃષ્ણશું નિત્ય વિહાર, એજ મોક્ષ પામે નિર્ધાર. ૫
જે નર સખિભાવ મન ધરે, તે પણ ત્યાંની સ્ત્રી અવતરે;
કોય કહે નારાયણ આપ, અર્પો તન મન ધન ને પાપ. ૬
પછી શો રહ્યો દોષ તમારો, થયા મુક્ત એવું મન ધારો;
મત કોઇનો ના ધરશો કાન, મને ખરો જાણો ભગવાન. ૭
કોઇક શૂદ્ર ચલાવે પંથ, બાંધે કલ્પિત પ્રાકૃત ગ્રંથ;
છંદ શાસ્ત્રથી ઘણા વિરૂદ્ધ, તેમાં નાંખે શબ્દ અશુદ્ધ. ૮
કહે બ્રહ્મથી આઘું ધામ, તેનું કોય ન જાણે નામ;
બ્રહ્મ જ્ઞાનથી ભરમ્યા તમે, ત્યારે ત્યાંથી આવ્યા અમે. ૯

Scanned by CamScanner

આવે પંથ હમારે જેહ, કર્ત્તાને પો'ચે જન તેહ;
કુંડા પંથ ચલાવે કોય, સર્વ જાતિ ભેળીને સોય. ૧૦
વેદ ધર્મ પાળે છે જેહ, તેને ભ્રાંત કહે છે તેહ;
નર નારી સહુ ભેગાં થાય, રમે જાર ને કીર્ત્તન ગાય. ૧૧
ઇત્યાદિક બહુ છે પાખંડ, જગવે સત્ય ધર્મમાં ખંડ;
પૂર્વે પાખંડ છન્નું હતાં, હવણાં છસે થયાં છે છતાં. ૧૨
સહુનાં ઇષ્ટ ઉપાસન ભિન્ન, ધારે ભિન્ન ધર્મનાં ચિન્હ;
ધરી ભેખ ને ઠગવા ફરે, ધર્મ મારગે ના અનુસરે. ૧૩
ચાલે સગળા વેદ વિરૂદ્ધ, કોઇ આચાર ન દીસે શુદ્ધ;
વેદ શાસ્ત્રને મારે ઠોક, જૂઠું લખી ભમાવે લોક. ૧૪
જાણે પંથ પોતાનો વધે, વેદશાસ્ત્રને નિંદે બધે;
કર્ત્તા વેદ કહે છે જેહ, આરાધે નહિ તેને તેહ. ૧૫
મૂળ પુરૂષ ધર્મમાં હોય, તેને આરાધે છે સોય;
ભજે જીવને જીવો જેહ, પ્રેત ઉપાસન કહિયે તેહ. ૧૬
તરે નદી જે પત્થર ગ્રહી, બુદ્ધિહીન નર બૂડે સહી;
ભજે જીવ જીવોને જેમ, ભવસાગરમાં બૂડે તેમ. ૧૭
પાખંડોનું કારણ એક, કહું છું તેનો કરો વિવેક;
સાચો વેદ ધર્મ જે હોય, વિષયી જન કયમ માને સોય. ૧૮
વિષયતણો લોભી જન જેહ, ધર્માચાર તજે છે તેહ;
જે વિષયે જેનું મન રમે, તેવો ધર્મ તેહને ગમે. ૧૯
જેને પ્રિય પરનારી હોય, વિષયી પંથ રચે છે સોય;
વેદમાંહિ જે કહ્યું કુકર્મ, પાખંડી તે માને ધર્મ. ૨૦
જારકર્મ નિંદિત છે જેહ, કોળો ધર્મ ગણે છે તેહ;

કોઇ અશૌચને માને ધર્મ, કોઈ હિંસાદિક કરે કુકર્મ. ૨૧
જેવી રૂચી જેહની થાય, તેણુ તેવા પંથ રચાય;
જે જન વેદ ધર્મ અનુસરે, તેની દુષ્ટ [illegible] અસૂયા કરે. ૨૨
વેશ્યા ન ગણે સતીની રીતિ, જેને જારકર્મમાં પ્રીતિ;
પંથ રચે કોઇ દ્વેષે કરી, ઉલટી રીત્ય ધર્મની ધરી. ૨૩
શૌચ સ્નાન કરંતો હોય, તેને દ્વેષી નિંદે કોય;
કોઈ આદાનું ભક્ષણુ કરે, દ્વેષી જન તેને પરહરે. ૨૪
જગમાં એવા પંથો બહુ, ભોળાને ભરમાવે સહુ;
નિજ નેત્રે નવ દેખે અંધ, તે પંથીનો કરે સંબંધ. ૨૫
પાખંડી સહુ નરકે જાય, કોયે દેવ ન કરે સહાય;
જે જન વેદધર્મ અનુસરે, કહે છોટમ તે નિશ્ચય તરે. ૨૬

ઠગ ગુરુવિષે.

દદ્દા દેવ એક છે ખરો, તેનું જન સહુ કીર્ત્તન કરો;
બીજા કલ્પિત દેવ અનેક, ભજશો તો જાશે તન ટેક. ૧
જીવો પાડયા ભવરણમાંય, પંથી ચોર મળ્યા છે ત્યાંય;
અવળે મારગ વાળી કરી, લે છે ધન દારાદિક હરી. ૨
નહિ સદ્‌ગુરૂ તે છે ઠગ સહી, તુચ્છ ઉપાસન કહે છે રહી;
જોડી જુક્તિથી બહુ વાત, લોકોને લુંટે સાક્ષાત. ૩
કરી વિમુખ ઇશ્વરથી લોક, નિજ ઉપાસના કહે છે ફોક;
સહુ જીવોનો એજ સ્વભાવ, પરમેશ્વર મળવાનો ભાવ. ૪
સાથી સદ્‌ગુરૂ ન મળે કોય, તો ધુત્તા ધૂતી લે સોય;
મળે નહીં સાચો સત્સંગ, તો ધૂતાનો લાગે રંગ. ૫

---

૧ ગુણમાં દોષ આરોપણુ કરવો.

નાણાનો પારખ નવ હોય, ખોટા ધનથી રીઝે સોય;
જીવો ન કરે કાંય વિચાર, કેવો હું ને જગકર્ત્તાર. ૬
ઠગ ગુરૂઓને શરણે જાય, તેથી કારજ કાંય ન થાય.
સાચા પ્રભુને પરખે નહીં, જૂઠાને માની લે સહી. ૭
ધ્યાન પ્રેતનું મનમાં ધરે, જૂઠી વાતો લવતા ફરે;
નાશવંત પદારથ જેહ, ભજે બ્રહ્મ જાણીને તેહ. ૮
જેવું નીર વલોવે કોય, તેમાં પામે નહિ ઘૃત સોય;
મિથ્યા વસ્તુ સાચી કહે, વેહેતાની સાથે તે વહે. ૯
બાળકને ઠગ ભેટે કોય, આપે કાચ રત્ન કહિ સોય;
તેનો પારખ ભેટે જદા, કોડી એક ન આવે તદા. ૧૦
સાચા વિન જાણો સહુ ફોક, જૂઠું કહી ઠગે ઠગ લોક;
ભજે બ્રહ્મ વિન બીજું જેહ, ચોરાશી લખ ભટકે દેહ. ૧૧
આપ ભજાવે પ્રભુને ઠામ, નાસ્તિક જાણો તે જન કામ;
ઓઠે રાખી ભક્તિ ધર્મ, ઝાઝાં તે જન કરે કુકર્મ. ૧૨
જેણે રોમ નવું ન રચાય, પશૂ જીવ તેને પ્રભુ ગાય;
જેનું જાય ઉંઘમાં જ્ઞાન, તેને કયમ કહિયે ભગવાન. ૧૩
વરણ્યો વેદવિષે પ્રભુ જેહ; ભૂલ્યા ભરતખંડી જન તેહ;
લાગ્યા પાખંડ ભજવા જદા, પડિયાં દુઃખ અતીસે તદા. ૧૪
પરદેશીનાં આવ્યાં રાજ, ખંડયાં દેવળ લીધી લાજ;
જૂઠા લોક થયા જયાહરે, રૂઠા રામ થયા ત્યાહરે. ૧૫
બ્રહ્મતણી ભક્તિ નવ કરે, ખોયાં રાજ ક્ષત્રિયે ખરે;
પ્રજા પીડાય કપટિને ભજી, પામ્યા દુઃખ ધર્મ શુભ તજી. ૧૬
સદ્ચિદ આનંદ રૂપી જેહ, તેને તજી ભજે નર દેહ;

Scanned by CamScanner

ખણે કૂપ ગંગાતટ જેમ, અલ્પમતિ આરાધે એમ. ૧૭
ઇચ્છાથી જે રચે અનંત, ભજે તેહને કોયક સંત;
બીજા પૂજે આળ પંપાળ, મટે ન કર્મ અને જે કાળ. ૧૮
રાખી ન શકે જે નિજ કાય, તે ભજતાં કયમ થાય સહાય;
જે જન પરનો માર્યો મરે, તેને ભજતો કયમ ઉગરે. ૧૯
અમર દેવ છે એક અખંડ, તેને ન ભજે તે પાખંડ;
પંચતણા ગ્રંથો છે જેહ, આપ વખાણ કરે છે તેહ. ૨૦
તેના શબ્દ કાનમાં જાય, વૃથા સર્વ પુરૂષારથ થાય;
ઉપનિષદનો જાણે અર્થ, છોટમ તે નર થાય સમર્થ. ૨૧

चार पुरुषार्थ विषे.

ધંધ્ધા ધર્મ અર્થ ને કામ, ચોથો મોક્ષ જાણવું નામ;
એ પુરૂષારથ જાણો ચાર, સાધક તે પામે ભવપાર ૧
જેને ચારે સિદ્ધ ન થાય, વૃથા જન્મ ખોયો કેહેવાય;
પુણ્યકર્મનું સાધન જેહ, ધર્મ નામ જાણીને તેહ. ૨
સાધન જેહ ધર્મનું કરે, ભય શોકાદિકને તે તરે;
ભૂમી ભવન વસન ધન અન્ન, રત્ન વૃક્ષ પશુને વાહન. ૩
ઇત્યાદિક જે જે છે અર્થ, સત્યયુક્ત થઈ રળે સમર્થ;
સદ્વિદ્યા ને સદ્ગુણ ગૃહે, સારી કીર્ત્તિ જુગોજુગ રહે. ૪
કહ્યા અર્થ પુરૂષારથ એહ, સુખ પામે સાધક જન જેહ;
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, તેને લોભે ન હોય અંધ. ૫
ભોગ ભોગવે લુબ્ધ ન હોય, કામ નામ કેહે છે સહુ કોય;
પંચ વિષય માગે છે દેહ, ન્યાયથકી ભોગવવા તેહ. ૬
કામ કહે છે તેનું નામ, સદાચરણથી ભેટે રામ;

Scanned by CamScanner

તુચ્છ વિષયસુખ મનમાં ધરે, મોક્ષતણું જન સાધન કરે. ૭
ચૌદ લોકનું સુખ છે જેહ, દુઃખરૂપ અંત્યે છે એહ;
ઉંચો જઈને નીચો પડે, એમ દેહ ધરિને આથડે. ૮
શોક મોહ જરા ને મરણ, છૂટે નહીં વિના પ્રભુશરણ;
પરબ્રહ્મની પ્રાપ્તિ થાય, ત્યારે ભવદુઃખ સર્વ વિલાય. ૯
મોક્ષ નામ કેહે છે મુનિ એહ, પુનઃ ન ધરે ભવમાં દેહ;
માટે મોક્ષ શ્રેષ્ઠ છે એહ, ધરી દેહ સાધવો તેહ. ૧૦
વર્ણ્યા એ પુરૂષારથ ચાર, ધર્મ તણો સહુમાં આધાર;
અર્થકામ મોક્ષની માંય, તજે ધર્મ ફળે નહિ કાંય. ૧૧
શુદ્ધ ધર્મનો બાધ ન થાય, તે પુરૂષારથ સત્ય ગણાય;
અર્થ સાધવા ચોરી કરે, ધર્મ તણી હાની તે ઠરે. ૧૨
કામ માટ પરનારી સંગ, એથી થાય ધર્મનો ભંગ;
કરે મોક્ષનો કોય ઉપાય, દુષ્ટ કર્મ આચરતો જાય. ૧૩
બાધ ધર્મને લાગે જદા, વૃથા જાય પુરૂષારથ તદા;
માનો ધર્મ સર્વનું મૂળ, એણે ઈશ્વર રહે અનુકૂળ. ૧૪
રક્ષણ કરે ભક્તનું એહ, દુઃખ ન ઉપજે તેને દેહ;
ધર્મમૂળને છેદે જેમ, અર્થ કામ સૂકાયે તેમ. ૧૫
ધર્મમૂળ જો સદા સિંચાય, અર્થ કામ મોક્ષ તો થાય;
કોઈક ધર્મ આચરે સાર, વળી મોક્ષ સાધે નિર્ધાર. ૧૬
અર્થ સાધનનો તજે ઉપાય, પેટકાજે પરાધીન થાય;
જમે પારકું અમથું અન્ન, તેથી પળે તેહનું પુણ્ય. ૧૭
પુણ્યરહિત જ્યારે નર થાય, પાપ જવાનો નહિ ઉપાય;
પાપ ભોગવે ધરિ અવતાર, મરે અવતરે વારંવાર. ૧૮

Scanned by CamScanner

પછી મોક્ષ ના પામે કહી, માટે અર્થને તજવો નહીં;
વળી ધર્મ તજે જન જેહ, મૂર્ખ મોક્ષ નવ પામે તેહ. ૧૯
એક એકને નવ હોય બાધ, એમ સકળ પુરૂષારથ સાધ;
પુરૂષારથ વર્ણ્યા છે જેહ, સાધે નહિ નર ધરિને દેહ. ૨૦
જીવિત વૃથા જાણવું એમ, બકરી કંઠે આંચળ જેમ;
સહુમાં મોક્ષ સરસ કેહેવાય, સાધનાર નર મોક્ષે જાય. ૨૧
તત્વજ્ઞાનથી ઉપજે એહ, પુનઃ જ્ઞાની ન ધરે દેહ;
મોક્ષાનંદતણું સુખ જેહ, છોટમ સહુથી મોટું એહ. ૨૨

पंचकर्मगति विषे.

નર્મા નિર્મળ કરો સુકર્મ, તેથી સુંદર મળે સુધર્મ;
ધર્મવડે અર્થાદિક મળે, સાધક શાશ્વત સુખને રળે. ૧
કર્મે થાય પાપનો નાશ, કર્મે સુખ પામે અવિનાશ;
પાપ કર્મથી જન બંધાય, પુણ્ય કર્મથી તે મૂકાય. ૨
કર્મતણો મહિમા છે ઘણો, આગમ નિગમ પુરાણે સુણો;
જીવો દેહ તજીને જાય, કર્મતુલ્ય તેની ગતિ થાય. ૩
ગતિ પંચ કર્મની જેહ, સાંભળજો હું કહું છું તેહ;
પેહેલી નરકગતિ નિર્માણ, બીજી તિર્યક છે પરમાણ. ૪
ત્રીજી માનવગતિ કેહેવાય, ચોથી સ્વર્ગગતિ મુનિ ગાય;
પંચમી મોક્ષગતિ છે નામ, પ્રાપ્ત થતાં પામે સુવિરામ. ૫
ગતિયો પંચ ન્યાયમાં કહી, કર્મ કરે તે પામે સહી;
ઘણાં પાપનો જે કરનાર, પામે નરકગતિ નિર્ધાર. ૬
નરકગતિમાં છે દુઃખ બહુ, પાપીજન તે પામે સહુ;
માર સહે જમડાનો સોય, તેને મુકાવે નહિ કોય. ૭

Scanned by CamScanner

અલ્પ પુણ્યને અધિકું પાપ, તિર્યકગતિમાં લે સંતાપ;
નરવિન ભૂમીના જન જેહ, તિર્યક પ્રાણિ જાણવા તેહ. ૮
તિર્યક જીવ તામસી દેહ, અન્યોઅન્ય લડે છે એહ;
એક એકનું ભક્ષણ કરે, કોય જીવ મૃગયામાં મરે. ૯
વાહન કરીને ખેડે લોક, તિર્યક જાતીને બહુ શોક;
તરૂ તિર્યકને કાપે સહુ, મુંગા તે દુઃખ વેઠે બહુ. ૧૦
પુણ્ય પાપ કાંઇ હોય સમાન, માનવગતિ પામે તનુવાન;
માનવગતિમાં દ્વંદ્વ અપાર, દુઃખ સુખ શીત ઉષ્ણ નિરધાર. ૧૧
વચલી છે માનવની ગતિ, કર્મભૂમી જાણો ગુણવતી;
પુણ્ય પાપ જે જે આચરે, સ્વર્ગે નરકે તે સંચરે. ૧૨
ધર્મ ભક્તિનું સાધન થાય, નિર્મળ મોક્ષગતિમાં જાય;
બીજી ગતિ બંધન નિર્ધાર, નરગતિ એક મોક્ષનું દ્વાર. ૧૩
અલ્પ પાપ ને પુણ્ય વિશેષ, સ્વર્ગગતિનો પામે દેશ;
સ્વર્ગે વિવિધ ભોગવે ભોગ, જરા આદિ નવ પીડે રોગ. ૧૪
પણ ખોડચો બે મોટી ત્યાંય, નવું કર્મ નિપજે નહિ કાંય;
ખૂટે પુણ્ય કરેલું તહિં, તેને પાછો પાડે અહિં. ૧૫
પ્રાણી કર્મ શુભાશુભ વડે, ઉંચો જઇને નીચો પડે;
ઘટની માળ ફરે છે જેમ, જીવો ફરે નિરંતર તેમ. ૧૬
માટે મોક્ષ મુમુક્ષુ ચહે, તુચ્છ સર્વ સ્વર્ગાદિક કહે;
વિના મોક્ષ ગતિ ચારે જેહ, જાણો બંધન સઘળું તેહ. ૧૭
મરે અવતરે વારંવાર, સુખ દુઃખ મળે કર્મ અનુસાર;
પામી નરગતિ સહુથી સરે, સાધન મોક્ષતણાં નવ કરે. ૧૮
કરી કુકર્મ ને નરકે જાય, આત્મઘાતી તે જન કેહેવાય;
પુણ્ય અને પર ભક્તિ હોય, મોક્ષગતિ પામે જન કોય. ૧૯

Scanned by CamScanner

ધર્મ સહિત ભક્તિ પ્રભુતણી, આદર રાખી સાધે ઘણી;
મોક્ષગતિમાં તે જન જાય, ભવદુઃખ તજી કૃતારથ થાય. ૨૦
પાપી જનનો મોક્ષ ન થાય, તે લખ ચોરાશીમાં જાય;
જળજ દેહ લાખ નવ કહે, પક્ષી દેહ લાખ દશ રહે. ૨૧
વીશ લાખ તનુ પશુની જાત્ય, તિસ લાખ થાવરની નાત્ય;
એકાદશ લખ કીડા કહ્યા, ચાર લાખ માનવના રહ્યા. ૨૨
લખ ચોરાશી વર્ણ્યા એહ, જીવ કર્મ વશ પામે તેહ;
મોક્ષ ચતુર્ધા કેહે છે કોય, દેવલોકમાં પામે સોય. ૨૩
દેવલોક વિષે જઈ રહે, તેને સાલોક્ય મુક્તિ કહે;
મળે દેવની પાસે ઠામ, તેનું સામીપ્યમુક્તિ નામ. ૨૪
દેવસરીખું રૂપજ હોય, સારૂપ્યમુક્તિ વર્ણે સોય;
દેવદેહમાંહે ભળી જાય, તેને સાયુજ્યમુક્તિ કેહેવાય. ૨૫
દેવ બ્રહ્મમાં જયારે મળે, મુક્ત જીવ તે સાથે ભળે;
હોય સગુણ ઉપાસક જેહ, એવી મુક્તિ મેળવે તેહ. ૨૬
નિર્ગુણ બ્રહ્મ ઉપાસે ભક્ત, ભળે બ્રહ્મમાં થાય અવ્યક્ત;
બ્રહ્મ સાયુજ્ય એ તણું નામ, બ્રહ્માનંદ મળે તે ઠામ. ૨૭
જયમ નદિયો સાગરમાં મળે, એમ મુમુક્ષુ બ્રહ્મમાં ભળે;
દેવમુક્તિમાં જે જન જાય, મહાપ્રલય વિષે એક થાય. ૨૮
બ્રહ્મભક્તિથી મુક્તિ મળે, પ્રૌઢ પુરાણાં પાતક ટળે;
કહે છોટમ તે સાચા સંત, દૃઢ થઈ આરાધે ભગવંત. ૨૯

સ્વર્ગ વિષે.

પપા પરમાત્મા પરદેવ, તેની દેવ કરે સહુ સેવ;
મસ્તક વિરાટ કેરૂ જેહ, સ્વર્ગ લોક કેહેવાયે તેહ. ૧

Scanned by CamScanner

પ્રથમ સૃષ્ટિ દેવોની એહ, દિવ્ય દેહધારી સહુ તેહ;
પ્રભુમાં નિર્દયતાદિક નહિ, દુઃખરહિત રચી રાખ્યા તહિં. ૨
ત્રિવિધ તાપ ને નહિ જ્યાં રોગ, અમૃત કેરો છે ઉપભોગ;
જ્યાં નહિ ષટ્ ઉર્મી દુઃખ થાય, નિત્ય પ્રફુલ્લ રહે નિજ કાય. ૩
અષ્ટ સિદ્ધિયો ત્રિકાળ જ્ઞાન, સત સંકલ્પ ઘણા ગુણવાન;
રેહે સદાનંદમાં સોય, દૈહિક દુઃખ તિહાં નવ હોય. ૪
એવી ઉત્તમ પદવી દઇ, આજ્ઞા પછી પ્રભૂએ કહી;
વિશ્વ વાડી છે મારી જેહ, રક્ષણ કરો તમે સહુ તેહ. ૫
મારી આજ્ઞા માનશો તમો, સદાય સુખી કરીશું અમો;
[illegible]પ કરનારા જેહ, મળશે લખ ચોરાશી દેહ. ૬
દ[illegible]નું [illegible] જે અપરાધી થયા, કર્મી દેવોમાં તે ગયા;
દિવ્ય ગુણો કાંઇ ઓછા ધરી, નીચી દેવપદવિયો કરી. ૭
ષટ્ ઉર્મી વળગી જે વાર, કર્મ કરે દેવો નિર્ધાર;
ઇર્ષા પાતન યોગ વિયોગ, યુદ્ધ કરી પામે દુઃખ ભોગ. ૮
આપત્તિ બહુ પીડે એમ, શુદ્ધ દેવને ન મળે તેમ;
માની પ્રભુની આજ્ઞા ખરી, ઉત્તમ જાતી તેમાં ઠરી. ૯
દૈવતતણો થયો નહિ નાશ, સદા બ્રહ્મની કરે ઉપાસ;
સનકાદિક તેઓનાં નામ, બ્રહ્મલોક તેઓનું ધામ. ૧૦
કર્મી દેવ ઠર્યા છે જેહ, દશ જાતીઓ થઇ છે તેહ;
વિદ્યાધર અપસર ને યક્ષ, રાક્ષસ કિંનર ગુહ્યક દક્ષ. ૧૧
સિદ્ધ ગંધર્વ ને ભૂત પિશાચ, દૈવત ગયું ઘટયું છે સાચ;
એ દશ દેવયોનિ કહેવાય, ઉત્તમ દેવ હવે વર્ણાય. ૧૨
ચતુરાનન ગોવિંદ મહેશ, યમ જળનાથ કુબેર સુરેશ;
સૂર્ય ચંદ્ર પવનાદિક નામ, એઓનાં છે સ્વર્ગે ધામ. ૧૩

Scanned by CamScanner

દેવોનાં ટોળાં છે ઘણાં, કહું છું નામ હવે તે તણાં;
વસવ આઠ ને આદિત બાર, છત્રી તુષિત રૂદ્ર અગિયાર. ૧૪
વિશ્વેદેવા તેર ગણાય, ઓગણપચાસ વાયુ થાય;
વૈકુંઠ ચૌદ સાધ્ય છે બાર, સુશમાર્ણ દશ છે નિર્ધાર. ૧૫
છત્રીસ મહારાજિકો કહિયે, આભાસ્વર સુર ચોસટ લહિયે;
સદા કરે અમૃતનું પાન, કરે કોય નૃત્ય ને ગાન. ૧૬
ચંદ્ર સૂર્ય તારા છે જેહ, ઘણા તેજવાળા છે તેહ;
કોયે તત્વોના અધિપતી, ફરે સ્વતંત્ર લોકમાં ગતિ. ૧૭
સ્વેચ્છાચાર પ્રચુર તનુ ધરે, સદાય આનંદ ઉચ્છવ કરે;
કોય ફરે કોય સ્થાને ઠરે, કોઈ વિમાને બેશી ફરે. ૧૮
ઈંદ્ર સર્વ દેવોનો રાય, સભા સુધર્મા શ્રેષ્ઠ ગણાય;
સુખ દેવોનું જાણો જેહ, ભૂતળથી છે અધિકું તેહ. ૧૯
કરી કર્મ શુભ ઇચ્છે કોય, દેવોનું સુખ તેને હોય;
અધિકારી છે દશ દિગ્પાળ, તેનાં ગામ ધામ સુવિશાળ. ૨૦
બ્રહ્મા બ્રહ્મ સદનમાં રહે, તેને બ્રહ્મપુરી સહુ કહે;
અમરાવતી ઈંદ્રનું ગામ, કરે વૃષ્ટિનું તે તો કામ. ૨૧
તેજોવતી છે અગ્નીતણી, શિવ કૈલાશપુરીના ધણી;
કુબેરની અલકાપુરી કહે, ગંધાવતીમાં વાયુ રહે. ૨૨
ભોગવતી છે વરૂણની પુરી, રાક્ષસની નિઋતી છે ખરી;
પુરી નહિ વ્યાપક પ્રભુ તણી, છોટમ વેદે વાણી ભણી. ૨૩

નરક વિષે.

ફેરા ફરતાં આ સંસાર, પાતક જીવ કરે નિર્ધાર;
તે જઇ નરકકુંડમાં પડે, તીવ્રવેદના તેને નડે. ૧

Scanned by CamScanner

સંયમિની નગરી યમતણી, ધર્મરાજ છે તેનો ધણી;
ચિત્રગુપ્ત લખનારો તહી, કરે કર્મની ગણુતી સહી. ૨
પાળા છે જમદૂતો ઘણા, અવળા વાળ બહુલ તે તણા;
કાળા ક્રૂર ભયંકર કાય, હબશી જેવા તે દેખાય. ૩
ઉંચાં રોમ વિકટ મુખ દંત, પાપીને દુઃખ કરે અનંત;
મારે માર કરીને રીસ, પાપીજન પાડે બહુ ચીસ. ૪
ત્રાહિ ત્રાહિ મુખ કરે પુકાર, ઉપર મારે માર અપાર;
પ્રભુ આજ્ઞા કરી જેણે ભંગ, તેનાં ઉતરડે સહુ અંગ. ૫
જીવતણો છે સૂક્ષ્મ દેહ, સર્વ કર્મનો કર્ત્તા તેહ;
તે અંગુષ્ઠ માત્ર પ્રમાણ, દુઃખસુખ તણો તેજ છે જાણ. ૬
અજરામર છે એનું અંગ, તેનું નામ વાસના લિંગ;
સ્થૂળ દેહ તજી પાપી જાય, જમના કિંકર તેને સાય. ૭
મારે બહૂ મરી નવ જાય, એવો નારક દેહ કહેવાય;
પાતક પુણ્ય કર્યાં છે જેહ, મારી મુખે મનાવે તેહ. ૮
પાપ કર્મના દેવા દંડ, તેમાં નરકતણા છે કુંડ;
શુદ્ધ વૈરાટ તણું છે જ્યાંય, યમનો રાય વસે છે ત્યાંય. ૯
જમડા જોતાં કંપે દેહ, કર્યાં કર્મ સંભારે તેહ;
અરે હાય હવે શું થાય, દારૂણ દુઃખ તે કેમ ખમાય. ૧૦
રૂવે કરગરે લાગે પાય, જરા જમોને દયા ન થાય;
જમનો રાય વદે છે એમ, તમે ભોગવો કીધું તેમ. ૧૧
વેદાજ્ઞા ઈશ્વરની જેહ, તમે ભંગ કીધી છે એહ;
તમે સાંભળ્યા નાસ્તિક ગ્રંથ, માન્યો પાખંડીનો પંથ. ૧૨
હિંસા દ્રોહ કુટિલતા કરી, ચાડી ચોરી કીધી ખરી;

Scanned by CamScanner

મલિનપંથે જઇ નિંદ્યા વેદ, વિપ્ર વૃત્તિનો કર્યો ઉછેદ. ૧૩
પરનારીનો કીધો સંગ, હોડ જૂગટે લાગ્યો રંગ;
શિષ્ટો કેરી નિંદા કરી, દુષ્ટોની મૈત્રી આચરી. ૧૪
વિનઅપરાધે બાળ્યા જંત, સેવ્યા નહિ વેદિયા સંત;
ત્યાગીને ધન આપ્યું તમે, માટે પીડા કરશું અમે. ૧૫
નિષ્ફળ પાપ કદી નવ હોય, આચરનાર ભોગવે સોય;
પ્રભુની આજ્ઞા વશમાં અમે, માફ કરી શકિયે નહિ કયમે. ૧૬
પામીને માનવનો દેહ, પાપકર્મ કીધાં નહિ છેહ;
કોટીવાર આવ્યા આ ઠાર, લાજ તમોને નહિ લગાર. ૧૭
ધર્મરાય મુખ ભાખે એમ, જમડાને દે આજ્ઞા તેમ;
જમડા વળતી મારે માર, જીવો પરવશ કરે પુકાર. ૧૮
અધિકું રૂદન કરે પસ્તાય, હવણાં કોણ થાય અહિં સાય;
ધન દારાદિક સુખમાં ફર્યો, જગકર્ત્તા પ્રભુને પરહર્યો. ૧૯
પરદારાને પરધન હર્યું, બહુ છળ ભેદ નિરંતર કર્યું;
કોટિક કુકર્મ કીધાં જેહ, અહુણાં પ્રકટ ફળ્યાં છે તેહ. ૨૦
એમ કહીકહીને અકળાય, નહિ છુટવાનો કાંય ઉપાય;
સર્વ મળીને નરક હજાર, તેમાં અઠાવી છે સાર. ૨૧
તેની કથા પુરાણે કહી, નારક તનુધરને સુખ નહીં;
તેને જમડા નડે ન કોય, છોટમ જે પ્રભુનો જન હોય. ૨૨

સ્થુલાદિ ચાર દેહ વિષે.

બબા બહુવિધ સૃષ્ટી જેહ, કર્ત્તા બ્રહ્મ કરે છે તેહ;
ચોરાશીલખ તનું કહેવાય, ચાર ખાણુમાં ઊપજ થાય. ૧

Scanned by CamScanner

સ્વેદથી ઉપજે છે જેહ, સ્વેદજ નામ કહે છે તેહ;
જૂ લીખો પોરા ફળ જંત, ઇત્યાદિક સ્વેદજો અનંત. ૨
પૃથ્વી ભેદી ઊગે જેહ, ઉદ્ભિજ જીવ કહે છે તેહ;
તરૂ તૃણુ ગુલ્મ લતા ત્વક સાર, ઉદ્ભિજમાં છે ઘણા પ્રકાર. ૩
અંડભેદી ઉપજે જે જંત, અંડજ જીવ કહે ભગવંત;
પક્ષી મગર મછ કરચંડ, નીપજે ઈત્યાદિકનાં અંડ. ૪
જરાયુથી જે ઉપજે જંત, નામ જરાયુજ કહે મહંત;
પશુ માણુસ આદિકના દેહ, જરાયુથી ઉપજે છે તેહ. ૫
જરાયુજોમાં નરતનું જ્યેષ્ટ, બ્રહ્મ ભજે તો પામે શ્રેષ્ઠ;
તેની ઉત્પત્તિ કહું જેમ, યાજ્ઞવલ્કય મુનિ કહે છે તેમ. ૬
ડાંગર આદિ ઓષધી કહેવાય, તેના ભોજનનો રસ થાય;
રસનું રૂધિર બને તનું માંય, માંસ બને છે તેનું ત્યાંય. ૭
વસા માંસની તનુમાં થાય, વસાતણું તો હાડ ગણાય;
હાડ તણી મજ્જા નીપજે, મજ્જાનું વીરજ ઉપજે. ૮
નરનારી બેહુ ભેળાં મળે, જીવ વીરજ રજ ભેળો ભળે;
પહિલે માસે કચરો થાય, બીજે માસે ગોળ ઘડાય. ૯
ત્રીજે ઇંદ્રિતણો આકાર, ચોથે પ્રકટે અંગ વિકાર;
પંચમે માસે રૂધિર ભરાય, રોમ નખાદિક છઠ્ઠે થાય. ૧૦
સપ્તમાસ થાય જે વાર, તનુ ચેતન મન થાય તયાર;
આયુ સિરાને નાડી હોય, ત્યારે પૂર્ણ બને તનુ સોય. ૧૧
માસ આઠમો પૂરો હોય, ત્વચામાંસ સ્મૃત્તિ આવે સોય;
બળ ઓજસ ને વહે છે પ્રાણ, અંતઃકરણ વિષે હોય જાણ. ૧૨
પૂરવજન્મ તણી સ્મૃતિ જેહ, હોય જીવને સઘળી તેહ;

Scanned by CamScanner

પુણ્ય પાપ બે કીધાં હોય, ત્યારે સાંભરી આવે સોય. ૧૩
સ્તવન કરે પ્રભુજીનું માંય, હવે નહિ કરૂં કુકર્મ કાંય;
કરો બાહર જો એકજ વાર, નહિ વિસારૂં સરજનહાર. ૧૪
શ્રુતિનો ધર્મ સનાતન જેહ, ઘણી પ્રીતિથી પાળીશ તેહ;
ભજીશ સૃષ્ટિતણો કર્ત્તાર, નહિ માનું પાખંડ લગાર. ૧૫
કરતાં કોટિ પ્રતિજ્ઞા એમ, નવમો માસ વીતિયો તેમ;
દસમો માસ થયો છે જહી, દયા કીધી દયાળે તહી. ૧૬
વાયુ પ્રસૂતિ કાળનો જેહ, પ્રભુ આજ્ઞાથી પ્રકટે તેહ;
છૂટે જેમ ધનુષથી તીર, કાઢે બાહર એમ શરીર. ૧૭
બ્રહ્માંડ કેરો વાયુ ત્યાંય, શ્વાસ વિષે પેસે છે જ્યાંય;
જાતિ સ્મરણ ભૂલી જવાય, જડમતિ જીવ તતક્ષણ થાય. ૧૮
ઘણું આવરે છે અજ્ઞાન, ભૂલે જીવ પોતાનું ભાન;
સ્તનનું પાન કરે છે તેહ, વાધે દિનદિન અધિકો દેહ. ૧૯
માત તાત લડાવે લાડ, ઉગે વળતી અવિદ્યાનું ઝાડ;
ગ્રંથી પાંચ અવિદ્યા તણી, તેનું વર્ણન કહું છું ભણી. ૨૦
પહિલી ગ્રંથી તમ કહેવાય, અવળી સમજણી એથી થાય;
દેહાદિક અનાત્મ કહેવાય, તેમાં આત્મા બુદ્ધિ થાય. ૨૧
એ તમગ્રંથી મુનિજન કહે, ભ્રાંત થઇને જેથી વહે;
મોહ ગ્રંથી બીજી કહેવાય, ધણીપણું તો એથી થાય. ૨૨
આ હું ને આ મારી વસ્ત, શુદ્ધ વિવેચન પામે અસ્ત;
મહા મોહ ત્રીજી ગ્રંથિકા, ગાઢરાગની ઉત્પાદિકા. ૨૩
શબ્દાદિક છે વિષયો જેહ, તેની સાથે ઝાઝો નેહ;
મહા મોહ છે એનું નામ, વિષયોમાં મન થાય વિરામ. ૨૪

Scanned by CamScanner

તામિસ્ર ગ્રંથી ચોથી કહે, અપ્રિય સાથે દ્વેષજ રહે;
વિષયોમાં અંતર કોઈ કરે, તો તત્કાળ ક્રોધ મન ધરે. ૨૫
તામિસ્ર ગ્રંથી જાણો ક્રોધ, જેમાં ભૂડે જનનો બોધ;
અંધતામિસ્ર ગ્રંથી પંચમી, વિષયોમાં મન રહે છે રમી. ૨૬
શંકા નાશતણી મન કરે, તેથી મનમાં ઝાઝો ડરે;
અંધતામિસ્રથી અંધો થાય, ભયથી તેનું તન સૂકાય. ૨૭
પંચ ગ્રંથિયો છે બળવંત, એથી ભૂલે સહુ તનુમંત;
દેહરહિત આત્મા ચિદ્રૂપ, ભૂલી માને છે તનુરૂપ. ૨૮
ચાર દેહમય પોતે થાય, એથી જ્ઞાન સમૂળું જાય;
પંચભૂતમય વર્ણું જેહ, જાણો સ્થુળ દેહ છે એહ. ૨૯
સૂક્ષ્મ દેહ છે તેની માંય, ષોડશ કળા ગણે છે ત્યાંય;
પંચપ્રાણ જ્ઞાનેંદ્રિય પંચ, સૂક્ષ્મ પંચભૂતોનો સંચ. ૩૦
ગળે સોળમું મન તે માંય, એ અંગુષ્ટમાત્ર તનું ત્યાંય;
તેમાં જાણો ત્રીજો દેહ, કહે વાસના રૂપી તેહ. ૩૧
કારણ નામ કહે તે તણું, રાગાદિકનું કારણ ઘણું;
કારણમાં મહાકારણ દેહ, અહંસ્પુરણનું કારણ એહ. ૩૨
આત્માચાર દેહથી ભિન્ન, અહંસ્કુરણ એ એનું ચિન્હ;
આત્મા તો છે દેહાતીત, છોટમ ગાય વેદનું ગીત. ૩૩

સત્સંગમહિમા વિષે.

ભભા ભલો કરે સત્સંગ, હૃદયમાંહિ લાગે શુભ રંગ;
પાળે આજ્ઞા પ્રભુની જેહ, સાચા સજ્જન કહિયે તેહ. ૧
મનવચક્રિયા શુદ્ધ નર હોય, મળે ન લેશ કુલક્ષણ કોય;
ધૈર્યવંત દૃઢ ધર્મ વિચાર, શ્રદ્ધાભક્તિ સહિત નિર્ધાર. ૨

Scanned by CamScanner

પ્રભુ સાથે છે સાચો સ્નેહ, મુનિજન સજ્જન કહે છે તેહ;
મનુષે બાળપણાથી જઇ, તેની સંગતિ કરવી સહી. ૩
નવું વૃક્ષ જ્યારે રોપાય, મીઠું તેને પાણી પાય;
થાય જ્યાં લગી મોટું ઝાડ, ત્યાં સૂધી તો કરવી વાડ. ૪
જ્યારે પિયે ભૂમિનું તોય, પાણ વાડ જન કરે ન કોય;
એમજ બાળપણાથી જંન, સત્સંગતિનું કરે જતંન. ૫
શ્રવણે સુણે સુજનનો બોધ, કરે કુસંગતિ કેરો રોધ;
બાળતણું મન હોયે ઝીણું, તેમાં ઠસે સરસ કે હીણું. ૬
તેને તો નહિ કાંય વિવેક, માટે કુસંગ છોડે છેક;
કોમળ વૃક્ષ વાળે ત્યમ વળે, શીખે બાળ જેવું સાંભળે. ૭
મોટું વૃક્ષ કઠણ હોય જેમ, મોટપણે ગુણ ગ્રહે ન તેમ;
હોય વીશ વર્ષનું અંગ, કરે ત્યાં લગી સારો સંગ. ૮
જેની બુદ્ધી હોય કઠોર, મરતા લગી તે રહે છે ઢોર;
તેને સત્સંગ ઘટે સદાય, તેથી મનનો મળ ધોવાય. ૯
સત્સંગે ગુણ આવે ઘણા, દોષ જાય મન વાણી તણા;
કાગ મટીને હંસો થાય, સહુ જનથી તે સરસ ગણાય. ૧૦
વાંસ તુંબડું હળવું ગણે, ચડે શિલ્પિકર વીણા વણે;
કુસંગથી નર ખરસમ હોય, દેવ બને સત્સંગે કોય. ૧૧
નાસ્તિક ભાંડ ભવાયા મળે, તો તે પાપ પંકમાં કળે;
નિકળેલી નારીનો સંગ, કરતાં હોય પુણ્યનો ભંગ. ૧૨
ઠગબગ ભક્ત મળે જો કોય, તેને સંગે ધુત્તો હોય;
સત્સંગે સુધરે નહિ જેહ, પાપીજન જાણોને તેહ. ૧૩
ગંગા કાંઠે રહે છે જીન, ધુવે ન મળ તે રહે મલીન;

Scanned by CamScanner

એમ જારથી ઉપજે જેહ, સત્સંગે નવ સુધરે તેહ. ૧૪
મન જેનાં છે ઘણાં મલીન, ભલા સંગે રહે ગુણહીન;
સત્પુરૂષોની પાસે રહે, સદ્ગુણ તો તેના નવ ગ્રહે. ૧૫
રહે જો પારસ પામી રાંક, ત્યારે પારસનો શો વાંક;
જોઈ ચુંબક લોહું ખેંચાય, કાષ્ટ લોષ્ટને કાંય ન થાય. ૧૬
દુર્જન સજ્જનમાં નવ મળે, વઠેલા ટોળામાં ભળે;
કમળતણો સુંધીને વાસ, આવી ભમર ભમે ચોપાસ. ૧૭
નહીં દેડકાને મન કાંય, ફળે કુસંગતિ કાદવ માંય;
સુણે નાગ મોહર સ્વર જ્યાંય, દોડ્યો દોડ્યો જાયે ત્યાંય. ૧૮
પામર હોય પરડવાં જેહ, સુણતાં નાદ કરે નહિ તેહ;
સત્સંગતિ કરવા નવ ચાય, તે તો જીવત પ્રેમ ગણાય. ૧૯
જેમાં હોય અવિદ્યા કોશ, તે દેખે સજ્જનમાં દોષ;
સજ્જનના જસ સુણતાં કાંય, દાઝે દુષ્ટ ઘણો મનમાંય. ૨૦
નિંદા કરતાં નરકે જાય, કોટિક કલ્પ લગી કૂટાય;
સજ્જનના જસ સુણતાં સાર, જેને ઉપજે હરખ અપાર. ૨૧
દેહવંત તે દેવસમાન, સ્વર્ગે કરે સુધારસ પાન;
નિત્ય સુસંગ ગંગમાં ન્હાય, તેનાં દુઃકૃત દૂર પલાય. ૨૨
કોય ધરે મનમાં અભિમાન, સજ્જન વચન સુણે નહિ કાન;
તે નર અધમ યોનિમાં જાય, લક્ષ ચોરાશીનાં દુઃખ થાય. ૨૩
વૈદિકધર્મ કથાઓ જ્યાંય, પ્રેમે સત્સંગ કરવો ત્યાંય;
જુઠી જુક્તિ કથા જ્યાં હોય, તેવા શબ્દ સુણે નહિ સોય. ૨૪
દુરાચરણીનાં વચનો સુણે, તે નર પોતે દુર્જન બણે;
માટે તજવો દુર્ગુણિ સંગ, સત્સંગી શું ધરવો રંગ. ૨૫

શીળવંત સજ્જન જે જાણ્, વદે વાણિ તે વેદ પ્રમાણ્;
છોટમ તેનો કરો સુસંગ, વિમલ થાય મન વાણી અંગ. ૨૬

કુસંગ વિષે.

મમા મોટી નરતનું તેહ, દુર્ગુણમાં ખોશો નહિ એહ;
બગડે બાલપણાથી બાળ, માતપિતાને દે છે ગાળ. ૧
હિત ઉપદેશ કરે છે સાત, તેમાં પ્રથમ માતને તાત;
સતી નારી ને બાંધવ જેહ, વિદ્યા ગુરૂ મિત્ર જન એહ. ૨
પર દુઃખ ભંજન રાજા હોય, સમમ છે આચારજ સોય;
હિતઉપદેશક હિતનો કહે, તેથી સુજન સુસંગતિ ગ્રહે. ૩
કળે કુસંગકીચમાં જેહ, કરે કુકર્મ સકળ નર તેહ;
કરે નીચ નારીનો સંગ, ગાંજો પિયે બગાડે અંગ. ૪
મધુનું પાન કરે મતિમંદ, કેફ કરીને કરે કુછંદ;
કામ ક્રોધ વસે વપુ માંય, અતિ અવગુણ ઉપજે છે ત્યાંય. ૫
દશ અવગુણો કામથી હોય, કહું છું સાંભળજો જન સોય;
રમે દ્યુતને મૃગયા કરે, મિથ્યા દોષ કોય શિર ધરે. ૬
ઉંઘે દિને પરસ્ત્રી સંગ, મદ્યપાનશું લાગે રંગ;
નાચે ગાય બજાવે તેહ, ડોલે પરઘેર કામી એહ. ૭
એ અવગુણ દશ કામી તણા, અવગુણ આઠ ક્રોધીના ભણ્યા;
કરે ચાડીને નિજ બળ બકે, કોયના સદ્ગુણ સહિ ન શકે. ૮
પરના ગુણમાં દેછે દોષ, બોલે કઠણ વચન કરી રોષ;
દેખિ રંકને તાડન કરે, રાખે ઈર્ષા પરધન હરે. ૯
ક્રોધતણા એ અવગુણ હોય, તેથી નરક પડે નર સોય;
જાણો લોભ પાપનું મૂળ, લોભીજન જનને પ્રતિકૂળ. ૧૦

Scanned by CamScanner

કરે કેફ સદા જન જેહ, ધન ખૂટે ને બગડે દેહ;
કીર્તી કાંતી લજ્જા જાય, બુદ્ધિ બગડે આળસુ થાય. ૧૧
વળગ્યું ગળે ન છૂટે કયમે, દ્રષ્ટાંતો બહુ જોજો તમે;
ભૂખે મરે સુતા સુત દાર, તન મન માંહે વધે વિકાર. ૧૨
પરનારીના વ્યસની જેહ, પાપી ઘણા બને છે તેહ;
તિરસ્કાર આ લોકે થાય, અંતે તે જમપુરમાં જાય. ૧૩
વેશ્યાનારી જગમાં જેહ, શ્વાનચાટ સમજાણો તેહ;
વેશ્યા ધોબી શિલા સમાન, વેશ્યા વ્યસનીને અપમાન. ૧૪
પરદારાના વ્યસની જેહ, અકાળ મૃત્યુ પામે તેહ;
કીચક રાવણ જેવા ઘણા, મૃત્યુ પામ્યા છે બહુ જણા. ૧૫
અંધ કામથી જે જન થાય, તન ધન કુળ આદિક સહુ જાય;
કામપાશ સૂર્પણ ખાપડી, રાક્ષસ કુળને તે બહુ નડી. ૧૬
કામિ નૃપોએ ખોયાં રાજ, કામી જનનાં બગડ્યાં કાજ;
વળી વ્યસન દ્યુતનું હોય, ઝાઝું ધન હારે છે સોય. ૧૭
દ્યુત કળીનું જાણો રૂપ, માગે ભીખ રમે જો ભૂત;
નળનૃપ અને યુધિષ્ઠિર રમ્યા, રાજ ગમાવી વનમાં ભમ્યા. ૧૮
દ્યૂતતણા છે ઘણા પ્રકાર, સટ્ટાને તેમાં તું ધાર.
વ્યાપારી વસ્તુ જે હોય, તેનું દ્યુત રમે છે સોય; ૧૯
વાહન વૃક્ષ ભક્ષના ભેદ, દ્યુત રમે તો થાય ઉછેદ;
રમે હોડ જળતરવા તણી, તે આપત્તી પામે ઘણી. ૨૦
મૃગયા કેરા વ્યસની જેહ, બહુ આપત્તી પામે તેહ;
મૃગયાથી લાગ્યું બહુ પાપ, દશરથરાજા પામ્યો શ્રાપ. ૨૧
થયું પાંડુરાજાને તેમ, મૃગયાનં પાતક છે એમ;

Scanned by CamScanner

મૃગયા રમતાં નિર્દય થાય, તેણે ધર્મ પોતાનો જાય. ૨૨
પરના પ્રાણ હરે છે જેહ, ધરે વેર દેવા તે દેહ;
પરમાટીથી હોયે પુષ્ટ, દેતાં વેર સહે બહુ કષ્ટ. ૨૩
આળસના વ્યસની કહેવાય, ભીખ માગતા તે જન થાય;
કરે નહીં સારો ઉદ્યોગ, બગડે દેહ ભોગવે રોગ. ૨૪
જેને અંગે આળસ હોય, પગ બાંધીને બેસે સોય;
ગપો ભરેલી વાતો કહે, પરનિંદામાંહે મન રહે. ૨૫
બુદ્ધિ બગડે આળસ માંય, રળવાનું સૂઝે નહિ કાંય;
તજે વ્યસન તે સુખિયો થાય, છોટમ સાચો કહે ઉપાય. ૨૬

भक्तना एकवीस नियम.

ચયા યત્ન કરી નર દેહ, દીધો જગકર્તાયે એહ;
તેને ભજે નહિ જે લોક, તેને અંતે જાણી શોક. ૧
કોઇ આચારજ કહે છે એમ, ભજતા નથી બ્રહ્મને કેમ;
તેને ઉત્તર કહે ગમાર, અમને પળ ન મળે પરવાર. ૨
કેઇ વેળાએ ભજિયે હરી, વળતી મૂઢ કરે મશકરી;
નવરા જન તે પ્રભુને ભજે, ભક્ત થયે શું કારજ સજે. ૩
એવા અજ્ઞાની જન ઘણા, છે વિચાર અવળા તે તણા;
પ્રીતિ ધનદારા પર ધરે, કર્त्तापर તેવી નવ કરે. ૪
ચોરે ચકલે બેસે તેહ, પરનિંદા મુખ ભાખે એહ;
વેશ્યા ભાંડ ભવાયા રમે, તેનાં ટીખળ મનમાં ગમે. ૫
ઊંઘે નહિ એવા કામમાં, ઝાઝા છે એવા ગામમાં;
બ્રહ્મ કથા કીર્ત્તન જ્યાં થાય, ત્યાં તો ઊંઘે કે અળસાય. ૬
એવા આસુર જીવ અજાણ, બોલે કઠિણ વચન જયમ બાણ;

Scanned by CamScanner

ભલા ભક્ત જગમાં જે હોય, તે તો એવું ન કહે કોય. ૭
આચારજની પાસે જાય, સુણતાં જ્ઞાન કૃતારથ થાય;
નિયમ કહે તે પાળે સહુ, તેના ભેદ હવે હું કહું. ૮
પ્રથમ નિયમ તે પાળે એહ, રાખે શુદ્ધ વસ્ત્ર મન દેહ;
શૌચ નામ તેનું કહેવાય, બાહ્ય અને અભ્યંતર થાય. ૯
બાહ્ય મૃતિકા જલથી બને, આભ્યંતર થાયે શુદ્ધ મને;
ત્રીજો નિયમ વસ્તુ જે હોય, જાણો દેહ લગી છે સોય. ૧૦
મુવા પછી નવ આવે સાથ, આવે ધર્મ કર્યો જે હાથ;
માટે ધર્મ પાળવો ધીર, સત્સંગે મળશે તે વીર. ૧૧
બીજો સુસંગ કરવો ત્યાંય, ધર્મજ્ઞાન મળે છે જયાંય;
ધર્મજ્ઞાનહીન જે હોય, તજવો સંગ અસાધુ સોય. ૧૨
દુર્વ્યસની પાપી દુર્મતિ, ધર્મજ્ઞાન સજે નહિ રતી;
વેદ વિપ્રને બોલે ગાળ, તજો સંગ જાણી ચાંડાળ. ૧૩
ચોથો નિયમ દયા જાણીએ, હિંસા કરવી નહિ પ્રાણિયે;
કોઇ પ્રાણીને પીડા થાય, સુજને તેમ ન કર્મ કરાય. ૧૪
જીવ તણો કરવો ઉપકાર, એવો ધર્મ સર્વથી સાર;
પંચમ નિયમ જાણિયે જયેષ્ટ, વેદ શાસ્ત્ર સદ્ગ્રંથો શ્રેષ્ટ. ૧૫
સદા તેજ ભણિયે જાણિયે, નિત્ય પાઠ કરવો પ્રાણિયે;
વેદો નારાયણ સાક્ષાત, જેનો મહિમા છે પ્રખ્યાત. ૧૬
પહિલો રચિયો વિશ્વવિલાસ, પછી વેદનો કર્યો પ્રકાશ;
વેદ વિશ્વતણો કાયદો, માને તેને છે ફાયદો. ૧૭
બ્રહ્મ વચન તે બ્રહ્મ સ્વરૂપ, અર્થ ગ્રહે ફળ લહે અનૂપ;
છઠ્ઠો નિયમ જાણવો એહ, સુખ દુખાદિ સમ જાણો તેહ. ૧૮

Scanned by CamScanner

ઇડા પિંગળા નાડીમાંય, ચંદ્ર સૂર્યનાં બિંબો ત્યાંય;
મધ્ય સુષુમ્ણા નાડી વહે, તેમાં સ્થાન અગ્નિનું કહે. ૩૧
તેમાં છે આત્માનો વાસ, તેજપુંજનો પરમ પ્રકાશ;
પરમાત્મા પણ પાસે રહે, કોઈ જ્ઞાની જન તેને લહે. ૩૨
આત્મા પરમાત્માને ધ્યાય, કોટિ જન્મનાં પાતક જાય;
કર્મ નૈમિત્તિક વરણ્યાં જેહ, આવે અવસર કરવાં તેહ. ૩૩
સહુ સંસ્કાર આદિ છે જેહ, અતિ આદરથી કરવાં તેહ;
મોક્ષકામના જે મન ધરે, સર્વ કર્મ બ્રહ્માર્પણ કરે. ૩૪
અર્પ્યાં કર્મ બ્રહ્મને જેહ, ફરી ન તે ઉપજાવે દેહ;
નદી જેમ સાગરમાં મળે, છોટમ જ્ઞાની બ્રહ્મમાં ભળે. ૩૫

भक्तना एकवीस नियम.

૨૨ રાખો જો મન સવે, એકાદશમો કહું છું હવે;
સજ્જન સંગતિ કરવી નિત્ય, સારા નરની એ છે રીત્ય. ૧
નિયમ બારમો કહું છું સહી, મિથ્યા ભાષણ કરવું નહીં;
ધર્મ જ્ઞાનના ગ્રંથો જેહ, જોવા સાંભળવા પણ તેહ.
નિયમ તેરમો જો મન ધરો, માતતાત ગુરૂ સેવા કરો;
સતી વિપ્ર ધાર્મિક વિદ્વાન, તેનું કરવું નહિ અપમાન. ૩
વેદ ધર્મ પ્રતિપાદક હોય, તારે છે આચારજ સોય;
માટે તેનું કરિયે માન, તેથી રીઝે છે ભગવાન. ૪
નિયમ ચૌદમો પાળે જેહ, ભક્તિ કરતાં ડગે ન તેહ;
જગમાં જે આસુર જન હોય, ભક્તો દેખી નિંદે સોય. ૫
તેના શબ્દ સુણીને કાન, તજવું નહિ ભક્તિ ને જ્ઞાન;
મૂઢ ઘૂડનો એક સ્વભાવ, અંધકાર કરવાનો ભાવ. ૬
એવા કાગ કળીમાં ઘણા, વિરલા હંસ હશે હરિ તણા;

Scanned by CamScanner

વેશ્યા સતીપર રાખે વેર, મૂર્ખ કરે પંડિત શું ઝેર. ૭
દુર્જન એમ ભક્તને દમે, પ્રભુ કીર્ત્તન તેને નવ ગમે;
આસુર જનનો એવો દ્વેશ, ભકતો ધર્મ તજે નહિ લેશ. ૮
નિયમ જેહ પંદરમો કહે, તેને વિરલા ભકતો ગ્રહે;
જીવ જાણવા પ્રભુના અંશ, બ્રહ્માથી ચાલ્યો છે વંશ. ૯
માટે દયા દીનપર કરો, સારા નરનાં સંકટ હરો;
સહુ પ્રાણીને સુખ જયમ થાય, એવો કરવો સદા ઉપાય. ૧૦
ભૂખ્યાને ભોજન દો વીર, તરષાને દો નિર્મળ નીર;
કાદવમાં કળિયો જન હોય, બળથી બાહર કરવો સોય. ૧૧
એવો ધર્મ વસે ઉર જદા, પ્યારો લાગે પ્રભુને તદા;
નિયમ સોળમો કહુ છું સાર, જૂઠો ન કરવો અહંકાર. ૧૨
પ્રાણી જાણી આપ સમાન, દયા રાખિને દેવું માન;
કરે માની જન બહુ અભિમાન, તેથી દૂર રહે ભગવાન. ૧૩
દેશતણા અભિમાની કોય, ગણે દેશિને વાહાલો સોય;
પરદેશી શું રાખે દ્વેષ, રાગ ભર્યા તે રહે હમેશ. ૧૪
પંથતણા અભિમાની જેહ, નિજપંથીને માને તેહ;
દ્વેષ કરે પરપંથી તણો, મનમાં રાગ ભર્યો છે ઘણો. ૧૫
એવા જે અભિમાની હોય, સમદર્શી કહિયે નહિ સોય;
રાગદ્વેષમાં મૃત્યુ થાય, તે જન અધમ દેહમાં જાય. ૧૬
નિયમ કહે સત્તરમો સાર, ચોરી કરવી નહિ લગાર;
ઉદ્યોગે ઉપજે ધન જેહ, વરામાંહિ વાપરવું તેહ. ૧૭
કરે લાંચ ગ્રહી અન્યાય, કોઇ ઠગવાનો કરે ઉપાય;
ખાત્ર પાડીને ઘર ધન હરે, લુંટ કોય વનવગડે કરે. ૧૮
કોય કરે વસ્તુમાં ભેગ, લે ધન ઉપજાવી ઉદ્વેગ;
જુઠા લેખલખી ધન હરે, બહુધા દુષ્ટ અનીતિ કરે. ૧૯

Scanned by CamScanner

એ સહુ ચોરીના છે ભેદ, તે તજવાને કહે છે વેદ;
નિયમ અઢારમો છે સાર, કેફ કર્મ તજવું નિર્ધાર. ૨૦
કેફી વસ્તુને જન જમે, તેનું મન તો ચોદિશ ભમે;
મદ્યપાન નિત્યે જે કરે, થોડા વયમાં તે નર મરે. ૨૧
નિયમ ઓગણીસમો છે જેહ, ધર્મ પાળવો આણી નેહ;
વૈદિક ધર્મ આદ્ય છે એક, તેજ પાળવો ધારી ટેક. ૨૨
પરનો ધર્મ પાળવો નહીં, જેમાં બહુલ અનીતિ રહી;
નિયમ વીશમાની એ વાત, કર્ત્તા બ્રહ્મ ભજો સાક્ષાત. ૨૩
પ્રભુસ્વામીને હું છું દાસ, એમ રાખવો દૃઢ વિશ્વાસ;
હું સૃષ્ટિ સ્રષ્ટા છે નાથ, એમ સમજવું છે મન સાથ. ૨૪
ભક્તિ ભાવ રાખીને એમ, પ્રભુ ભજવો આણી અતિ પ્રેમ;
નિયમ એકવીસમો જે કહે, બ્રહ્મસાયુજ્યમુક્તિપથ ગ્રહે. ૨૫
સગુણ ઉપાસન કહિયે જેહ, ચિત્તશુદ્ધિનું કારણ તેહ;
નિર્ગુણ બ્રહ્મ ઉપાસન કરે, તે નર નહિ ભવમાં અવતરે. ૨૬
બ્રહ્મધ્યાન ને બ્રહ્મ વિચાર, લાગે બ્રહ્મવિષે એક તાર;
બ્રહ્મજ્ઞાન યથારથ હોય, જીવ બ્રહ્મમાં મળશે સોય. ૨૭
આ હું જીવ અને આ બ્રહ્મ, ગુરૂમુખથી સમજે એ મર્મ;
મનમાં મનન કરે નર જેહ, નિશ્ચય થાય જાય સંદેહ. ૨૮
વળતી ધારે બ્રહ્મનું ધ્યાન, દેહતણું છૂટે અભિમાન;
તેને ધ્યાતાં તન્મય થાય, પુનઃ તેહ ધરે નહિ કાય. ૨૯
સરિતા જયમ સાગરમાં જાય, અંતે તેહ બ્રહ્મમય થાય;
બ્રહ્મસાયુજ્ય મુક્તિ એ કહી, છોટમ તે સુખ પામે સહી. ૩૦

ચાર પ્રલય વિષે.

લક્ષ પ્રલય કહે છે ચાર, જન્મ્યા તે જાશે નિર્ધાર;
માટે શોક ન કરશો કોય, નાશવંત તે સ્થિર નવ હોય. ૧

Scanned by CamScanner

નિત્ય પ્રલય પહિલો કેહેવાય, જન્મેલા જન તેમાં જાય;
નિત્યે ચોરાશી લખ દેહ, જન્મેલા વણસે છે એહ. ૨
મોતતણો છે એવો માર, તોપણ ખળ નવ કરે વિચાર;
બીજો બ્રાહ્મ પ્રલય કેહેવાય, બ્રહ્માનો દિન પૂરો થાય. ૩
શયન કરે બ્રહ્માજી જદા, નાશ ત્રિલોકી પામે તદા;
જીવો ધર્માધર્મ સમેત, વિધિતનુમાં જઈ રહે અચેત. ૪
જન્યપ્રલય ત્રીજો કહેવાય, પ્રકૃતિ આદિ ઉપજેલાં જાય;
બ્રહ્માદિક સ્થાવર લગ દેહ, જાયે જન્યપ્રલયમાં તેહ. ૫
સર્વ મૂળતત્વોનો નાશ, છેલો એક રહે અવિનાશ;
મહાપ્રલય છે એનું નામ, જેમાં રહે એકલો રામ. ૬
આત્યંતિક ચોથો લય જેહ, જ્ઞાનવંત નર પામે તેહ;
યોગભક્તિ આદિક જે કરે, પ્રભુપદમાં તે નર સંચરે. ૭
જીવ બ્રહ્મમાં એકજ થાય, આત્યંતિક લય તે કહેવાય;
મોક્ષ નામ તેને મુનિ કહે, ભેદવાદી જન ભેદજ ગ્રહે. ૮
ચાર પ્રકારે સહુ લય થાય, મોટો મહાપ્રલય કહેવાય;
માટે વિસ્તારી તે કહુ, સભ્ય જનો સાંભળજો સહુ. ૯
સત્વહીન સહુ પ્રાણી થાય, મહાપ્રલય સાધે જગરાય;
પ્રથમ પવનને આજ્ઞા કરે, તે બ્રહ્માંડ વિષે બહુ ફરે. ૧૦
ધૂળ ઉરાડે પાડે ઝાડ, વકર્યો વાયુ કરે અનાડ;
લોકચક્ષુમાં ધૂળ ભરાય, તનુધર આકુળ વ્યાકુળ થાય. ૧૧
વાયુકેરા ઘર્ષણ વડે, પ્રકટે અગ્નિ તે બહુ નડે;
બારે સૂરજ સાથે તપે, તાપે સ્થળચર જલચર ખપે. ૧૨
પૃથ્વી ઉપરનું જળ જેહ, સૂર્યકિરણ ખેંચી લે તેહ;
બળેલ છાણું જેવું હોય, થાયે તત્ક્ષણ પૃથ્વી સોય. ૧૩

Scanned by CamScanner

જળનો જન્મ ઘામથી થાય, બારે મેઘ સાથે ઉપજાય;
મૂષળધાર મેઘની નડે, ઝબઝબ બહુ વીજલિયો પડે. ૧૪
મેઘગર્જના ભીષણ થાય, કરા પડે ત્યાં નહિ ઉપાય;
ગ્રામ નગર ઘર પડતાં જાય, એકાર્ણવમાં ભૂમિ સમાય. ૧૫
ખાર ગળે છે જળને જેમ, જળમાં ભૂમિ વિલાયે એમ;
વળતી અગ્નિ જળને દહે, અગ્નિ સમૂળો વાયુ ગ્રહે. ૧૬
વાયુનો લય નભમાં થાય, અહંકારમાં તે અલપાય;
અહંકાર બુદ્ધિમાં જાય, મૂળપ્રકૃતિમાં બુદ્ધિ સમાય. ૧૭
પ્રકુતી પુરૂષ બે જોડે મળી, પરમેશ્વરમાં જાયે ભળી;
પરમેશ્વર સદ્ચિદ સુખરૂપ, રહે એકલો અંતે ભૂપ. ૧૮
આદ્યઅંતમાં રહે એકલો, મધ્યે વિશ્વ રચે છે ભલો;
છોટમ તેને ભજશે જેહ, નિત્યાનંદ પામશે તેહ. ૧૯

બ્રહ્મ સંબંધ વિષે.

વવા વિષ્ણુ સઘળે વસે, જડશે જેને ગુરૂગમ હશે;
સહુમાં સોહં બોલે તેહ, ગુરૂગમથી ઓળખાએ એહ. ૧
જીવો સઘળા તેના અંશ, વેદ સાંખ્યથી જાણો વંશ;
જે અંશો પ્રભુ ભૂલી ગયા, અહં દેહરૂપી તે થયા. ૨
જડ અનિત્ય અપવિતર દેહ, અંગરખા જેવો છે એહ;
તે હું એવું જાણે અંધ, નગુરાને નહિ બ્રહ્મસંબંધ. ૩
જીવ અંશ પ્રભુનો કેહેવાય, અહં પ્રતીતિથી ઓળખાય;
ચેતનરૂપ અહં છે જેહ, જડતનુસાથ જડાયુ તેહ. ૪
કીધું પંચવિષય રસ પાન, તેથી ભૂલ્યો છે નિજ ભાન;
માની દેહ પોતાનું આપ, ઘણાં કમાય પુણ્યને પાપ. ૫
મરે અવતરે જ્યાં જ્યાં દેહ, જીવ રમે તે સાથે તેહ;

Scanned by CamScanner

પૂર્વજન્મકૃત જે જે હોય, ધરી દેહ ભોગવે સોય. ૬
ચોરાશી લખ તનુમાં ફરે, કોઈ વેળા માણુસ તનુ ધરે;
આપે તરવાને જો ચા'ય, આચારજની પાસે જાય. ૭
આચારજ આપે ઉપદેશ, દેખાડે કર્ત્તા સર્વેશ;
બ્રહ્મસંબંધ તેને કહેવાય, કલેશ સર્વ તનમનના જાય. ૮
આપ જાણિ જાણો પરમેશ, ઉર અજ્ઞાન રહે નહિ લેશ;
જીવ અને જડના જે ધર્મ, તેથી રહિત સદા નિઃકર્મ. ૯
ગગનવિષે છે તેનો વાસ, સહુનો સાક્ષી કરે તપાસ;
ફળ આપે પ્રભુ કર્મ સમાન, રાગદ્વેષરહિત ભગવાન. ૧૦
આજ્ઞા માને સઘળા દેવ, સોંપ્યું કામ કરે તતખેવ;
અગ્નિ અર્ક પ્રકાશિત કરે, જનસુખદાયક વાયુ કરે. ૧૧
તેના ભયથી કંપે કાળ, ડરતા સર્વ રહે દિગપાળ;
ઇંદ્રાદિક સહુ દેવ સમાજ, કરે સર્વ આજ્ઞાથી કાજ. ૧૨
વિધિસર જેને પાળે હરી, મુમુક્ષુ માને આજ્ઞા ખરી;
મૂકે નહિ સાગર મર્યાદ, પંડિત કરે વેદના વાદ. ૧૩
એવો સમરથ ઇશ્વર જાણ, કહે વેદ તે સત્ય પ્રમાણ;
બે સુપર્ણ સરખા છે સખા, એક વૃક્ષપર રહે છે રખા. ૧૪
એકે કીધો ફળનો આહાર, બીજો તો નજરે જોનાર;
થયો ખાનારો નિર્બળ જંત, જોનારો મોટો ભગવંત. ૧૫
જીવ ઇશ બે પંખી પાસ, એક દેહપર કરે નિવાસ;
જીવે કર્યો કર્મ ફળ આહાર, ઇશ્વર છે તેનો જોનાર. ૧૬
ફળ ખાનારો પામ્યો બંધ, જોનારો ઉગર્યો નિર્બંધ;
મદ્યપાન સમ વિષયો બધે, ચાખે તેને લાલચ વધે. ૧૭
લાલચમાં લેવાયો જાય, આશાપાશવિષે બંધાય;
ભોગ પામવા સહુથી સરે, રાજસ દેવ ઉપાસન કરે. ૧૮

Scanned by CamScanner

ભૂલો પડી ભમે ભવપંથ, સુણે નહિ ઉપનિષદ ગ્રંથ;
ધૂત્તા, મતમાં ધાયો જાય, વિત્ત ખોઇને આપ બવાય. ૧૯
ધૂત્તા પ્રભુનો ન કહે પંથ, જુગતી જોડી બાંધે ગ્રંથ;
પ્રભુનો વેશ ધરી પૂજાય, ભોળાજન તે સદા ઠગાય. ૨૦
આપનામનો આપે જાપ, તેણે ન ટળે ત્રિવિધ તાપ;
જેને સદ્‌ગુરૂ સાચા મળે, તેના સઘળા સંશય ટળે. ૨૧
કર્ત્તાને મેળાવે તેહ, ધન્યધન્ય ધાર્યો નર દેહ;
વાઘ સુત વિછડયો જયમ હોય, અજસંગે અજ માને સોય. ૨૨
તેને કોઇ મેળવે તાત, એવા આચારજ વિખ્યાત;
છોટમ ઉપનિષદના જાણ, આચારજ કહે તે પરમાણ. ૨૩

मुमुक्षु विषे.

શશા સર્વ તણો કર્ત્તાર, તેનો મહિમા લહે અપાર;
જેની ઇચ્છા કિંચિત થાય, તેણે કોટિ બ્રહ્માંડ રચાય. ૧
સરજે પાળે ને સંહરે, અદ્‌ભુત રચના ઇશ્વર કરે;
આદ્ય અંત્ય મધ્યે છે એક, ઇચ્છાથી રચે અંડ અનેક. ૨
નથી જીવની પેઠે કલેશ, કર્મવિપાક અડે નહિ લેશ;
સહુ સરજેલી વસ્તુ જેહ, નાશવંત છે સઘળી તેહ. ૩
ઈશ્વર એક સદા અવિનાશ, મહિમા સઘળે રહ્યો પ્રકાશ;
નિત્યે ભકતોનાં ભય હરે, સહાય સુખ સેવકને કરે. ૪
જાણે મહિમા પ્રભુનો જેહ, સાચા ભક્ત જાણવા તેહ;
ભજે પૂર્ણ આણીને પ્રેમ, કરે કામ રીઝે પ્રભુ એમ. ૫
નાસ્તિક વિન જગલોક અપાર, ભક્તિ કરે અનેક પ્રકાર;
કોય વિષયસુખરાગી જંત, ભજે વિષય માટે ભગવંત. ૬
સુખની પ્રાપ્તી જ્યારે થાય, ત્યારે પ્રભુને વિસરી જાય;
કોય સુખ મળે વિસરે નહીં, સ્મરે સદા ઉપકારી કહી. ૭

Scanned by CamScanner

કોય ધનતણું અર્થે ભજે, મળે ધન પછી ભક્તિ તજે;
કોય ધનપતી હોયે ઘણા, તોય ભક્ત બને પ્રભુ તણા. ૮
કોય ધનને વિષય સુખમાંય, ભજે તૃપ્ત થયેલા ત્યાંય;
આત્માનું કલ્યાણજ ચા'ય, સુકૃત કરે ઇશગુણ ગાય. ૯
પ્રભુને કરે સમર્પણ સોય, ફળ આશા નવ રાખે કોય;
રાજ ત્રિલોકીનું દે કોય, તેની ઈચ્છા ધરે ન તોય. ૧૦
મુમુક્ષુ છે એવાનું નામ, આત્મારામ પૂર્ણ મનકામ;
અર્પે પ્રભુને સુકૃત સદા, પુનર્જન્મ પામે નહિ કદા. ૧૧
સુખની તૃષ્ણા જે જન ધરે, વારંવાર તે જન અવતરે;
ઈશ આપવાનું કહે કાંય, ઇચ્છા નહિ તેની મનમાંય. ૧૨
પ્રભુજી ભક્તતણા પ્રતિપાળ, સર્વ ઠામ રાખે સંભાળ;
પ્રભુને કહે છે રમાનિવાસ, સર્વ લક્ષ્મિયો તેની પાસ. ૧૩
વસે ભક્ત તણા ઉરમાંય, સર્વ લક્ષ્મિયો આવે ત્યાંય;
યોગ ક્ષેમ ભક્તનું જેહ, પૂર્ણ કરે છે ઈશ્વર તેહ. ૧૪
સાચા ભક્ત બ્રહ્મના હોય, માગે નહિ તે સુખથી સોય;
ભક્તિ કરી સુખ માગે જેહ, માગણ ભક્ત જાણવા તેહ. ૧૫
નશ્વર વિશ્વપદારથ ચા'ય, પરાભક્તિ ચિંતામણિ જાય;
કરે ભક્તિ જે સુખને માટે, પારસ ખુવે કોડીને સાટે. ૧૬
કાચા ભક્ત સ્વારથી જેહ, ભજે સ્વારથ માટે જન તેહ;
સ્વારથ પોતાનો જો સરે, પછી મૂઢ પ્રભુને વીસરે. ૧૭
કાઢે કોય ભક્તનો વેશ, ભક્તિ નહિ અંતરમાં લેશ;
લહે નહિ પ્રભુનો મહિમાય, રાસતણાં કીર્તનિયાં ગાય. ૧૮
પારખે નહીં જૂઠ ને સાચ, રત્ન ગમાવી સંઘરે કાચ;
વિરચે કોય પંથનાં ધામ, માળામાં લે તેનું નામ. ૧૯
કોય ડાટી ઘાલેલાં પ્રેત, પ્રભુ જાણી પૂજે ધરિ હેત;

Scanned by CamScanner

ભજે ભુવાને પામર કોય, સાચું જુઠું ન લહે સોય. ૨૦
ભમેલ ભકતો કરે ઉપાસ, તે જોઇ દેવ કરે બહુ હાસ;
પ્રભુવિન અન્ય ભજે છે જેહ, દેવોના પશુ જાણો તેહ. ૨૧
જાણિ શકે નહિ પ્રભુ મહિમાય, તે નરને પામર કહેવાય;
વિશ્વ રચે જે ઇચ્છાવડે, એવા પ્રભુ વિરલાને જડે. ૨૨
બને કોય નાસ્તિક નર એમ, જાર વિષે અંગારો જેમ;
નાસ્તિક વચન સુણે જે નરો, જડે ન મારગ તેને ખરો. ૨૩
ભરમાવ્યા જે જન ભરમાય, નહિ કલ્યાણ તેમનું થાય;
પૂર્વ પુણ્ય જેમને હોય, સાચા ગુરૂ પામે જન સોય. ૨૪
તારણ તરણ નાવસમ તેહ, સાચો પ્રભુ દેખાડે એહ;
વેદ ભણેલ વિપ્ર જે હોય, કેહે છોટમ તારે ગુરૂ સોય. ૨૫

भवतरण विषे.

ષષા પુરૂષ પ્રકૃતી કહેવાય, તેના ઉપજે ઘાટ સકાય;
એ બેહુનો કર્त्ता પરમેશ, સદ્ચિદ આનંદરૂપ ગુણેશ. ૧
પ્રથમ કર્યાં કોટિ બ્રહ્માંડ, તેમાં પ્રાણિમાત્રના પિંડ;
એક પુરૂષ ને બીજી નારી, તેની જોડ બનાવી સારી. ૨
એક એકથી ઉત્પન્ન થાય, ખેલ અખંડિત રચે અકાય;
પ્રભુનું આદિ પુરૂષ છે નામ, પ્રજા તેહની લોક તમામ.
વેદતણો છે કર્ત્તા એહ, માટે આદિ ગુરૂ છે તેહ;
ખટ ભગ છે માટે ભગવંત, સેવે વેદ ઉપાસક સંત. ૪
યશ ઐશ્વર્ય ધમ ને રમા, જ્ઞાન વિરાગ ખટ ભગ અનુક્રમા;
જગ રચવાને ઇચ્છા કરી, પ્રભુએ નારાયણ તનુ ધરી. ૫
વળતી બ્રહ્માદિકને કર્યાં, અનેક સદ્ગુણ તેમાં ધર્યાં;
એ દેવોની સેવા થાય, સગુણ ઉપાસન તેને કહેવાય. ૬

Scanned by CamScanner

પહિલું સગુણ ઉપાસન કરે, વળતી નિર્ગુણમાં ચિત્ત ધરે;
સગુણ ઉપાસનનો મહિમાય, ચિત્તશુદ્ધિ બહુ એથી થાય. ૭
ઉપાસના નિર્ગુણની જેહ, મોક્ષતણું કારણ છે એહ;
સહુથી પ્રિય પ્રભુજીને કરે, તે નર ભવસાગરને તરે. ૮
પહિલું પ્રિય તે ધન કહેવાય, જે માટે બહુ કામ કરાય;
ધનથી સુત નારી પ્રિય કરે, તે માટે બહુ ધન વાવરે. ૯
સુત નારીથી પ્રિય નિજ દેહ, તે જાતાં ન જવા દે તેહ;
બળતાં દાવાનળમાં હોય, તેમાં બીજા પડે ન કોય. ૧૦
તનુથી ઇંદ્રિયસુખ પ્રિય કહે, તે માટે દેહે દુખ સહે;
તપ કરી કાયા શોષણ કરે, સ્વર્ગ ભોગ ઇચ્છા મન ધરે. ૧૧
પ્રિય ઇંદ્રિયથી આત્મા એક, જીતે ઇંદ્રિય કરી વિવેક.
આત્માને તારે જન કોય, ઇંદ્રિયને જીતે જન સોય. ૧૨
આત્માનું સુખ કહે અખંડ, શોકાદિકથી થાય ન ખંડ;
પ્રભુને આત્માથી પ્રિય કરે, તે જન તેની ભક્તિ ધરે. ૧૩
દૃષ્ટ પદારથનું નહિ ભાન, ભાવે આરાધે ભગવાન;
જેનું મન પ્રભુજીમાં વસ્યું, માગે નહિ પ્રભુ પાસે કશું. ૧૪
નદિયો અર્ણવ મળવા જાય, એમ ભક્ત પ્રભુ સન્મુખ થાય;
ઉદ્ધારે આત્માને તેહ, પુનઃ ભવમાં ન ધરે દેહ. ૧૫
જે આત્મા ઉદ્ધારે નહીં, આત્મઘાતિ તે જાણો સહી;
નિર્જન જળમાં બુડે જાણ, તેને તારી શકશે કોણ. ૨૬
આપતણો તારક છે આપ, અન્યથકી ન ટળે પરિતાપ;
તરવાનાં સાધન જો કરે, તો તે ભવસાગરને તરે. ૧૭
જનકાદિક વેત્તા જન થયા, તે ભવસાગરને તરિ ગયા;
પુણ્યતણું સાધન સતકર્મ, પાપતણું તો કહે વિકર્મ. ૧૮
સત્કર્મે જન સુખિયા થાય, પાપ કરે તે બહુ પીડાય;

Scanned by CamScanner

માટે તરવા કરો ઉપાય, પ્રીતે આરાધો જગરાય. ૧૯
કરે ભક્તકૃત રણુનો મોડ, માટે તે છે શ્રીરણુછોડ;
નિરાકાર વિભુ એક સહાય, લીલાથી સાકારજ થાય. ૨૦
નટની પેઠે ભવિનો ભૂપ, એક અનેક ધરે છે રૂપ;
અનેક રૂપ ભજે બહુ લોક, છોટમ એક ભજે જન કોક. ૨૧

अविनाशी सुख विषे.

સસા સુખના ત્રણ્ય પ્રકાર, તેમાં મોક્ષસુખ કહે છે સાર;
પહિલું મર્ત્યલોક સુખ કહે, બીજું દેવલોકનું લહે. ૧
ત્રીજું મોક્ષતણું સુખ સહી, તેમાં કાંઇ બાધક છે નહીં;
મર્ત્યલોકનું સુખ છે જેહ, દુઃખે ગ્રસ્ત થયું છે તેહ. ૨
સુખ પાછળ દુઃખ ચાલ્યું જાય, તેમાં ખટ ઉર્મી દુઃખ થાય;
ભૂખ તરસ શોક ને મોહ, જરા મરણ એ ખટ સંદોહ. ૩
એ ખટ ઉર્મીનાં દુઃખ કહે, દેહવંત પરવશ થઇ સહે;
રોગથકી જન બહુ પીડાય, અસાધ્યનો નવ થાય ઉપાય. ૪
કામ ક્રોધ લોભ મદ ગર્વ, હર્ષસહિત ખટ શત્રુ સર્વ;
શરીરમાં એ કરી પ્રવેશ, મતિ વિવેકનો ટાળે દેશ. ૫
મિત્ર થઇ આત્માના એહ, કામ કરે શત્રુ થઇ તેહ;
જેને વિષય અતીશે ગમે, ભમાવેલ તે આત્મા ભમે. ૬
જૂઠાને માની લે સાચ, રૂપું જાણી લે જેમ કાચ;
સ્વભાવથી મન ચંચળ કળે, તેમાં ખટ શત્રુ જઇ મળે. ૭
પાપ મનોરથ ઉપજે ઘણા, જેવા થાય સાપના કણા;
અતિ આરંભ કરે છે રાય, ભાવી બંધ ન દેખે કોય, ૮
વળી નડે ખટ ભાવ વિકાર, દેહવંતને દુઃખ અપાર;
જન્મ સ્થિતિ વૃદ્ધી પરિણામ, ક્ષય વિનાશ ખટ એનાં નામ. ૯

Scanned by CamScanner

ખટ વિકાર દેહના થાય, એ પણ દુઃખરૂપ કહેવાય;
વેઠે ત્રિવિધ તાપ તનુ માન, મૂર્ખ તોય ન તજે અભિમાન. ૧૦
તન મનને દુઃખ જે જે થાય, આધ્યાત્મ તાપ પહિલો કહેવાય;
ભૂત અને ભૌતિકથી જેહ, બને આધિભૌતિક દુઃખ તેહ. ૧૧
દેવકોપથી દુઃખ જે હોય, આધિદૈવિક ત્રીજું સોય;
એ ત્રય દુઃખ તે ત્રૈવિધ તાપ, પામે તેજ કરે જે પાપ. ૧૨
માટે મર્ત્યલોક સુખ જેહ, દુઃખે ગ્રસ્ત થયેલું તેહ;
એવું જાણે છે જન કોય, દેવલોક સુખ ઇચ્છે સોય. ૧૩
દેવલોકનું સુખ કહેવાય, દુઃખવડે તે ગ્રસ્ત ન થાય;
સુખ લોભી જન જે જે હોય, દેવલોક સુખ ઇચ્છે સોય. ૧૪
કરે ઉપાસન દેવોતણું, યાગ વિષે ધન ખરચે ઘણું;
અંતે દેવલોકમાં જાય, દેવતણી પામે તે કાય. ૧૫
દિવ્ય નારિયોને ત્યાં વરે, વન ઉપવનમાં સુખમાં ફરે;
અમૃત પી આનંદી થાય, મદથી મત્ત રહે નિજ કાય. ૧૬
અહિં જે પુણ્ય કરેલું હોય, જાઇ ભોગવે સ્વર્ગે સોય;
પુણ્ય ક્ષીણ થાય છે જદા, મર્ત્યલોકમાં પાડે તદા. ૧૭
સુખની આશા અધિકી ધરે, જીવ કર્મ વશ તે શું કરે;
એમ ઉભયલોક સુખ જેહ, અંતે નાશ થાય છે તેહ. ૧૮
એવું જાણે છે જન કોય, અવિનાશી સુખ ઇચ્છે સોય;
કહ્યું મોક્ષસુખ ત્રીજું તેહ, વેદ કહે અવિનાશી એહ. ૧૯
કરી પુણ્ય બ્રહ્માર્પણ કરે, મનમાં ફળ આશા નવ ધરે;
મર્ત્ય દેવલોક સુખ જેહ, સ્વપ્ને પણ ઇચ્છે નહિ તેહ. ૨૦
કરે બંધ પાપનાં દ્વાર, ભવસાગર તરવા નિર્ધાર;
ભૂમી સ્વર્ગતણું દે રાજ, તોપણ તે ઇચ્છે શા કાજ. ૨૧

Scanned by CamScanner

મનમાં મુક્ત થવાની આશ, નિત્ય કરે છે બ્રહ્મ ઉપાસ;
એવા નર વિરલા જગમાંય, ભરમ્યા તે ભવ તરે ન કાંય. ૨૨
અપાર મોક્ષતણું સુખ હોય, બ્રહ્માનંદ કહે છે સોય;
મહાભક્ત પ્રભુજીનો જેહ, છોટમ તે સુખ પામે તેહ. ૨૩

मुक्तात्मा विषे.

હહા હરિના ભકતો હોય, મહા મોક્ષ સુખ પામે સોય;
બીજા ભવમાં ભટકયાં કરે, ચોરાશી લખ તનમાં ફરે. ૧
વારંવાર ધરે અવતાર, ખાય પાપથી જમના માર;
પ્રભુના ભક્ત હોય જગ માંય, પ્રભુ અપરાધ કરે નહિ કાંય. ૨
મુક્ત પાપથી તે નર થાય, જીવનમુક્ત નરો કહેવાય;
તજી દેહ બ્રહ્મમાં જશે, વિદેહ મુક્ત તતક્ષણ થશે. ૩
ભક્ત અભક્ત સમાન જણાય, સર્વ કામ કરતા દેખાય;
પણ એમાં છે અંતર ઘણો, જયમ ભૂચર ખેચરમાં ભણો. ૪
જ્યારે ચોદિશ લાગે લાય, ત્યારે ખેચર ઉડી જાય;
ભૂચર રહે ભૂમિ છે ત્યાંય, બળી જાય છે પાવક માંય. ૫
કર્મ બંધનાં ભક્ત ન કરે, માટે ભવદુ:ખને તે તરે;
ઘરમાં રહી કરે ઘરકામ, પણ અંતરમાં પ્રભુનું નામ. ૬
જનકાદિક બહુ રાજા થયા, વસિષ્ઠાદિ ઋષિજન બહુ કહ્યા;
કરતા બ્રહ્મ ઉપાસન એહ, જ્ઞાની ભક્ત ગણાયા તેહ. ૭
સુકૃત જ્ઞાની કરે સદાય, ફળ આશામાં નવ બંધાય;
આત્મા પાપમુક્ત જયમ થાય, એવો જ્ઞાની કરે ઉપાય. ૮
પાપકર્મ અજ્ઞાની કરે, બહુ આસક્તી તેમાં ધરે;
જ્ઞાની અજ્ઞાનીમાં ભેદ, જાણે જે જન જાણે વેદ. ૯
પતિવ્રતા નારી જયમ હોય, જ્ઞાનીમાં વિચરે છે સોય;

Scanned by CamScanner

સત્ય ન ચૂકે મનથી જેમ, ભવમાં વિચરે જ્ઞાની તેમ. ૧૦
સ્ત્રીપુત્રાદિક ભેળા રમે, પણ અંતરમાં ઈશ્વર ગમે;
વાહન ઉપર બેશી ફરે, વસ્ત્રાભૂષણ અંગે ધરે. ૧૧
પણ તેમાં આસક્ત ન થાય, અંતરમાં વાહાલો જગરાય;
ભક્ત ચતુર્વિધ જગમાં હોય, ગીતામાં વર્ણ્યા છે સોય. ૧૨
આર્ત્ત ભક્ત પહેલો કહેવાય; દુઃખ ટાળવા પ્રભુને ગાય;
સુખ વેળાએ પ્રભુને તજે, ધર્મ બ્રહ્મ સમજે નહિ રજે. ૧૩
બીજો જિજ્ઞાસુ કહેવાય, ઈચ્છા પ્રભુ ભજવાની થાય;
આચારજ પાસે જઇ જેહ, પામે બ્રહ્મજ્ઞાનને તેહ. ૧૪
અર્થાર્થી ત્રીજો નીપજે, તે ધન કાજે પ્રભુને ભજે;
માગ્યું ધન પ્રભુ આપે જદા, વીસારે છે પ્રભુને તદા. ૧૫
ચોથો ભક્ત જ્ઞાની જન હોય, પ્રભુ જાણી આરાધે સોય;
માયા ને માયી ગુણ જેહ, વિવેકથી સમજે છે તેહ. ૧૬
કલેશી ગુણ માયાના સહુ, ઈશ્વર ગુણ આનંદી બહુ;
એવું જાણી ઇશ્વર ભજે, કલેશવંતને મનથી તજે. ૧૭
માટે જ્ઞાની ચોથો શ્રેષ્ઠ, બીજા ભક્તો કહ્યા કનિષ્ઠ;
ઇશ્વરની ઇશ્વરતા લહી, ભજે ઇશને તે જન સહી. ૧૮
મોટો જ્ઞાનીનો મહિમાય, પુણ્યવંત નર જ્ઞાની થાય;
અનંત ફળ ભકિતનું કહે, સઘળું સત્ય ભકિતમાં રહે. ૧૯
સાચા ભક્ત વિરલા જગમાંય, બહુમાં પાખંડોની છાંય;
સાચો ભક્ત હોય તે તરે, જૂઠા ચોરાસી લખ ફરે. ૨૦
માટે સત્ય ભક્ત જન થાઓ, જગકર્તાનાં કીર્त્તન ગાઓ;
તેની કરો ભાવથી સેવ, છોટમ સુખદાયક છે દેવ. ૨૧

Scanned by CamScanner

દોહા.

અક્ષરમાળા ગ્રંથમાં, વેદ ધર્મનો સાર;
શ્રુતિ સ્મૃતીનો અર્થ લઇ, પ્રકટ કર્યો નિર્ધાર. ૧
વાત ધર્મની જાણવા, યોગ્ય આર્યને જેહ;
અક્ષરમાળા ગ્રંથમાં, કહિ સંક્ષેપે તેહ ૨
શ્રદ્ધાથી જે જન સુણે, વળતી કરે વિચાર;
ધર્મ અને પરબ્રહ્મનું, ઉપજે જ્ઞાન અપાર. ૩
કોઈ શાણા શ્રદ્ધા ધરી, વાંચી વિચારે અર્થ;
ધર્મ બ્રહ્મના જ્ઞાનમાં, તે જન થાય સમર્થ. ૪
જીવ અને માયાતણો, છે પ્રભુકર્ત્તા એક;
તેણે નિજ ઇચ્છા વડે, રચના રચી અનેક. ૫
આરાધે તે દેવને, તો મુક્તિફલ થાય;
ઇત્યાદિક આ ગ્રંથમાં, કહ્યો ધર્મ મહિમાય. ૬
મૂળ ખરો આર્યો તણો, વેદધર્મ છે એક;
ભેદ વાદિયોએ કર્યા, કલ્પી ભેદ અનેક. ૭
ભેદવાદની વારતા, સત્ય ન ગણશો કોય;
ધર્મબ્રહ્મ બહુધા બકે, લડે પરસ્પર સોય. ૮
અક્ષરમાળા નામનો, આ છે રૂડો ગ્રંથ;
વેદશાસ્ત્ર આશય કહ્યો, નહિ કોઈ લીધો પંથ. ૯
ગરૂઆ ગુર્જર દેશમાં, સોજીત્રાની પાસ;
ગામ મલાતજ ગુણ ભર્યું, તેમાં કરૂં નિવાસ. ૧૦
સંવત વિક્રમરાયનો; ઓગણિસે છવ્વીસ;
ગ્રંથ રચ્યો આ શ્રાવણે, સફલ કરો જગદીશ. ૧૧

સમાપ્ત.

Scanned by CamScanner

ભારતીય બંધુઓને અપીલ.

'यस्मिन् जीवति जीवन्ति बहवः सतु जीवतु
काकोऽपि किंन कुरुते चंच्वा स्वोदर पूरणम् ॥

હિતોપદેશ.

'જે માણુસના જીવવાથી ઘણા માણુસોનું જીવન ચાલે છે તે માણુસ જીવતો રહો. નહિ તો કાગડો પણ ચાંચ વડે પોતાનું પેટ શું નથી ભરતો?'

આર્ય સજ્જનો! જાગ્રત થાવ! કાળ રાક્ષસ કરાલ મૂખે પૂરપાટ ધસી આવે છે. આ વિકાળ દૈત્ય ત્હમારાજ હજારો બંધુઓનું હમણાંજ ભક્ષણ કરશે. ખબરદાર! જરા પણ વિલંબ થતાં ત્હમારાં ભાઈભાંડુઓનું રૂધિર તે ચસચસાવી ચુશી જશે. અને હાડપીંજરવત્ તેઓ ત્હમારાજ રક્ષણના અભાવે ત્હમારી ઉપર તિક્ષ્ણ કટાક્ષ ફેંકતાં, તથા હાયહાયના નિઃશ્વાસથી ઉષ્ણ-જ્વાળા વરસાવતા પ્રાણત્યાગ કરી દેશે. આવા નિરાશ્રીતોની હાય વરાળ ખરેખર આખા દેશને ધીકાવશે!

અરેરે! કેવું ભયંકર દ્રશ્ય!! દુષ્કાળ રૂપી ક્રુર રાક્ષસે આવધી કરવા માંડી છે. ગુજરાત રૂપી નવ પલ્લવિત વાડીને તે ઉજ્જડ ખંખ જેવું ભયંકર જંગલ કરી નાખે છે! તેનાં ગરી-બડાં બુલબુલો (નિરાશ્રીતો) કળકળાટ કરી મૂકી પથ્થરવત્ છાતીઓને પણ ચીરી નાંખે છે. આમ છતાં પણ તેમનું

Scanned by CamScanner

કોણુ બેલી ! વિના રક્ષણે તેઓ તરફડી તરફડી મૃત્યુનું શરણુ લે છે. સંત વિના કોણુ સહાય કરે ! પ્રભુનાં એ વ્હાલાં બાળકોને પ્રભુજ સહાય આપે. સંત પુરૂષો એ પ્રભુનાજ સેવકો છે. પ્રભુની આજ્ઞાથી તેઓજ સહાય કરવા યોગ્ય છે, એટલાજ માટે હે, આર્ય સંતો ! જાગ્રત થાવ !

શાસ્ત્રો કહે છે કે અધર્મની વૃદ્ધિ થતાં પરિણામે દુઃખજ આવી પડે છે. દુષ્કાળ, રોગ, જંગલી અને ઝેરી પ્રાણીઓનો ત્રાસ એ સર્વ અધર્મનું ફળ છે. પરમાત્માનો એમાં શો હેતુ હશે ? મનુષ્ય અજ્ઞાનતાને લીધે ધર્મને બદલે પાપ કરે એટલામાં આવું ભયંકર ફળ શોભે ? કદાપિ નહિ ! પરંતુ એજ શાસ્ત્રો કહે છે કે દુઃખ એ પણ સુખનું સાધન છે. દુઃખજ સુખ આપશે અને દુઃખ પ્રાણ પણ લેશે ! દુઃખ એ પણ મહા અજબ ચીજ છે ! વિકરાળ કાળ દુઃખજ દેવા આવે છે, અરે, આપણને ખેદાન મેદાન કરવા આવે છે. તે ગૌબ્રાહ્મણનો પણ ત્રાસજનક રીતે સંહાર કરશે તો બીજાનો શો આશરો ! છતાં આ વિકરાળ રાક્ષસને જીતાય તો તેજ સુખ આપશે !

દુષ્કાળ રૂપી રાક્ષસને જીતાય તો તે સુખ આપશે. એ શબ્દોથી ભડકવાનું કારણુ નથી. રાક્ષસો તો હાર્યાજ વળે છે, વાર્યા નથી વળતા ! આ સિદ્ધાન્તની ખાત્રી કરવી હોય તો મેદાનમાં આવો ! દુષ્કાળ રૂપી રાક્ષસની ચોટમાંથી ત્હમારાં બાંધુઓને ખેંચી લો અને બદલામાં ત્હેના મ્હોંમાં

Scanned by CamScanner

ફાચડો મારો! નિડર રહો! રાક્ષસ કરતાં ત્હમારામાં સહસ્ત્ર ઘણું બળ છે, તે માટે વિશ્વાસ રાખો અને યુદ્ધ કરો! આ વિશ્વાસે ઇશ્વરી બળ પણ ત્હમારામાં આવશે! રાક્ષસ તરતજ પરાજય પામી ત્હમારૂંજ શરણુ લેશે! સર્વત્ર આનંદ આનંદની હેલી થશે. જો ત્હમે ત્હમારાજ બળ માટે અવિશ્વાસુ રહી, ભીરૂ બની કર્તવ્ય વિમુખ થશો તો તો ખરેખર સત્યાનાશજ વળી જવાનું! દૈવ કોપ પૂરો થવાનો!!

દૈવ કોપ એ શું? એનુંજ નામ ઈશ્વરી કોપ? ઇશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથીજ દુષ્કાળ રૂપી રાક્ષસ ધસી આવે છે! હજી તે ધસ્યો આવે છે તેજ સૂચવે છે કે હજી સમય છે! છતાં ભીરૂ બન્યા તો સંહાર થવાનોજ. દેવ તેજ દૈત્ય બનવાના! દૈત્યને દેવ બનાવવા માટે દયા, દાન અને પ્રેમ જોઇએ. આ દયા દાન અને પ્રેમ તે બીજા કોઇ માટે નહિ પણ ત્હમારાજ ભાંડુઓ માટે જોઇએ છીએ.

બંધુઓ! સહન કરવું એમાંજ સાધુતા છે! સુખીને તો સહન કરવાનું હોયે કયાંથી? પરંતુ સુખી પણ સહન કરતાં શીખે તોજ રાક્ષસ જીતાય. દુઃખીને તો દુઃખ સહન કરવાનું છેજ, પરંતુ સુખીએ બીજાના દુઃખે દુઃખી થઈ તથા દુઃખીને પોતાના સુખનો ભાગીદાર બનાવી સહન કરવાનું છે. આમ કરે તેજ સાધુ! સાધુ જગતનું કલ્યાણ કરે તે આનું નામ!

સાધુની સાધુતા એટલામાંજ નથી સમાતી! દુઃખી પણ

Scanned by CamScanner

સાધુ થઇ શકે છે. અરે સાધુના પણ સાધુ થઇ શકે છે! દુઃખીને દુઃખ તો સહન કરવાનું છેજ પરંતુ એટલીજ સહનશીલતાથી સંતોષ પામવાનો નથી! દુઃખી પણ બીજાના દુઃખે દુઃખી થઇ તેના દુઃખમાં ભાગ પડાવી આનંદ માણે તેમાંજ ખરી સાધુતા છે! આ સાધુતા વડેજ જગતનાં દુઃખ ટળી શકે છે! ભાગવતમાં વર્ણવેલા ભરતવંશીય રતિદેવ રાજા પોતાના રાજ્યમાં દુષ્કાળ પડવાથી પોતાનું સર્વસ્વ આપી દઇ જાતે ઉપવાસી રહેતો હતો! રાજા છતાં પણ તે શું ખાય? પરના રક્ષણ માટે તેને પોતાના દેહની કાંઇ પણ પરવાહ નહોતી. એક વખત ઘણા દિવસે અડધો રોટલો અને પાણી મળી આવતાં અને તેનો ગ્રાસ કરવાની તૈયારી કરતાંજ તેની આગળ ઉપરા ઉપરી ભુખ્યા ભિક્ષુકો આવી ચઢયા તેમને તે પણ આપી દીધું! વળી એટલામાં કોઇ તરસ્યો આવ્યો તો તેને પણ પોતે તૃષાતુર રહી પાણી આપી દીધું!! આમ આપતાં આપતાં આનંદમાં આવી રતિદેવે કહ્યું કે, મ્હારે નથી જોઇતી અષ્ટ સિદ્ધિ કે નથી જોઇતો મોક્ષ! સર્વ જગતમાં દુઃખ મ્હારામાં આવે અને જગત સુખી થાય તેવું જોઇએ છીએ. આથીજ મ્હારી ભૂખ અને તરસ જતી રહેશે! આનું નામ તે દયા પ્રેમ અને દાન! આવા દાનના પ્રતાપેજ દુષ્કાળ રૂપી રાક્ષસ માર્યો જાય છે. ભારતનું અવિચળ ગૌરવ આ દાનના પ્રતાપેજ સુરક્ષીત છે!

આર્યો! આવા સાધુઓ બનો! દાન કરો! દયાળુ બનો—સર્વ દુઃખી પ્રત્યે પ્રેમી બનો! આમ નહિ કરો તો વિપરીતજ

Scanned by CamScanner

થવાનું. મ્હમારામાં દયા અને દાનશીલતા હશે તો તે મ્હમારા દુઃખી બંધુઓમાં પણ આવશે; એટલે દુઃખનો નાશ થવાનોજ! આમ નહિ બને તો દુઃખી મનુષ્ય કરૂણા રહીત થઇ જશે. ભૂખ્યો મનુષ્ય પુત્ર સહીત સ્ત્રીને પણ તજી દે છે, ભૂખી સર્પણી પોતાનાં ઈંડાંને પણ ખાઈ જાય છે. ભૂખ્યો શું પાપ ન કરે? ભૂખથી ક્ષીણ થયેલામાં કરૂણા ક્યાંથી રહે? કરૂણાનો નાશ થતાં સર્વત્ર નાશ થવાનો! માટે બંધુઓ જાગૃત થાવ!

જાગૃત થાવ! देयमार्तस्यशयनं स्थित श्रान्तस्य चासनम् ।
तृषितस्य चपानीयं क्षुधितस्य च भोजनम् ॥

દુષ્કાળ રૂપી રાક્ષસના કોપથી રોગી થયેલા મનુષ્યને સૂવાનું આપો—દવા આપો. દુષ્ટના પંજામાંથી છટકી નાશી આવેલા થાકેલા મનુષ્યને આસન આપો; તરસ્યાને પાણી પાવ અને ભૂખ્યાને ભોજન આપો. હે દાનવીરો! આમ આપવાથી, દુઃખીને સહાય કરવાથી કદી પણ ખૂટી પડવાનું નથી! સાધુ પુરૂષના ઘરમાંથી અન્ન, ભૂમી, પાણી અને પ્રીય વાક્ય કદી પણ ખૂટતાં નથી. દાનથી તો તેની વૃદ્ધિ થતી રહેશે. સાધુતા એજ જગતનું ઐશ્વર્ય છે.

દાનવીરો! દુષ્કાળ હાલમાં ભારત ભૂમી પર ચઢી આવ્યો છે! તેના થોડા ઘણા પટાવતો તો આ દેશમાં આપણી નિર્બળતાનો લાભ લઈ કાયમના સ્થાન કરી રહ્યા છે, તેમાં આ ખાસ હુજુરની સ્વારીના સમાચાર સાંભળી ભારત ભૂમી ખળભળી રહી છે. સર્વત્ર આર્ત સ્વરો કાનને બ્હેર મારી નાખે છે. દ્રશ્ય

Scanned by CamScanner

ભયંકર છે ! આમાં પણ ગુજરાત—કાઠિયાવાડ પરની સ્વારી તો અનાવૃષ્ટિનો લાભ મળવાથી વધુ ભયંકર થઇ પડશે. કાઠિયાવાડ, ખેડા જીલ્લો, અમદાવાદ જીલ્લો, પંચમહાલ વિગેરે ફળદ્રુપ પ્રદેશો પણ વેરાન થઇ પડયા છે. ના. સરકાર તેમજ શ્રીમંતો આ દુઃખના નિવારણ માટે ચિંતાતુર બન્યા છે. આ સર્વ યોગ્ય હોઇ તે થશે પરંતુઃ—

આબરૂદાર નિરાશ્રીતોને ન ભૂલી જવાય તેની ખાસ સંભાળ રાખવાની છે.

કુલવાન કુટુંબોના કરૂણાજનક અવાજ પરોપકારાર્થે નીકળેલી અનાથાશ્રમ જેવી સંસ્થાઓ સુધી કદાપિ પણ પહોંચી શકશે નહિ. તેઓ તો બિચારા નશીબ પર હાથ દઈ પોતાના ઘરની ચાર ભીંતો વચ્ચેજ ઝુરી ઝુરી મરવાના ! આવાં માતાપિતા પોતાનુંજ રક્ષણ ન કરી શકે તો બિચારાં અવાચ્ય ન્હાનાં બાળકોનું કોણ રક્ષક ! ચઢતી પડતી સર્વની હોય છે, તો એક વખતનાં ગર્ભશ્રીમંત કુટુંબો જે અત્યારે અન્ન વસ્ત્ર વગર તરફડે છે તેમને સહાય કરવી એ સર્વ કોઈની ફરજ છે. આવાંને શોધીને તેમના કુલ ધર્મ અને આબરૂનું રક્ષણ કરીને ગુપ્તપણે તેમના રક્ષક બનવું, જગતની નજરથી દૂર રહી તરફડતાં આ નિરાશ્રીતોને સહાય

Scanned by CamScanner

કરવી એ પરમપૂન્યનું કામ છે. આવાં આબરૂદાર નિરાશ્રીતોના રક્ષણ માટેજ હાલ નડિયાદમાં એક

હિંદુ નિરાશ્રીત ફંડ

કાઢવામાં આવ્યું છે. આ ફંડમાંથી આબરૂદાર કુટુંબનાં નિરાશ્રીતોને કે જેઓ ગુપ્ત રીતે નિર્ધનતાનું દુઃખ સહન કરતાં હોય, તેમની શોધ કરી તેમને અન્ન વસ્ત્ર અને દવા આદિની ગુપ્ત સહાય આપવામાં આવે છે. આ પ્રકારની સહાય હાલમાં બસો (૨૦૦) ઉપરાંત માણસોને આપવામાં આવે છે. ગામેગામ અને ખુણે ખાંચરે જ્યાં ત્યાં આવાં નિરાધારોને પોતાનાં બાળ બચ્ચાં સહીત ભૂખનાં માર્યા કલ્પાંત કરતાં કોણે નથી સાંભળ્યાં ? હજારો એવાં નિરાશ્રીતો છે કે જેની હૃદય દ્રાવક સ્થિતિની કલ્પના કરતાં કંપારી છુટે છે. આ સર્વને બચાવવા **મોટા ફંડની** અનિવાર્ય અગત્ય છે. દાનવીરો ! શું આપને આ દયાજનક દૃશ્ય જોતાં દયા નહિ આવે ? ખરેખર ! આપનું હૃદય પીગળવુંજ જોઈએ, અને તેમાંથી દયાનું પવીત્ર ઝરણુ વહેવું જોઇએ. આ ઝરણુ આપણા કંગાળ બંધુઓને અમૃત પાન કરાવી સજીવન કરતું જોઇ આપનો આત્મા કેવો શાન્ત થશે ! પરમાત્માની કૃપાના પણ આપ કેવા મહત્ ભાગી થશો ! બંધુઓ ! પરમાત્માની કૃપાના પાત્ર બનો અને અન્ય બંધુઓને બનાવો; આપનાજ ભાંડુઓને મૃત્યુના કરાલ મુખમાંથી છોડાવી પ્રાણુદાતા બનો ! આવા નિરાધારોના આધાર થવું એનાથી શ્રેષ્ટ એક પણ ઈશ્વર

Scanned by CamScanner

પૂજન નથી. આપ ઈશ્વરના સાચા પૂજારી બની પૂર્વજોના યશ અને ઉચ્ચ ચારિત્રના આદર્શને વધુ ઉજવળ બનાવો. નડીઆદના હિંદુ નિરાશ્રીત ફંડને હૃષ્ટ પુષ્ટ કરવા માટે તન મન ધનથી સહાય આપો. આપની સહાયથીજ સેંકડો કુલવાન કુટુંબોનું રક્ષણ થશે અને તેઓ અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપશે કેઃ—

"જેના જીવવાથી ઘણા મનુષ્યોનું જીવન ચાલે છે તે ઘણું જીવો."

શ્રી નડીઆદ હિન્દુ નિરાશ્રીત ફંડનો હીસાબ પ્રત્યેક ઇંગ્રેજી માસની શરૂઆતમાં પ્રગટ કરવામાં આવે છે. જેમાં ચાર આના અને વધુ દાન આપનાર ગૃહસ્થોનાં નામ જ્હાર પાડવામાં આવે છે.

લી. સેવકો,

તા. ૧–૯–૧૧. ચંદુલાલ નંદલાલ દેસાઈ

સુળજીભાઈ હરીવલવદાસ કાસરવાળા

સેક્રેટરીઓ-હિન્દુ નિરાશ્રીત ફંડ-નડીઆદ.

Scanned by CamScanner